બફય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**ઓગષ્ટ-૨૦૨૫**

સફરુલ્ મુઝફ્ફર - રબીઉલ્ અવ્વલ
હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૨, અંક : ૮, સળંગ અંક : ૨૫૯



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR



**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |



: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ૧૫૦૦મો જશ્ને મીલાદુન્નબી ﷺ સૌને મુબારક | 04 |
| 02 | મુલ્કે અરબના હાલાત અને નબી ﷺનું આગમન | 06 |
| 03 | મુસ્તફા ﷺના દુનિયામાં આગમન વેળાના બનાવો | 14 |
| 04 | યાદગાર મનાવવી શરીઅતની રૂએ કેવું છે ? | 19 |
| 05 | મીલાદ મનાવવું સહાબાથી આજ સુધી અહલે સુન્નતનો તરીકો છે. | 22 |
| 06 | ઈદે મીલાદુન્નબી ﷺમાં શું જાઈઝ શું નાજાઈઝ | 26 |
| 07 | દુરૂદે પાક એક અઝીમ ઈબાદત | 32 |
| 08 | નબી પાક ﷺના શરીરને પડછાયો ન હતો | 36 |
| 09 | ફઝાઈલે દુરૂદો સલામ તથા વાંધાના જવાબો | 41 |
| 10 | શાને ઈમામુલ અંબિયા બ ઝબાને અંબિયા علیہم السلام | 46 |


★ ★ ★

# દોનોં આલમકે સરકાર આ જાઈએ

***અઝ : રઈસુલ કૃલમ અલ્લામા અર્શદુલ કૃાદરી رحمۃ اللہ علیہ***

બહરે દીદાર મુશ્તાક્ હે હર નઝર, દોનોં આલમકે સરકાર આ જાઈએ
ચાંદની રાત હે ઔર પિછલા પહર, દોનોં આલમકે સરકાર આ જાઈએ
સિદરતુલ મુન્તહા અર્શ વ બાગે ઈરમ, હર જગહ પળ ચુકા હે નિશાને કૃદમ
અબ તો ઈકબાર અપને ગુલામોં કે ઘર દોનોં આલમકે સરકાર આ જાઈએ
જલ્વાગર સામને પયકરે નૂર હો, મુન્કિરોંકા ભી સરકાર શક દૂર હો
કરકે તબદીલ ઈક દિન લિબાસે બશર, દોનોં આલમકે સરકાર આ જાઈએ
તા અબદ અપની કિૃસ્મતપે નાઝાં રહે, ખાક હો જાએ ફિર ભી ફિરોઝાં રહે
દિલકી બઝ્મે તમન્નામેં ઈક બાર અગર, દોનોં આલમકે સરકાર આ જાઈએ
આખરી વકૃત હે ઈક બીમારકા દિલ મચલને લગા શૌકૃ દીદારકા
બુઝ ન જાએ કહીં યહ ચિરાગે સહર, દોનોં આલમકે સરકાર આ જાઈએ
આજ મહશરમેં મહબૂબકી ધૂમ હે, શાને ઈઝ્ઝો કરમ સબકો માલૂમ હે
યૂં લુટાતે હૂએ રહમતોં કે ગોહર, દોનોં આલમકે સરકાર આ જાઈએ
શામે ગુર્બત હે ઔર શહરે ખામોશ હે, એક 'અર્શદ' અકેલા કફનપોશ હે
ખૌફ કી ઘળી વકૃત હે પુર ખતર, દોનોં આલમકે સરકાર આ જાઈએ

# 1500 મો

# જશ્ને મીલાદુન્નબી ﷺ સૌને મુબારક !!

**તંત્રી લેખ.....**

અલ્લાહ તબારક વ તઆલાનો બેહદ ફઝ્લો એહસાન કે તેણે તેના પ્યારા હબીબ નબીયે આખિરુઝ્ઝમા ﷺની૧૫૦૦મી મીલાદ શરીફ મનાવવાની આપણને તૌફીક્ અતા કરી. અલ્હમ્દુલિલ્લાહ ! આ મુબારક અવસરની ઉજવણીમાં **બરકાતે ખ્વાજા મંથલી** પણ **"મીલાદુન્નબી ﷺ વિશેષાંક" કુલ પાંચ ભાગોમાં દર મહીને એક ભાગ** પ્રકાશિત કરી બહાર પાડી રહેલ છે, એનો દિલો જાનથી અભ્યાસ કરશો તો નૂરે ઈમાનથી તમારાં દિલો ખીલી ઉઠશે. અને ગૈર પણ દિલથી ઈન્સાફથી આપના જીવન ચરિત્રને વાંચશે તો તેના દિલમાં ઈમાનનું નૂર જગમગી શકે છે. અને એ જ હેતુ આ વિશેષાંકનો છે કે સર્વ ધર્મ તથા ક્ષેત્રના લોકો એનો અભ્યાસ કરે તો પ્યારા નબી ﷺનાં જીવન ચરિત્રથી જરૂર પ્રભાવિત થશે અને ઈસ્લામ વિશેની ગલતફહમીઓ દૂર થશે. ઈન્શાઅલ્લાહ !

*નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ – સિવાયે ઈબ્લીસકે જહાં મેં સભી તો ખુશિયાં મના રહે હૈં*

આ વિશેષાંક (ભાગ–૧) તમારા હાથમાં આવશે ત્યારે સફર મહીનો ચાલુ થશે, અને મુસ્તફા ﷺના શયદાઈઓ મહાન આશિકે રસૂલ, મુજદ્દિદે દીનો મિલ્લત, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના ઉર્સની તૈયારીઓમાં હશે. તો એને અનુલક્ષીને આ ટૂંકા લેખમાં મુસ્તફા જાને રહમત ﷺના સાચા આશિક્ના ઈશ્ક્ની ઝલકીઓને જોતા ચાલીએ. આ'લા હઝરતના ઈશ્કે રસૂલની દાસ્તાન તો ખૂબ લાંબી છે ફક્ત ઝલકીઓ એકાદ બે જોઈ લઈએ. ઈશ્ક્ તો આવો હોવો જોઈએ ! શું કહે છે આ'લા હઝરત ?!

*અય ઈશ્ક્ તેરે સદકે જલનેસે છૂટે સસ્તે–જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હૈ*

★★★

*દિલ હૈ વો દિલ જો તેરી યાદ સે મઅ્મૂર રહા – સર હૈ વો સર જો તેરે ક્દમોં પે કુર્બાન ગયા*

★★★

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખા ગૈરસે કામ – લિલ્લાહિલ હ્મ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા !*

★★★

*તૂબામેં જો સબસે ઊંચી નાઝુક સીધી નિકલી શાખ – માંગૂં નઅતે નબી લિખને કો રૂહે કુદ્સસે ઐસી શાખ*

★★★

*જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા – જિસકો હો દર્દકા મઝા નાઝે દવા ઉઠાએં ક્યૂં*

★★★

*લહદમેં ઈશ્કે રુખે શહકા દાગ લેકે ચલે – અંધેરી રાત સુની થી ચરાગ લે કે ચલે*

*હાં ! હાં ! રહે મદીના હૈ ગાફિલ ઝરા તૂ જાગ – ઓ પાંવ રખનેવાલે ! યે જગા વઝએ સરકી હૈ*

★★★

*કરું મદહે અહલે દોવલ 'રઝા' ! પળે ઈસ બલામેં મેરી બલા !*
*મૈં ગદા હૂં અપને કરીમ કા મેરા દીન પારએ નાં નહીં !*

★★★

*કામ વો લે લીજિયે તુમકો જો રાઝી કરે – ઠીક હો નામે 'રઝા' તુમપે કરોળોં દુરૂદ*

★★★

*યા ઈલાહી ! જબ 'રઝા' ખ્વાબે ગિરાં સે સર ઉઠાએ – દૌલતે બેદાર ઈશ્કે મુસ્તફા કા સાથ હો*

*(વધુ માટે શરહે "હદાઈકે બખ્શિશ" ગુજરાતીમાં જુઓ)*

આ સાચા આશિકના દિલની કૈફિયત છે, આ'લા હઝરતે આમાં ફક્ત કોઈ શાયરીની કલા નથી દર્શાવી બલ્કે સાચો ઈશ્ક પ્રદર્શિત કર્યો છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہનો ઈશ્કે નબી صلی اللہ علیہ وسلمમાં ચૂર આ શેઅર પણ જુઓ :

*યા કાફિલતી ઝીદી અજલક – રહમે બર હસ્રતે તશ્ના લબક*
*મોરા જિયરા લરઝે દરક દરક – તયબહસે અભી ન સુના જાના*

**અર્થાત :** હે કાફલાવાળાઓ ! મારા સાથીઓ ! ખુદાને ખાતર મદીનાનું રોકાણ વધારી દો, કેમ કે તમે મદીનાથી જવાની વાત કરો છો તો મારું દિલ ગભરાયને ધડક ધડક કરે છે અને જાન નીકળી નીકળી જાય છે ! એમાં કોઈ શંકા નથી, કેમ કે જ્યારે આ'લા હઝરત જેવો આશિકે રસૂલ મદીના છોડતો હશે તો તેની વર્ણવેલ હાલત થતી જ હશે. કેમ કે આપણા જેવા નકામા પણ એ સમયે પોતે પોતાને નથી સંભાળી શકતા, તો પછી એ તો આપણા ઈમામ છે ! મદીના મુનવ્વરાને છોડવા તો બાળકો તથા જાનવરો પણ નથી ચાહતાં ! તો પછી આ તો મુજદ્દિદે દીનો મિલ્લત છે એમની આ હાલત કેમ ન થાય ?! સાંભળો !

હઝરત પીર જમાઅત અલી શાહ સાહબ મુહદ્દિષે અલીપુરી رحمۃ اللہ علیہને મદીનામાં એક યતીમ બાળક રડતુ મળ્યું જેનો કોઈ પણ વાલી વારસ ન હતો. આપે ફર્માવ્યું, ચાલ મારી સાથે પાકિસ્તાન ! તને દરેક નેઅમત મળશે. તેણે રડતાં રડતાં રોઝએ પાકની તરફ ઈશારો કરતાં પૂછયું, આ મન્ઝર પણ જોવા મળશે તો ચાલુ તમારી સાથે ?! નહીં તો દુનિયાની બાદશાહીને મદીનાની ફકીરી પર કુર્બાન કરું છું. જ્યારે બાળકોની આ હાલત છે તો ઈશ્કે રસૂલમાં ફના થનાર મુજદ્દિદની આવી હાલત કેમ ન થાય ?!

આજે આપણે "આશિકે રસૂલ" હોવાનો દાવો તો કરીએ છીએ પણ આપણી જિંદગીની રવિશ જાહેર કરી દે છે કે દાવો ફક્ત ઝબાની છે ! વાત ખોટી લાગે તો દિલો દિલ વિચારો કે **આપણે કેટલા સુન્નતે રસૂલ પ્રમાણે, ફર્માને રસૂલ પ્રમાણે આપણી જિંદગીના દિવસ રાત ગુજારીએ છીએ ?!** ખબર પડી જશે કે આપણા ઈશ્કના દાવામાં કેટલું તથ્ય છે ! ઈલ્લા માશા અલ્લાહ ! રબ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمના સદકે આપણને પણ આ'લા હઝરત જેવા આશિકોના ઈશ્કનો છાંટો નસીબ કરે. (આમીન)

# મુલ્કે અરબના હાલાત અને નબી ﷺનું આગમન

રજૂ : મૌલાના મુફ્તી અબ્દુર્રહમાન મિસ્બાહી (મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ

તમે અરબનું નામ સાંભળ્યું હશે. આ દેશ આપણા દેશ ભારતથી દક્ષિણ પશ્ચિમ (નેહઋત્ય)માં આવેલ છે. આ દેશને ત્રણ તરફથી સમુદ્રએ ઘેરેલ છે એટલા માટે તેને "જઝીરાનુમા" અને "જઝીરતુલ અરબ" (અરબદ્વિપ) કહે છે. તેના ઉત્તરમાં શામ તથા ઈરાક, પશ્ચિમમાં "બેહરે અહમર" (રાતો સમુદ્ર) જે મક્કા મુઅઝ્ઝમાથી પશ્ચિમની તરફ લગભગ ૭૭ કિલોમીટરની દૂરી પર છે. દક્ષિણમાં હિંદી મહાસાગર અને પૂર્વમાં ઓમાન તથા ઈરાનનો અખાત છે.

આ દેશમાં ખેતીલાયક જમીનો ઓછી છે અને તેનો વધારે પડતો ભાગ પહાડો તથા રણોમાં ફેલાયેલો છે. ભૂગોળ શાસ્ત્રીઓએ આ દેશની આઠ ભાગોમાં વહેંચણી કરી છે :–

(૧) હિજાઝ (૨) યમન (૩) હઝર મવત (૪) મહરહ (૫) ઓમાન (૬) બેહરૈન (૭) નજદ (૮) અહકાફ

**હિજાઝ** : આ દેશની પશ્ચિમ દિશામાં લાલ સમુદ્ર આવેલ છે જેનાથી લગતા પૂર્વી ભાગને તિહામદ અથવા ગૌર એટલે નીચાણવાળી જમીન કહે છે. તેનાથી પૂર્વમાં હિજાઝ છે અને હિજાઝથી પૂર્વના ભાગને નજદ (ઊંચી જમીન) કહે છે. હિજાઝનો અર્થ છે બે વસ્તુઓ દરમિયાન રૂકાવટ બનવાવાળો. કેમ કે આ ભાગ તિહામહ તથા નજદ (ઊંચી તથા નીચી જમીન)ના વચ્ચે છે એટલા માટે તેને હિજાઝ કહે છે. હિજાઝના નીચે દર્શાવેલ સ્થળો ઈસ્લામના ઈતિહાસમાં બહુ મશ્હૂર છે. મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા, બદ્રે ઉહદ, ખૈબર, ફિદક, હુનૈન, તાઈફ, તબુક, ગદીરે ખુમ વગેરે.

**મક્કા મુકર્રમા** : આ મશ્હૂર શહેર જબલે અબૂ કુબૈસ (અબૂ કુબૈસ પહાડ) તથા જબલે કુઅયકીયાન (કુઅયકીયાન પહાડ) વચ્ચે આવેલ છે. તેની ચારે બાજુ નાના નાના પહાડો તથા રેતાળ મેદાનો દૂર દૂર સુધી છે. આજ શહેરમાં બંને જહાંનના તાજદાર જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પેદા થયા. મક્કા મુકર્રમા તથા તેની આજુબાજુના મશ્હૂર સ્થળો આ છે :–

કા'બા મુઅઝ્ઝમા, સફા, મરવા, મિના, મુઝદલેફા, અરફાત, ગારે હિરા, ગૌર ષૌર, જબલે તન્ઈમ, જિઈર્રાનહ..... વગેરે.

**મદીના મુનવ્વરા** : મક્કાથી લગભગ ૩૨૦ કિલોમીટરના અંતરે ઉત્તરની તરફ મદીના મુનવ્વરા છે. આ પણ અરબનું મશ્હૂર શહેર છે. આ તે જ જગ્યા છે જ્યાં મક્કાથી હિજરત કરી રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને આઝાદ રીતે લોકોને ઈસ્લામની દા'વત આપવાનું શરૂ કર્યું. આ જ શહેરમાં આપ ﷺનું મઝારે મુકદ્દસ છે, જે મસ્જિદે નબવીના અંદર ગુંબદે ખઝરાના નામથી મશ્હૂર છે.

મદીના મુનવ્વરાનું જૂનુ નામ "યષરબ" છે. આપણા નબી ﷺએ ત્યાં હિજરત ફર્માવી ત્યારથી તેનું નામ મદીનતુન્નબી (નબીનું શહેર) થઈ ગયું. પછીથી આ નામ ટૂંકુ થઈ "મદીના"થી મશ્હૂર થઈ ગયું. તેનું એક નામ "તયબહ" પણ છે.

મદીના મુનવ્વરાથી લગભગ સાડા ચાર કિલોમીટર ઉત્તરની તરફ ઓહદ પહાડ છે જ્યાં હક્ક઼ તથા બાતિલની મશહૂર લડાઈ "જંગે ઓહદ" થઈ. તે જ પહાડના દામનમાં હુઝૂર ﷺના કાકા હઝરત હમ્ઝા رضی اللہ عنہનું મઝારે મુબારક છે જે જંગે ઓહદમાં શહીદ થયા હતા.

મદીના મુનવ્વરાથી લગભગ પાંચ કિલોમીટરના અંતરે મક઼ામે કુબા છે. આ જ તે મુક઼દ્દસ જગ્યા છે, જ્યાં હિજરત પછી હુઝૂર ﷺએ રોકાણ કર્યું અને પોતાના હાથ મુબારકથી એક મસ્જિદ તામીર ફર્માવી. જે "મસ્જિદે કુબા"થી મશહૂર છે. ત્યાર બાદ મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા અને મસ્જિદે નબવી તા'મીર ફર્માવી.

મદીના મુનવ્વરાની બંદરગાહ "યમ્બુઅ" છે જે મદીનાથી ૧૧૭ કિલોમીટરના અંતરે લાલ (રાતા) સમુદ્રના કિનારે આવેલ છે.

## ★ અરબની હાલત ★

રસૂલે કરીમ ﷺના તશરીફ લાવ્યા પહેલાં અરબની હાલત ઘણી જ બુરી હતી. જહાલતનો દૌર હતો, મૂર્તિપૂજા આમ હતી. દરેક કબીલાની અલગ મૂર્તિ હતી, ત્યાં સુધી કે લોકો ચાંદ, સૂરજ, પથ્થર, ઝાડ, દરિયા તથા પહાડ વગેરેને ખુદા સમજતા હતા અને પોતાના હાથો વડે બનાવેલી મૂર્તિઓની પૂજા કરતા.

ખાનએ કા'બા જે ફક્ત અલ્લાહ તઆલાની ઈબાદત માટે બનાવાયું હતું તેમાં ૩૬૦ મૂર્તિઓ રાખવામાં આવી હતી. કોઈ વ્યક્તિના અંદર તે મૂર્તિઓ વિરુદ્ધ કાંઈ બોલવાની હિંમત ન હતી.

અરબના લોકો મિજાઝના બહુ સખત હતા. નાની નાની વાત પર લડવા મરવા માટે તૈયાર રહેતા. અને જ્યારે કોઈ જંગ થઈ જતી તો વર્ષો સુધી ચાલતી રહેતી. લોહીની નદીઓ વહેતી અને વંશો સુધી જંગ ચાલુ રહેતી. લોકો મુરદાર ખાતા, શરમ તથા હયા તેમનામાંથી ઉઠી ગઈ હતી. દીકરીના જન્મ પર બહુ નાખુશ થતા. કેટલાક ખાનદાન તો છોકરીઓને મારી નાખતા અથવા જીવતી દફન કરી દેતા. મૂર્તિઓના નામ પર માણસોની કુર્બાનીઓ પેશ કરતા. ઔરતોને બહુ તુચ્છ તથા મનોરંજનનો સામાન સમજતા. બહેનો, માઓ, વહુ તથા દીકરીઓ સાથે શાદી કરી લેતા. એક વ્યક્તિ કેટલીય પત્નીઓ રાખતો અને જ્યારે તે મરી જતો તો તે ઔરતો તેની મિલકતમાં વહેંચાતી. બિભત્સપણુ, ચુગલખોરી, જૂગાર, લૂટમાર તથા જંગ અને લડાઈને કોઈ ઐબ (ખરાબી) ન સમજતા. શરાબ પીવું તેમની જિંદગીનો એક હિસ્સો બની ગયો હતો. તેમનામાં હરામ તથા હલાલનો કોઈ ફરક ન હતો. જંગલી જાનવરોથી પણ બદ્તર તેમની જિંદગી હતી. જાણે કે તે જહાલતના ઘોર અંધારામાં ભટકી રહ્યા હતા.

આ બધી ખરાબીઓના હોવા છતાં તેમનામાં કેટલીક ખૂબીઓ પણ હતી, તે બહાદૂર, શૂરવીર અને તલવારના ધણી હતા. તલવારની છાયામાં જાન અર્પણ કરી દેવી તેમના માટે ફખ્રની વાત હતી. તેઓ વાતના પાક અને વાયદાના સાચા હતા. મહેમાનોની બહુ જ ઈજ્જત તથા તા'ઝીમ કરતા. મહેમાન નવાઝી માટે સારા તથા તંદુરસ્ત ઊંટો ઝબહ કરી દેવાં તેમના માટે મામૂલી વાત હતી. સખાવત તથા બખ્શિશ તેમનામાં કુટી કુટીને ભરેલી હતી.

## ★ હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ علیہما السلام ★

હઝરત ઈબ્રાહીમ علیہ السلام બહુ જ ઊંચી શાનવાળા પૈગંબર થઈ ગયા છે. આપ મુલ્કે ઈરાક઼માં પેદા થયા અને ત્યાં જ મોટા થયા. જ્યારે જવાન થયા તો અલ્લાહ તઆલાએ આપને દીનની

સમજ અતા ફર્માવી, અને નબુવ્વતથી સરફરાઝ કર્યા. તેમના એક પુત્રનું નામ ઈસ્માઈલ علیہ السلام છે. તેમને પણ અલ્લાહ તઆલાએ નબુવ્વત અતા ફર્માવી. તે હઝરત બીબી હાજરા رضی اللہ عنہاના શિકમ (પેટ) મુબારકથી પેદા થયા. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેમને તથા માતાને મક્કા મુકર્રમામાં લાવી આબાદ કર્યા, અને તેમને અરબની જમીન અતા ફર્માવી.

હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બીજા પુત્રનું નામ હઝરત ઈસ્હાક علیہ السلام છે જે હઝરત બીબી સારહ رضی اللہ عنہاના મુકદ્દસ પેટથી પેદા થયા. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેમને મુલ્કે શામ અતા ફર્માવ્યું. હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ત્રીજી પત્ની "કતુરા"ના પેટથી મદયન વગેરે પેદા થયા તેમને આપે યમનનો ભાગ અતા કર્યો.

હઝરત ઈસ્માઈલ علیہ السلامની શાદી કબીલએ "જુરહમ"ની એક હોનહાર ઔરત સાથે થઈ. તેમનાથી ઔલાદ થઈ અને બહુ જ વધી, આબાદ થઈ અને અરબના આસપાસમાં ફેલાઈ ગઈ. આ લોકો પહેલાં તો એક ખુદાની ઈબાદત કરતા હતા અને બધાનો આ જ મઝહબ હતો. પરંતુ થોડાક સમય પછી તેમનામાંથી વધારે પડતા લોકોની અંદર બદલાવ આવી ગયો. તેઓ કુફ્રની નજીક થવા લાગ્યા ત્યાં સુધી કે અલ્લાહ તઆલાની ઈબાદતથી ગાફેલ થઈ મૂર્તિપૂજામાં લાગી ગયા.

હઝરત ઈસ્માઈલ علیہ السلامના બાર (૧૨) પુત્રો હતા. તેમાંથી એકનું નામ "કૈદાર" હતું, તે બહુ જ મશ્હૂર હતા. તેમની ઔલાદ મક્કામાં આબાદ થઈ અને પોતાના બાપની જેમ કા'બા મુઅઝ્ઝમાની ખિદમત કરતા રહ્યા. કા'બાને દુનિયામાં સૌ પ્રથમ મર્કઝે તૌહીદ કહેવાય છે.

કૈદારની ઔલાદમાં અદનાન નામનો એક બહુ જ ઈજ્જત તથા શાનવાળા શખ્સ પેદા થયા, જે પોતાની કૌમના સરદાર હતા. અને અદનાનની ઔલાદમાં થોડાક વંશો બાદ કુસય પેદા થયા, જે બહુ જ શાનો શૌકત તથા જાહોજલાલના માલિક હતા. કુસય બાદ તેમના પુત્ર અબ્દે મુનાફ પોતાના બાપના જાનશીન થયા, તે પણ કૌમના વડા હતા. ત્યાર બાદ તેમના પુત્ર હાશિમ અને તેમના પુત્ર અબ્દુલ મુત્તલિબ એક પછી એક એક જાનશીન થતા રહ્યા. તે જ અબ્દુલમુત્તલિબના પુત્ર અબ્દુલ્લાહ છે જેમના પુત્ર આપણા નબી જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ છે.

## ★ ખાનદાની શરાફત ★

**શજરએ નસબ (વંશવેલો) :** આપણા નબી ﷺનો વંશ પિતાના તરફથી આ પ્રમાણે છે :

હઝરત મુહમ્મદ ﷺ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ, બિન હાશિમ, બિન અબ્દેમનાહ, બિન કુસય, બિન કિલાબ બિન મુર્રહ, બિન કાઅબ, બિન લુઅય, બિન ગાલિબ, બિન ફિહ્ર, બિન માલિક બિન નઝર, બિન કિનાનહ, બિન ખુઝય્મહ, બિન મદરીકહ, બિન ઈલ્યાસ, બિન મુઝર બિન નિઝાર બિન, મઅ્દ બિન અદ્નાન.

અને વાલિદાની તરફથી આ પ્રમાણે છે :–

હઝરત મુહમ્મદ ﷺ બિન આમેના બિન્તે વહબ બિન અબ્દે મનાફ બિન ઝહરદ, બિન કિલાબ, બિન મુર્રહ.

હુઝૂર ﷺ ના માતા પિતાનો વંશ કિલાબ બિન મુર્રહથી ભેગો થઈ જાય છે.

મુલ્કે અરબમાં હિજાઝની અંદર એક બહુજ મશ્હૂર તથા શરીફ ખાનદાન કુરૈશ આબાદ હતું. આપણા નબી ﷺ આજ ખાનદાનના એક કબીલા બનુ હાશિમમાં પેદા થયા.

તમે રસૂલુલ્લાહ ﷺના શજરએ નસબ

(વંશવેલો)માં ફિહ્ર બિન માલિકનું નામ વાંચ્યું તેમનું નામ કુરૈશ હતું. એટલા માટે તેમની ઔલાદને કુરૈશ અથવા કુરૈશી કહેવામાં આવે છે.

ફિહ્ર બિન માલિકને કુરૈશ એટલા માટે કહેવામાં આવે છે કે કુરૈશ એક સમુદ્રિય જાનવરનું નામ છે જે બહુ તાકતવર હોય છે અને સમુદ્રના જાનવરોને ખાય છે એટલે બધા જ જાનવરો પર પ્રભાવ ધરાવનાર હોય છે. અને ફિહરા બિન માલિક પણ પોતાની તાકત તથા બહાદુરીના આધારે અરબના બધા જ કબીલાઓ પર પ્રભાવ ધરાવતા હતા. એટલા માટે તેમનો લક઼બ કુરૈશ પડી ગયો અને એ જ લક઼બથી મશ્હૂર થઈ ગયા.

**હાશિમ** : નબી કરીમ ﷺના પરદાદાનું નામ હાશિમ છે. બહુ ઈજ્જતદાર તથા સારા સંસ્કારવાળા હતા. પોતાના બાપ અબ્દેમનાફના મૃત્યુ બાદ તેમના જાનશીન અને કા'બા શરીફના મુતવલ્લી થયા. તેમનું અસલ નામ ''અમ્ર'' હતું. બહુ જ સખી અને મહેમાન નવાઝ હતા.

એક વખત અરબમાં બહુ જ સખત દુકાળ પડી ગયો. લોકો દાણા દાણાના મહોતાજ થઈ ગયા. હાશિમ મુલ્કે શામથી સૂકી રોટલીઓ ખરીદી હજ્જના દિવસોમાં મક્કા શરીફમાં પહોંચ્યા. અને રોટલીઓનો ચુરો કરી ઊંટના ગોશ્તના સેરવા (રસો)માં ભેગુ કરી તમામ હાજીઓને પેટ ભરીને ખવડાવ્યું. તે દિવસથી લોકો આપને હાશિમ કહેવા લાગ્યા, એટલે રોટલીઓનો ચુરો કરવાવાળો.

હઝરત ઈસ્માઈલ علیہ السلامની ઔલાદમાં જે રીતે કુરૈશ મુમતાઝ હતા, તેવી જ રીતે કુરૈશની ઔલાદમાં હાશિમ મુમતાઝ હતા. તેમનુ મૃત્યુ ૨૫ વર્ષની વયે ''ગઝ્ઝા''માં થયું.

**અબ્દુલમુત્તલિબ** : હાશિમની શાદી મદીના મુનવ્વરામાં બનૂ નજ્જારના ખાનદાનની એક સ્ત્રી સાથે થઈ. તેમનાથી એક બાળક પેદા થયું. જેનું નામ ''શૈબા'' રાખવામાં આવ્યું. પછીથી તે ''અબ્દુલ મુત્તલિબ''ના નામથી મશ્હૂર થયા. આ જ આપણા નબી ﷺના દાદા હતા. બહુ નેક તથા ઈબાદતગુઝાર હતા. ગારે હિરામાં જઈ ખુદાની ઈબાદતમાં લાગેલ રહેતા. તેમની પેશાનીમાં હુઝૂર ﷺનું નૂર ચમકતું હતું. મક્કાવાસીઓ પર જ્યારે કોઈ મુસીબત આવી પડતી તો તેઓ અબ્દુલ મુત્તલિબના વસીલાથી દુઆ કરતા તો દુઆ ક઼બૂલ થઈ જતી. આપની સખાવત એવી હતી કે ઈન્સાન તો ઈન્સાન પક્ષીઓને પણ ખવડાવતા. જેથી આપનો લક઼બ (**مُطْعِمُ الطَّيْرِ**) ''મુતઈમુત્તય્ર'' પડી ગયો એટલે પક્ષીઓને ખવડાવનાર.

દૂર દૂરથી આવેલા હાજીઓને ખાવા, પીવા અને રહેઠાણની સુવિધા તે જ કરતા. એક જબરદસ્ત કામ તેમણે એ કર્યું કે હઝરત ઈસ્માઈલ علیہ السلامના જમાનાનો કૂવો જેને ઝમઝમનો કૂવો કહેવામાં આવે છે. તે લોકોની બેદરકારીના લીધે પૂરાઈ ગયો હતો. જેને સાફ કરાવી લોકો માટે આમ કરી દીધો. આ તે જ કૂવો છે જેનું પાણી બહુ બરકત અને નફાવાળુ છે. જેને હાજીઓ પીએ છે અને તબુર્રકના તૌર પર પોતાના કુટુંબીજનો માટે પણ લાવે છે. હઝરત અબ્દુલ મુત્તલિબ પણ પોતાના પિતાના જાનશીન અને કા'બા શરીફના મુતવલ્લી હતા.

## ★ હઝરત અબ્દુલ્લાહ અને હઝરત આમેના رضی اللہ عنہا ★

હઝરત અબ્દુલ્લાહ આપણા નબી ﷺના પિતા અને હઝરત આમેના આપનાં માતા છે. અબ્દુલ મુત્તલિબના દસ પુત્રો હતા. જેમાંથી પાંચ બહુ વિખ્યાત થયા. હઝરત અબ્બાસ અને હઝરત હમ્ઝા رضی اللہ عنہما ઈસ્લામ લાવવાના લીધે. હઝરત

અબ્દુલ્લાહ હુઝૂર ﷺના પિતા હોવાના કારણે, અબ્દુલ મુત્તલિબ હુઝૂર ﷺની પરવરિશના અને આપની મહબ્બતના કારણે અને અબૂ લહબ હુઝૂર ﷺની દુશ્મનીના કારણે.

હઝરત અબ્દુલ્લાહ હઝરત અબ્દુલ મુત્તલિબના બધા જ પુત્રોમાં સૌથી વધુ પ્યારા હતા. કેમ કે તેમની પેશાનીમાં નૂરે મુહમ્મદી પૂરી શાન અને શૌકત સાથે ઉજ્જવળ હતું. એટલા માટે હુસ્નો ખૂબી અને સીરત તથા કિરદારમાં બહુ જ શ્રેષ્ઠ હતા. કબીલએ કુરૈશની કેટલીય સ્ત્રીઓ તેમનાથી શાદી કરવા ઈચ્છતી હતી પરંતુ અબ્દુલમુત્તલિબ તેમના માટે એક એવી સ્ત્રીની શોધમાં હતા જે ખૂબસૂરત સાથે સાથે ખાનદાન તથા શરાફત અને શરમો હયામાં પણ શ્રેષ્ઠ હોય.

શામના યહૂદીઓએ તેમને કેટલીક નિશાનીઓથી ઓળખી લીધા હતા કે આ જ નબીએ આખિરુઝ્ઝમાં ﷺના પિતા છે. જેથી તેઓ હઝરત અબ્દુલ્લાહના કત્લ કરવા માટે યોજના બનાવવા લાગ્યા. એક દિવસ હઝરત અબ્દુલ્લાહ શિકાર માટે જંગલમાં તશરીફ લઈ ગયા. તેમની પાછળ યહૂદીઓની એક જમાઅત પણ જંગલમાં ગઈ કે કોઈપણ બહાને આજે અબ્દુલ્લાહને કત્લ કરી દેવામાં આવે. પરંતુ અલ્લાહ તઆલાના કરમે તેમને બચાવી લીધા. તેનો બનાવ એવો બન્યો કે એકાએક કેટલાક ઘોડેસવાર નમુદાર થયા જે દુનિયાના માણસોથી એકદમ અલગ હતા. તેમણે યહૂદીઓને મારીને ભગાડી મૂક્યા અને હઝરત અબ્દુલ્લાહને સુરક્ષિત રીતે તેમના ઘર સુધી પહોંચાડી દીધા. ''વહબ બિન મનાફ'' પણ જંગલમાં હતા. તેમણે આ બધુ પોતાની આંખોથી જોયું. જેથી તેમને હઝરત અબ્દુલ્લાહથી બહુ મહોબ્બત અને અકીદત થઈ ગઈ અને ઈરાદો કરી લીધો કે પોતાની નૂરે નઝર ''આમેના''ની શાદી અબ્દુલ્લાહ સાથે જ કરીશ. તેમણે પોતાની આ દિલી તમન્નાને પોતાના દોસ્તો વડે અબ્દુલ મુત્તલિબ સુધી પહોંચાડી. ખુદાની શાન કે અબ્દુલ મુત્તલિબ પોતાના દીકરા અબ્દુલ્લાહ માટે જેવી દુલ્હન શોધતા હતા તે બધી જ ખૂબીઓ આમેના બિન્તે વહબમાં ઉપસ્થિત હતી. અબ્દુલ મુત્તલિબે આ સંબંધને ખુશી ખુશી કબૂલ કરી લીધો અને ૨૪ વર્ષની ઉંમરે હઝરત અબ્દુલ્લાહનો નિકાહ બીબી આમેનાથી થઈ ગયો. નૂરે મુહમ્મદી હઝરત અબ્દુલ્લાહથી હઝરત આમેનાના પેટ મુબારકમાં જલ્વાગર થઈ ગયું. જ્યારે ગર્ભાવસ્થાના બે મહીના પૂરા થયા ત્યારે અબ્દુલ મુત્તલિબે હઝરત અબ્દુલ્લાહને ખજૂરો લેવા માટે મદીના શરીફ મોકલ્યા અથવા વેપાર માટે મુલ્કે શામ મોકલ્યા. ત્યાંથી પરત ફરતી વખતે મદીનામાં પોતાના પિતાના મોસળ ''બનૂ અદી બિન નજ્જાર''માં એક મહીનો બીમાર રહી ૨૫ વર્ષની વયે મૃત્યુ પામ્યા અને ત્યાં જ ''દારે નાબેલગા''માં દફન થયા.

## ★ અસ્હાબે ફીલ ★

અબ્દુલ મુત્તલિબના જમાનામાં યમનના ઈસાઈ બાદશાહ ''અબરહા''એ યમનના પાટનગર ''સન્આ''માં એક શાનદાર ગિરજા ઘર (ચર્ચ) બનાવડાવ્યું અને એની કોશિશ કરવા લાગ્યો કે અરબના લોકો ખાનએ કા'બાના બદલે યમનમાં આવી આ ગિરજા ઘરનો તવાફ કરે. જ્યારે તેની એ ખ્વાહિશ પૂરી ન થઈ તો તેણે ગુસ્સામાં આવી કા'બાને તોડી નાખવા માટે હાથીઓની ફોજ સાથે મક્કા રવાના થયો. અબરહાના લશ્કરીઓએ કુરૈશનાં ઊંટ અને જાનવરો લઈ લીધાં, જેમાં બસો અથવા ચારસો ઊંટ અબ્દુલ મુત્તલિબનાં પણ હતાં. અબ્દુલ મુત્તલિબ અબરહા પાસે પહોંચ્યા અને કહ્યું કે, તમારા સિપાહીઓ અમારા ઊંટ હાંકી લાવ્યા

છે તેને તમે પરત કરી દો ! અબરહાએ કહ્યું, હે મક્કાના સરદાર ! આપે મારાથી થોડાક ઊંટોનો સવાલ કર્યો, પરંતુ કા'બાના વિશે કોઈ વાત ન કરી જેને હું તોડવા આવ્યો છું !

અબ્દુલ મુત્તલિબે કહ્યું, મને તો મારા ઊંટોથી મતલબ છે, કા'બા ખુદાનું ઘર છે, તે પોતે તેની રક્ષા કરી લેશે.

આ સાંભળી અબરહાએ કા'બા પર ચઢાઈ કરવાની પૂરેપૂરી તૈયારી કરી લીધી. પેલી બાજુ અબ્દુલ મુત્તલિબ પોતાના ઊંટ લઈ પાછા ફર્યા અને કુટુંબના થોડા માણસોને લઈ કા'બાના દરવાજા પર આવી ખુદાવંદે કરીમથી તેની સુરક્ષાની દુઆ માગી. ત્યાર બાદ બધાને લઈ પહાડ પર ચઢી ગયા અને મક્કા ખાલી કરી દીધુ. અલ્લાહ તબારક વ તઆલાએ આપની દુઆ કબૂલ ફર્માવી. અબરહાએ જેવો મક્કામાં દાખલ થવાનો ઈરાદો કર્યો અચાનક સમુદ્રની તરફથી ''અબાબીલ'' નામના પક્ષીઓ આસમાનમાં છવાઈ ગયાં, જેમની ચાંચ અને પંજાઓમાં નાની નાની કાંકરીઓ હતી. તે પક્ષીઓએ અબરહાની ફોજ પર તે કાંકરીઓની વર્ષા શરૂ કરી દીધી. જેના માથામાં આ કાંકરી વાગતી તેના શરીરને છેદી હાથીના શરીરની આરપાર થઈ જતી. પરિણામ એ થયું કે અબરહાની ફોજનો એક વ્યક્તિ પણ જીવતો ન રહ્યો. અને તે એ રીતે તબાહ થયા કે તેમના શરીરની બોટીઓ ટુકડે ટુકડા થઈ વિખેરાઈ ગઈ. કુર્આન મજીદમાં આ બનાવ આ રીતે વર્ણન થયેલ છે :–

**તર્જુમો** : ''હે મહબૂબ ! શું તમે ન જોયું કે તમારા રબે હાથીવાળાઓનો શો હાલ કર્યો ? શું તેમનો દાવ તબાહીમાં ન નાખ્યો. અને તેમના પર પક્ષીઓની ટુકડીઓ મોકલી કે તેમને કાંકરીના પથ્થરોથી મારતા તો તેમને કરી નાખ્યા જેમ કે ચવાઈ ગયેલી ખેતીનાં પાંદડાં.''

*(સૂરએ ફિલ, પારા : ૩૦, કન્ઝુલ ઈમાન)*

અબ્દુલ મુત્તલિબે જ્યારે તેમની આ હાલત જોઈ તો ખુશી ખુશી પહાડથી ઉતરી ખુદાનો શુક્ર અદા કર્યો. આ બનાવ પછી અબ્દુલ મુત્તલિબનું માન પહેલાથીય વધી ગયું. અરબના લોકો તે વર્ષને ''આમુલ્ ફિલ'' કહે છે. એટલે કે હાથીઓનું વર્ષ. અસ્હાબે ફિલનો મતલબ થાય છે હાથીવાળા.

## ★ જન્મ અને પરવરિશ ★

તમે અસ્હાબે ફીલનો બનાવ વાંચી લીધો. આ બનાવના પંચાવન દિવસ બાદ આપણા નબી ﷺ ૧૨ રબીઉલ અવ્વલ, ઈ.સ. પ્રમાણે ૨૦ એપ્રિલ ઈ.સ. ૫૭૧ના રોજ ફજરના સમયે સોમવારના દિવસે મક્કા શરીફમાં હઝરત અબ્દુલ્લાહના ઘરે પેદા થયા. બાપ તો પહેલાં જ મૃત્યુ પામી ગયા હતા તે કઈ રીતે પોતાના બાળકને જોઈ ખુશ થતા. દાદા અબ્દુલ મુત્તલિબ બોલાવવામાં આવ્યા. તે વખતે તે કા'બા શરીફનો તવાફ કરી રહ્યા હતા. ખુશખબરી મળતાં ઘરે પહોંચ્યા અને મહોબ્બતમાં પૌત્રને ગળે લગાડી લીધો. ત્યારબાદ ખાનએ કા'બામાં લઈ ગયા અને ખૈર તથા બરકતની દુઆ કરી અને મુહમ્મદ નામ રાખ્યું. આ નામ બહુ વહાલુ હતુ. આ પહેલાં અરબમાં આ નામ નથી રાખવામાં આવ્યું.

સૌ પ્રથમ હુઝૂર ﷺએ અબૂ લહબની લોંડી ''સૂવય્બહ''નું દૂધ પીધું, પછી પોતાની માતાના દૂધથી સૈરાબ થયા. ત્યારબાદ હલીમા સઅદિયહ્ આપ ﷺને પોતાની સાથે લઈ ગયાં અને દૂધ પીવાડતાં રહ્યાં અને તેમની જ પાસે આપે દૂધ પીવાનો સમય વિતાવ્યો.

અરબના માલદાર અને શરીફ ઘરોમાં એ રિવાજ હતો કે તેઓ પોતાના બાળકોને દૂધ

પીવડાવવામા માટે ગામડાઓમાં મોકલી આપતા જેથી ગામડાની સાફ સુથરી અને તાજી આબોહવાથી બાળકો પર તેનો સારો અસર પડે, અને તેમના અખ્લાક઼ પણ સારા થઈ જાય. અને એક જબરદસ્ત ફાયદો એ થતો કે બાળકો સારી ભાષા શીખી લેતા. કેમ કે તે દિવસોમાં સારી અને શુદ્ધ અરબી ભાષા તે લોકો બોલતા જે શહેરથી દૂર ગામડાઓમાં રહેતા. વધુ પડતા શહેરોની ભાષા બહારના વ્યક્તિઓ સાથે મેળમેળાપથી શુદ્ધ અરબી ન રહેતી.

રિવાજ પ્રમાણે ગામડાઓની ગરીબ સ્ત્રીઓ મક્કામાં આવી બાળકોને દૂધ પીવડાવવા લઈ જતી. જે વર્ષે આપણા નબી ﷺ પેદા થયા તે વર્ષે પણ સ્ત્રીઓ આવી. તેઓએ માલદારોના બાળકોને લઈ લીધાં જેથી વધુ બદલો અને ઈનામ મળે. રસૂલે અકરમ ﷺ યતીમ પેદા થયા હતા એટલા માટે કોઈ સ્ત્રી આપના તરફ ધ્યાન ન આપતી.

તે સ્ત્રીઓમાં "બની સઅદ બિન બિક્ર"ની એક સ્ત્રી હલીમા સઅ્દિયા પણ હતાં. તેમને કોઈ બાળક ન મળ્યુ હતું, તેમણે પોતાના પતિ હારિષને કહ્યું કે ખાલી હાથે જવું યોગ્ય નથી, જો તમે પરવાનગી આપે તો આ યતીમ બાળકને લઈ જઈએ. હારિષે પરવાનગી આપી દીધી. ત્યાર બાદ હલીમા સઅ્દિયાએ નબી કરીમને પોતાના ખોળામાં લીધા. હવે શું ? હલીમાનું ઘર રહ્મતો અને બરકતોથી ભરપૂર થઈ ગયું. બંનેએ એકી સાથે કહ્યું, અમારા ઘરમાં જે રોનક નજર આવી રહી છે તે આ દુર્રે યતીમ (યતીમ બાળક)ની જ દેન છે. ખુદાની મરજી કે જે યતીમને તે લેવા ઈચ્છતાં ન હતાં અને એ સ્ત્રીઓએ પણ યતીમીની લીધે છોડી દીધા હતા તે જ યતીમની બરકતથી હલીમા સઅ્દીયાનું નામ એવું રોશન થયું કે ક઼યામત સુધી બાકી રહેશે.

રિવાજ પ્રમાણે બે વર્ષ દૂધ પીવડાવ્યા બાદ હલીમા સઅ્દિયા હઝરત મુહમ્મદ ﷺને તેમની માતાના હવાલા કરવા મક્કા લાવ્યાં પરંતુ તે દિવસમાં મક્કામાં એક જાતનો વ્યાપક રોગચાળો ફેલાયેલો હતો. જેના કારણે તે તેમને લઈ ફરી પોતાના ઘરે પરત આવી ગયાં. આ રીતે લગભગ છ વર્ષ સુધી આપ ﷺ હલીમા સઅ્દીયાની સારસંભાળ (પરવરિશ)માં રહ્યા.

નાનાપણમાં બાળકોને રમવા કૂદવાનો ઘણો શોખ હોય છે, પરંતુ આપ નાની વયે પણ ખેલકૂદ અને લડાઈ ઝઘડાથી બહુ દૂર રહેતા હતા. હા ! કામ કરવામાં બહુ આગળ હતા. બીબી હલીમાના નાનાં મોટાં કામ કરી આપતા અને જંગલમાં પોતાની રઝાઈ (દૂધના સંબંધી) ભાઈઓ સાથે બકરીઓ ચરાવવા પણ જતા.

છઠ્ઠા વર્ષે હલીમા સઅ્દિયાએ નબી કરીમ ﷺને તેમની માતાના હવાલે કરી દીધા. થોડાક દિવસો પછી હઝરતે આમેના આપને લઈ આપના દાદાના મોસાળ "બનૂ અદી બિન નજ્જાર"માં રિશ્તેદારોની મુલાકાત અથવા પોતાના શોહરની ક઼બ્રની ઝિયારત માટે મદીના તશરીફ લઈ ગયાં. સાથે હઝરત અબ્દુલ્લાહની બાંદી "ઉમ્મે અયમન" પણ હતાં. મદીનાથી પાછા ફરતી વખતે "અબ્વા" ગામમાં આપની માતાનું મૃત્યુ થયું અને ત્યાં જ દફ્ન થયાં. હઝરત ઉમ્મે અયમન આપને લઈ મક્કા આવ્યાં અને હુઝૂરને આપના દાદા અબ્દુલ મુત્તલિબના સુપરત કરી દીધા. આપના દાદા બહુ પ્યાર અને મહોબ્બત સાથે આપની પરવરિશ કરતા રહ્યા. જ્યારે આપ ﷺની ઉમર આઠ વર્ષની થઈ તો દાદાનો સાથ પણ માથા પરથી ઉઠી ગયો. ત્યાર બાદ આપના કાકા અબૂ તાલિબે આપની સારસંભાળ કરી. હુઝૂર ﷺની નેક આદતો અને પ્યારી પ્યારી અદાઓએ અબૂ તાલિબને એવા આકર્ષી લીધા હતા કે તેઓ ક્યારેય હુઝૂર ﷺને પોતાની નજરોથી ગાયબ થવા ન દેતા અને આપની બહુ સંભાળ રાખતા.

## ★ શકકે સદ્ર (સીનાને ચીરવું) ★

જે દિવસોમાં આપણા નબી ﷺ હઝરત હલીમા સઅ્દિયાના ત્યાં પાલનપોષણમાં હતા તે સમયનો બનાવ છે કે એક દિવસ આપે હલીમા સઅ્દિયાને કહ્યું કે મને ભાઈઓ સાથે જંગલમાં જવા દો જેથી સૈર (ફરવું) પણ કરું અને બકરીઓ પણ ચરાવું. હઝરત હલીમાએ પરવાનગી આપી દીધી. આપ ﷺ ભાઈઓ સાથે જંગલમાં જતા રહ્યા. બપોરના સમયે હલીમાનો એક પુત્ર રડતો રડતો અમ્મી જાન ! અમ્મી જાન ! કહેતાં કહેતાં આવ્યો અને કહ્યું, ત્રણ સફેદ કપડાવાળા આવ્યા અને મુહમ્મદને સૂવડાવી પેટ ચીરી નાખ્યું, પછી શું થયું તેની મને કાંઈ ખબર નથી ! આ ખબર સાંભળતાંની સાથે જ હઝરત હલીમા અને તેમના પતિ હતપ્રભ થઈ ગયાં અને દોડતાં જંગલમાં પહોંચ્યાં. જોયું કે મુહમ્મદે અરબી ﷺ બેઠેલા છે, પરંતુ ચહેરા પર ડર અનુભવાયો જેથી હઝરત હલીમાએ મહોબ્બતભર્યા સ્વરે પૂછયું, બેટા શું વાત છે ? આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ત્રણ વ્યક્તિઓ સફેદ અને સ્વચ્છ કપડાં પહેરેલા આવ્યા, મને સીધો સૂવડાવી મારું પેટ ચીરી નાખ્યું અને તેમાંથી કોઈ વસ્તુ કાઢી ફેંકી દીધી અને કોઈ વસ્તુ મારા પેટમાં નાખી સીવી દીધું. પરંતુ મને જરાય તકલીફ નથી અનુભવાઈ. આ બનાવ સાંભળી બંનેવ ગભરાયાં તેમના પતિ હારિષે કહ્યું કે મને એવું લાગે છે કે એમના પર આસેબ (જિન અથવા ભૂત)નો અસર લાગે છે, એટલા માટે જલ્દી તેમને તેમની માતા પાસે પહોંચાડી દો. હઝરત હલીમાએ આપને હઝરત આમિના رضی اللہ عنہا પાસે પહોંચાડી દીધા. હઝરત આમિના رضی اللہ عنہاએ પૂછયું, હલીમા ! એટલી પણ શું ઉતાવળ હતી ? તેમણે પૂરો વાકયો બયાન કર્યો અને પછી ભૂતપ્રેત હોવાનો શક જાહેર કર્યો. હઝરત આમિનાએ કહ્યું, બિલકુલ નહીં ! ખુદાની કસમ ! મારા પુત્ર પર ક્યારેય કોઈ જિન અને શયતાનનો હમલો થઈ જ નથી શક્તો, મારો પુત્ર બહુ ઊંચી શાનવાળો છે.

યાદ રાખો ! આપણા નબી ﷺના શરીર મુબારકને ચાર વખત ચીરવામાં આવ્યું અને તેમાં નૂર તથા હિકમતનો ખજાનો ભરવામાં આવ્યો.

પ્રથમ વખતે હલીમા સઅ્દિયાના ઘરે જેવું કે તમે વાંચ્યું, બીજી વખત દસ વર્ષની વયે, ત્રીજી વખત ગારે હિરામાં જ્યાં હુઝૂર ﷺ મોટે ભાગે ઈબાદતે ઈલાહીમાં લાગેલ રહેતા અને ચોથી વખતે શબે મેઅરાજમાં. *(કિતાબ : સીરતે રસૂલે મુખ્તાર ﷺ)*

## દયાદરા ખાતે યાદગારે શોહદાએ કર્બલાના તેમજ વિવિધ પ્રોગ્રામો થયા

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ઉર્ફ નૂરાની મસ્જિદ ખાતે ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા શોહદાએ કર્બલાની યાદમાં ૧ મુહર્રમ ૧૪૪૭થી ૧૨ મુહર્રમ સુધી ઈશા બાદ દુરૂદ શરીફની મેહફિલ બાદ યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવ્યો. ૧–મુહર્રમ જુમ્આના બયાનમાં "મૌલાના ઝહીર મિસ્બાહી અશરફી મુજદ્દિદી" સાહબે 'ખલીફએ દોમ હઝરત ઉમર' رضی اللہ عنہની શાનમાં શાનદાર બયાન કર્યું. ૯ મુહર્રમની રાતે મસ્જિદમાં મેહફિલે નઅતો મન્કબતનો પ્રોગ્રામ થયો જેમાં પેશ ઈમામ જનાબ કારી મકસૂદ અશરફી કાવીવાળા સાહબે પોતાના અનોખા અંદાઝમાં આ'લા હઝરત તથા અન્ય શોઅરાની કેટલીક નઅતો મન્કબત પેશ કરી રૂહાની તાજગી ફેલાવી હતી. ૧૦ મુહર્રમની રાતે તથા આશૂરાના દિવસે સવારમાં મસ્જિદમાં મૌલાના ઝહીર સાહબે અહલે બયતે અત્હારની ફઝીલત તથા ઈમામે હુસૈન رضی اللہ عنہની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. જુમેરાત ૧૪ મુહર્રમ અસર બાદ "જશ્ને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ" رحمۃ اللہ علیہની શાનમાં આપનો મકામ મર્તબો દર્શાવતુ બયાન કર્યું અને રવિવાર તા. ૧૩–૭–૨૫ ૧૭ મુહર્રમના રોજ અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમામાં "હઝરત ઈમામ ઝયનુલ આબિદીન" رضی اللہ عنہની શાનમાં "હઝરત મૌલાના આદિલ નજમી મિસ્બાહી" હલદરવી (ઉસ્તાદ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)એ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

# મુસ્તફા ﷺના દુનિયામાં આગમન વેળાના બનાવો

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

## ★ નૂરે મુસ્તફા ﷺ અદલા બદલી ★

હુઝૂર રહમતે આલમ ﷺના વાલિદે ગિરામી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہ એટલા પ્રમાણમાં હસીનો જમીલ હતા અને તેમના હુસ્નો જમાલની ખ્યાતિ એટલી અધિક હતી કે કુરેશની સ્ત્રીઓ તેમની પત્ની થવાની તમન્ના કરતી હતી, ત્યાં સુધી કે કેટલીક સ્ત્રીઓ રસ્તામાં ઉભી રહીને તેમને પોતાના પ્રતિ ધ્યાનિત કરવાની કોશિશ કરતી.

અહલે કિતાબને પણ કેટલી નિશાનીઓથી ખબર પડી ગઈ હતી કે હુઝૂર રહમતે આલમ ﷺનો વજૂદ મુબારક હઝરત અબ્દુલ્લાહની પીઠમાં છે. જેથી કિતાબી તેમની સાથે દુશ્મની કરવા લાગ્યા અને તેમને ખતમ કરવાના મનસૂબા બનાવવા લાગ્યા.

એક વખતનો બનાવ છે કે હઝરત અબ્દુલ્લાહ શિકારના માટે તશરીફ લઈ ગયા હતા એવામાં અહલે કિતાબની એક ઘણી જ મોટી જમાઅત શામની તરફથી તલવાર ખેંચીને હઝરત અબ્દુલ્લાહના કત્લના ઈરાદા સાથે જાહેર થઈ. હુઝૂરે અકરમ ﷺના નાના હઝરત વહબ બિન મુનાફ પણ એ જ જંગલમાં મૌજૂદ હતા. તેમણે જોયું કે કેટલાક સવાર જેમની શકલો સૂરત દુનિયાના લોકોથી મળતી નથી, ગયબથી જાહેર થયા અને હઝરત અબ્દુલ્લાહની પાસેથી તેમને દૂર કરવા લાગ્યા. હઝરત વહબ બિન મુનાફે ઘરે આવીને પોતાનાં ઘરવાળાંઓને કહ્યું કે, હું ચાહું છું કે આપણી પુત્રી સૈયદા આમિનાના નિકાહ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ સાથે કરી આપું. અને પછી એ વાત પોતાના દોસ્તોના થકી હઝરત અબ્દુલ મુત્તલિબની ખિદમતમાં પહોંચાડી. હઝરત અબ્દુલમુત્તલિબ પણ એવું જ ચાહતા હતા કે હઝરત અબ્દુલ્લાહની શાદી થઈ જાય, એના બારામાં તે કોઈ એવી સ્ત્રીની તલાશમાં હતા કે હસબ તથા નસબની ઉચ્ચતા અને પાકદામનીમાં વિશિષ્ટ હોય. હઝરત આમિના બિન્તે વહબ رضی اللہ عنہاમાં આ ખૂબીઓ (ગુણો) મૌજૂદ હતી. હઝરત અબ્દુલ મુત્તલિબે આ રિશ્તાને પસંદ કર્યો અને હઝરત અબ્દુલ્લાહના તેમની સાથે નિકાહ કરી આપ્યા.

રિવાયતમાં મળે છે કે હઝરત અબ્દુલ્લાહ બની અસદની એક સ્ત્રી સામેથી પસાર થયા. તેણી ખાનએ કાબાની પાસે ઉભી હતી અને તેનુ નામ રુકૈસા કે કુતીલા બિન્તે નુફેલ હતું. જ્યારે એ સ્ત્રીની નજર હઝરત અબ્દુલ્લાહ પર પડી તો તેણી આપના હુસ્નો જમાલ પર આશિક થઈ ગઈ અને કહેવા લાગી, એ સો ઊંટો જે તમારા પર ફિદા કરવામાં આવ્યા છે મારા જિમ્મે છે, હું પેશ કરીશ. હઝરત અબ્દુલ્લાહ તેણીની એ વાત પર શરમાઈ ગયા અને ઈન્કાર કરીને આગળ નીકળી ગયા.

બીજા દિવસે એક ખશ્અમઈ સ્ત્રીએ જે જ્યોતિષવિદ્યામાં નિષ્ણાત અને ઘણી માલદાર હતી, તેણીએ પણ પોતાના માલના થકી હઝરત અબ્દુલ્લાહને લોભાવવા ચાહ્યા. એ જ પ્રમાણે ઘણી સ્ત્રીઓએ પેશકશ કરી, પણ હઝરત અબ્દુલ્લાહ કોઈની જાળમાં ન આવ્યા. જ્યારે ઘરે તશરીફ લાવ્યા તો હઝરત આમિના رضی اللہ عنہاથી ઝુફાફ (પ્રથમ મિલન) થયું અને નૂરે મુહમ્મદી ﷺ તેમની પીઠ મુબારકથી તબદીલ થઈને આમિનાના રહમ (ગર્ભ)માં જલ્વાફગન થયું અને તેણી સગર્ભા થઈ ગયાં. આ મિનાના દિવસો હતા. પછી જ્યારે બીજીવાર તે સ્ત્રી સામેથી હઝરત અબ્દુલ્લાહ ગુજર્યા તો એ સ્ત્રીએ હઝરત અબ્દુલ્લાહની પેશાનીમાં તે નૂર મુબારક ન

પામ્યું તો તેણી તેમને કહેવા લાગી, શું પહેલી વાર મારી પાસેથી ગયા બાદ તમે કોઈ સ્ત્રીથી સોહબત કરી છે ? આપે ફર્માવ્યું, હા ! મેં મારા નિકાહમાં આવેલી બીવી આમિના બિન્તે વહબ સાથે ઝુફાફ કર્યો છે. એ ખશ્અમી સ્ત્રીએ કહ્યું, હવે મારે તમારાથી કોઈ લેવા દેવા નથી, હું તો એ નૂર મુબારકની તલબગાર હતી જે તમારી પેશાની જલ્વા અફરોઝ હતું હવે તે બીજાના નસીબમાં ચાલ્યું ગયું.

જે રાતે નૂરે મુસ્તફા ﷺ સૈયદા આમિનાના ગર્ભમાં તબદીલ થયું એ રાતે આલમે મલકૂતમાં નિદા કરવામાં આવી કે સર્વ જહાનને અન્વારે કુદ્સથી મુનવ્વર કરી દેવામાં આવે અને જમીન તથા આસ્માનના સર્વ ફરિશ્તા ખુશી તથા આનંદમાં ઝુમી ઉઠે, અને જન્નતના દરવાજાને હુકમ થયો કે તે ફિરદોસે આ'લાને ખોલી દે અને સર્વ જહાનને ખુશ્બુઓ વડે મોઅત્તર કરી દે અને જમીન તથા આસ્માનના દરેક તબકા અને દરેક સ્થળમાં ખુશખબરી સંભળાવી આપે કે નૂરે મુહમ્મદી ﷺ આજની રાતે આમિના رضی اللہ عنہاના રહમ (ગર્ભ)માં મુન્તકિલ થઈ ચૂક્યું છે.

હઝરત અલ્લામા શયખ અબ્દુલહક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ આ વર્ણવ્યા બાદ ફર્માવે છે : "એવું કેમ ન થતું કે તમામ ખૈરાત તથા બરકતો, કરામતો તથા સઆદત અને અન્વાર તથા અસ્રાર (રાઝો)નું મૂળ (ઉગમસ્થાન), અસલ ઉસૂલે બની આદમ આ આલમમાં તશરીફ લાવનાર છે અને તેના જાહેર થવાનો સમય નજીક આવી પહોંચ્યો છે. યકીનન ! સર્વ જહાનવાળાઓએ મુનવ્વર તથા મુશર્રફ તથા મસ્રૂર (ખુશ) થવું જોઈએ.

## ★ વિલાદત પહેલાં બરકાતે મુસ્તફા ﷺનો ઝહૂર ★

આ રાતની સવારમાં રૂએ જમીનની સર્વ મૂર્તિઓ ઊંઘી જોવા મળી, શૈતાનોનું આસ્માનો પર ચઢવું મના ઠરાવવામાં આવ્યું, અને દુનિયાના સર્વ બાદશાહોના તખ્ત ઉલ્ટાવી દેવામાં આવ્યા, અને એ રાતે દરેક ઘર રોશન તથા મુનવ્વર થયું અને કોઈ જગા એવી ન હતી જે અન્વારે કુદ્સથી જગમગી રહી ન હોય અને કોઈ જાનવર એવું ન હતું જેને બોલવાની શક્તિ આપવામાં ન આવી હોય અને તેણે બશારત ન આપી હોય. પૂર્વના પક્ષીઓએ પશ્ચિમનાં પક્ષીઓને ખુશખબરીઓ આપી.

કુરેશનો એ હાલ હતો કે તે સખત દુકાળ તથા ઘણી જ તંગીમાં સપડાયેલા હતા જેથી સર્વ ઝાડો સૂકાય ગયાં હતાં, અને સર્વ જાનવરો કમજોર તથા દૂબળાં થઈ ગયાં હતાં. પછી હક્ક્ તઆલાએ વરસાદ મોકલ્યો, જહાનભરને હરીયાળુ લીલોતરીવાળુ કર્યું, ઝાડોમાં તરોતાઝગી આવી. ખુશી તથા મસર્રત (આનંદ)ની એવી લહેરો દોડી કે કુરૈશે એ વરસનું નામ "સનતુલ ફતહિ વલ્ઈબ્તિહાજ" રાખ્યું.

સૈયદા આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺ મારા પેટમાં હતા કે એકવાર મારાથી એક એવું નૂર નીકળ્યું જેનાથી આખુ જહાન મુનવ્વર થઈ ગયું અને મેં બસરાના મહોલ્લાઓ જોયા. બસરા શામની તરફ એક શહેરનું નામ છે.

## ★ ગયબી નિદા (પોકાર) ★

હઝરત આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે હું ખ્વાબ તથા જાગૃતિની દરમિયાની હાલતમાં હતી એવામાં કોઈએ પોકાર કર્યો, હે આમિના ! તમે હમલથી છો. જાણે કે હું જાણતી ન હતી કે હું હમલથી છું. ત્યારબાદ બતાવ્યું કે અફઝલુલ ખલ્કથી સગર્ભા છું. (એટલે કે તમારા પેટમાં અફઝલુલ ખલ્ક્ ﷺનું નૂર જલ્વાગર છે) એ વખતે મને જાણવા મળ્યું કે હું સગર્ભા છું. અને ફર્માવે છે કે સગર્ભાવસ્થાના દરેક મહીનામાં આસ્માન તથા જમીનની દરમિયાન એ અવાજ સાંભળ્યા કરતી કે તમને મુબારક થાય ! તે સમય નજીક આવી પહોંચ્યો છે કે અબુલ કાસિમ ﷺ દુનિયામાં જલ્વા અફરોઝ થનારા છે જે સાહિબે ખૈરો બરકત છે.

## ★ હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہની વફાત ★

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! હઝરત સૈયદા આમિના رضی اللہ عنہاના પેટ મુબારકથી રસૂલુલ્લાહ ﷺ સિવાય અન્ય કોઈ ફરઝંદ પેદા ન થયું અને ન હઝરત અબ્દુલ્લાહથી પણ હુઝૂર ﷺના સિવાય કોઈ અન્ય ફરઝંદ પેદા થયું.

હુઝૂર નબીયે અકરમ નૂરે મુજસ્સમ ﷺ હજી માના પેટમાં હતા એવામાં હઝરત અબ્દુલ્લાહની મદીના મુનવ્વરામાં વફાત થઈ. એ દિવસોમાં તે વેપાર અર્થે કુરૈશની સાથે હતા. જ્યારે પરત થતાં મદીના મુનવ્વરા થઈને પસાર થવાનું થયું તો કાફલાથી અલગ થઈને પોતાના ભાઈઓની પાસે જેઓ બની નજારમાંથી હતા ત્યાં થોભી ગયા. જ્યારે કાફલાના લોકો મદીના મુનવ્વરા પહોંચ્યા તો હઝરત અબ્દુલ મુત્તલિબે હઝરત અબ્દુલ્લાહના બારામાં પૂછયું, તો કાફલાવાળાઓએ બતાવ્યું કે અમે તેમને બીમાર છોડયા છે. ત્યારબાદ હઝરત અબ્દુલ્લાહનો ઈન્તેકાલ થઈ ચૂક્યો હતો અને તેમને દારે નાબિગામાં દફન કરવામાં આવી ચૂક્યા હતા.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે જ્યારે હઝરત અબ્દુલ્લાહે વફાત પામી તો ફરિશ્તાઓએ દુઆ કરી કે, હે અમારા રબ ! અમારા સરદાર મુહમ્મદ મુસ્તફા ﷺ જે તારા નબી અને તારા હબીબ છે તેઓ યતીમ થઈ ગયા. હક્ક તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો, એમનો હું હાફિઝ, નાસિર તથા કફીલ છું, એમના પર સલાતો સલામ મોકલો અને એમના માટે બરકતો માગો અને એમના માટે દુઆઓ કરો.

## ★ વિલાદત મુબારક ★

હુઝૂરે અકરમ ફખ્રે આદમો બની આદમ ﷺ માના પેટમાં સંપૂર્ણ નવ મહીના રહ્યા. મોહતરમા માએ આમ સ્ત્રીઓની જેમ કોઈ પ્રકારનો બોજ, વજન, દર્દ તથા તબીઅતની બેચેની મેહસૂસ નથી કરી.

હઝરત સૈયદા આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે મને માલૂમ જ ન હતું કે હું સગર્ભા છું, કેવળ એટલુ હતું હૈઝ (માસિક) બંધ થઈ ગયુ હતું.

હઝરત સૈયદા આમિના ફર્માવે છે કે જ્યારે મારા પર એ હાલત છવાઈ જે સામાન્યપણે સ્ત્રીઓને ડીલીવરી વખતે દર્દ વગેરે થાય છે તો હું ઘરમાં એકલી હતી અને હઝરત અબ્દુલ મુત્તલિબ તવાફમાં હતા. એ વખતે મેં એક અઝીમ અવાજ સાંભળ્યો જેનાથી હું ભયભીત થઈ ગઈ. ત્યારબાદ મેં જોયું કે એક સફેદ પક્ષીની પાંખ મારા સીનાને ઘસી રહ્યું છે, તો મારો ખૌફ તથા તે દર્દ જતુ રહ્યું. પછી મેં જોયું કે મારી પાસે એક સફેદ શરબતનો પ્યાલો લાવવામાં આવ્યો. મેં એને પીધો અને સુકૂન તથા ક઼રાર હાંસલ થયો. પછી મેં નૂરનો એક બુલંદ મીનાર જોયો, ત્યારબાદ મારી પાસે ઊંચા કદવાળી સ્ત્રીઓ જોઈ જેમનાં કદ અબ્દે મુનાફની છોકરીઓની જેમ ખજૂરના ઝાડોની જેમ છે. મેં આશ્ચર્ય કર્યું કે આ શું છે ?! આ ક્યાંથી આવી ગઈ ?! એના પર એમનામાંથી એકે કહ્યું, હું આસિયા (ફિરઔનની પત્ની) છું. બીજીએ કહ્યું, હું મરયમ બિન્તે ઈમરાન છું અને આ સ્ત્રીઓ હૂરો છે. અને મારો હાલ ઘણો જ સખત થઈ ગયો. અને દરેક ઘડી અઝીમથી અઝીમતર અવાજો સાંભળતી જેનાથી ભય જણાતો હતો. એ દરમિયાન મેં જોયું કે એક ફર્શ જમીન તથા આસમાન વચ્ચે ખેંચવામાં આવ્યું, અને મેં જોયું કે જમીન તથા આસમાન વચ્ચે ઘણા બધા લોકો ઉભા છે જેમના હાથોમાં ચાંદીના આફતાબે (લોટાઓ) છે. પછી મેં જોયું કે પક્ષીઓનું એક ટોળુ મારી સામે આવ્યું, ત્યાં સુધી કે મારો ઓરડો તેમનાથી ભરાય ગયો. તેમની ચાંચો ઝમુર્રદની અને તેમની પાંખો યાકૂતની હતી. અને હક્ક તઆલાએ મારી આંખોથી પર્દો ઉઠાવી દીધો અને મેં પૂર્વ તથા પશ્ચિમને જોયાં. અને મેં જોયું કે ત્રણ ઝંડા છે, એક પૂર્વમાં એક પશ્ચિમમાં અને એક ખાનએ કાબાની ઉપર ખોસેલો છે. પછી મને ડીલીવરી સમયનું દર્દ થયું અને મુહમ્મદ ﷺ જન્મ પામ્યા. તે વખતે મેં જોયું કે આપ સજદામાં છે અને

બંનેવ મુસબ્બિહ (કલમાની) આંગળીઓ આસ્માનની તરફ ઉઠાવેલા છે અને આજીજી જેમ રૂદન કરે છે. ત્યાર બાદ મેં એક સફેદ વાદળ જોયું જેને એમણે મારી નજરોથી છુપાવી દીધા, અને મેં કોઈનો અવાજ સાંભળ્યો જે કહી રહ્યો હતો, એમને જમીનની પૂર્વ દિશાઓ તથા પશ્ચિમની દિશાઓની સૈર કરાવો અને તેમના શહેરોનો દૌરો કરાવો કે જેથી ત્યાંના રહેવાવાળા આપના નામ મુબારક અને નઅત તથા સૂરતને પહેચાની લે અને જાણી લે કે આપની સિફત "માહી" કે જે શિર્કની અસરોને ખતમ તથા નષ્ટ કરશે.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! હુઝૂર ﷺની વિલાદતના બારામાં સૌથી અધિક સહીહ તથા મશહૂર ક઼ૌલ એ છે કે અસ્હાબે ફીલના બનાવના પંચાવન દિવસ બાદ ૧૨ રબીઉલ અવ્વલ ૨૦ એપ્રિલ ઈ.સ. ૫૭૧ના રોજ સોમવારે આપની વિલાદત થઈ છે. હિજાઝવાળાઓના અમલથી પણ એ જ સાબિત થાય છે, કેમ કે તેઓ મૌલુદુન્નબી (નબી ﷺના જન્મ સ્થળ)ની ઝિયારતને ૧૨ રબીઉલ અવ્વલે જ જાય છે અને એ જ દિવસે મીલાદ શરીફની મેહફિલ કરે છે.

## ★ નૂરાની વાદળ ★

હઝરત અલ્લામા શયખ અબ્દુલ હક઼્ક઼ મહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ મદારિજુન્નબુવ્વતમાં ફર્માવે છે, સૈયદા આમિના ફર્માવે છે કે જયારે હુઝૂરને સૂવડાવવામાં આવ્યા તો એક ઘણુ જ મોટુ નૂરાની વાદળ જોયું જેમાં ઘોડાઓના હણહણવાના અને વાદળોના ફળ ફળાવાનો અને લોકોના વાતો કરવાના અવાજો સાંભળ્યા, ત્યાં સુધી કે તે વાદળે હુઝૂર ﷺને ઢાંકી લીધા અને મારી નજરોથી ગાયબ થઈ ગયા. એ વખતે મેં એક પોકાર કરનારને પોકારતાં સાંભળ્યો, તે કહી રહ્યો હતો, હુઝૂરને જમીનના સર્વ ખૂણાઓમાં ફેરવો અને જિન તથા ઈન્સાનની રૂહો પર ગશ્ત કરાવો, ફરિશ્તાઓ, પક્ષીઓ, ચરનારાઓને ઝિયારત કરાવો અને તેમને હઝરત આદમ علیہ السلامના અખ્લાક઼, હઝરત શીષની મઅરેફત, હઝરત નૂહની શુજાઅત, હઝરત ઈબ્રાહીમની ખુલ્લત (દોસ્તી), હઝરત ઈસ્માઈલની ઝબાન, હઝરત ઈસ્હાક઼ની રઝા, હઝરત સાલેહની ફસાહત, હઝરત લૂતની હિકમત, હઝરત યાકૂબની બશારત, હઝરત મૂસાની સખ્તી, હઝરત ઐયૂબનો સબ્ર, હઝરત યૂનુસની તાઅત (ફર્માંબરદારી), હઝરત યૂશઅનો જેહાદ, હઝરત દાઊદનો લહન (લહેજો) અને અવાજ, હઝરત દાન્યાલની મહોબ્બત, હઝરત ઈલ્યાસનો વક઼ાર, હઝરત યહ્યાની ઈસ્મત અને ઈસાના ઝોહદના પયકર બનાવો અને તમામ નબીઓના અખ્લાક઼ના દરિયામાં ડૂબકી મરાવો. (علیہم السلام)

હઝરત સૈયદા આમિના رضی اللہ عنہا ફર્માવે છે, ત્યારબાદ તે વાદળ મારાથી હટી ગયું તો મેં જોયું કે લીલા રેશમી કપડામાં હુઝૂર ખૂબ લપેટાયેલા છે અને ઝરણાની જે તે રેશમથી પાણી ટપકી રહ્યુ છે અને કોઈ કહેવાવાળો કહી રહ્યો છે, માશા અલ્લાહ ! માશા અલ્લાહ ! હુઝૂરને સર્વ દુનિયા પર કેવી શાન સાથે મોકલવામાં આવ્યા ? દુનિયાની કોઈ મખ્લૂક઼ એવી નથી જે આપના ફર્માનની તાબે ન હોય. સૌને આપની કુદરતના કબજામાં આપવામાં આવ્યાં છે. પછી જયારે મેં આપની તરફ નજર કરી તો મેં જોયું કે જાણે આપ ચૌદમી રાતના ચાંદની જેમ ચમકી રહ્યા છે અને આપના જિસ્મે અત્હરથી મુશ્ક તથા અંબરની લહેરો ઉઠી રહી છે અને ત્રણ શખ્સો ઉભા છે : એકના હાથમાં ચાદીનો લોટો છે, બીજાના હાથમાં લીલા ઝમર્રુદની થાળી છે અને ત્રીજાના હાથમાં સફેદ રેશમ છે. ત્યારબાદ તેમણે એક વીંટી કાઢી જેનાથી જોનારાઓની નજરો ઝપકી ગઈ. પછી તેને સાતવાર ધોઈ અને એ વીંટી વડે આપના ખભાઓની વચ્ચે મોહર કરી અને રેશમમાં લપેટીને ઉઠાવી લીધા અને થોડીવાર પોતાની આગોશમાં લઈને મને સુપ્રત કરી દીધા.

## ★ કાબા ઝુકી ગયો ! ★

હઝરત અબ્દુલ મુત્તલિબથી નકલ થયેલ છે કે તે ફર્માવે છે કે હું વિલાદતની રાતે કાબાની પાસે હતો. જયારે અડધી રાત થઈ તો મેં જોયું કે કા'બા મકામે

ઈબ્રાહીમની તરફ ઝુકયો અને સજદો કર્યો અને એનાથી આ રીતનો તકબીરનો અવાજ આવ્યો : ''અલ્લાહ બુલંદો બાલા છે, અલ્લાહ બુલંદો બાલા (મહાન ઉચ્ચ) છે. તે રબ છે મુહમ્મદ મુસ્તફાનો. હવે મને મારો રબ મૂર્તિઓની નાપાકી અને મુશ્રિકોની નાપાકીથી પાક ફર્માવશે.'' અને ગયબથી અવાજ આવ્યો, ''રબ્બે કા'બાની કસમ ! કા'બાને બરગુઝીદગી (પસંદીદગી) મળી. ખબરદાર થઈ જાવ ! કા'બાને તેમનો કિબ્લો, તેમનું રહેઠાણ ઠરાવ્યું અને તે મૂર્તિઓ જે કાબાની આસપાસ ફિટ કરેલી હતી ટુકડા થઈ ગઈ. અને સૌથી મોટી મૂર્તિ જેને હુબલ કહેતા હતા મોંઢાભેર ગબડી પડી હતી. નિદા આવી કે સૈયદા આમિનાથી મુહમ્મદ પેદા થઈ ગયા અને રહમતનું વાદળ તેમના પર ઉતરી આવ્યું છે.

## ★ કિસ્રાનો મહેલ ધ્રુજી ઉઠયો ★

હુઝૂર રહમતે આલમ ﷺના જન્મ વખતે આમ તો અસંખ્ય બરકતો અને નિશાનીઓ પ્રદર્શિત થઈ પરંતું સૌથી વધુ મશહૂર તથા રોશન અને હેરત તથા આશ્ચર્યમાં નાખનારી વાત કિસ્રાના મહેલનું ધ્રુજવું, કાંપવું અને તેના ચૌદ કંગુરાઓનું પડી જવું છે. અને અમુક ઉલમાએ ચૌદની સંખ્યાથી એ પ્રતિ નિર્દેશ થવું મુરાદ લીધુ છે કે એમની બાદશાહી ચૌદ માણસો સુધી હશે. જેમ કે ચાર વરસમાં દસ લોકોએ બાદશાહી કરી અને બાકીના માટે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના સુધી એક પછી એક બાદશાહી કરી.

એ જ દરમિયાન ફારસ (ઈરાન)ના સૌથી મોટા કાઝી જેમને તેઓ ''હૌબદાં'' કહે છે તેણે ખ્વાબ જોયો કે મજબૂત તથા તગડાં ઊંટ અને ચુસ્ત તથા ચાલાક અરબી ઘોડાઓ દોડતા આવી રહ્યા છે. દજલાને પાર કરીને શહેરોમાં ફેલાય ગયા છે. સ્વપ્નની તાબીર બતાવનારાઓએ એની એ તાબીર આપી કે અરબના શહેરોમાં કોઈ બનાવ ઉપસ્થિત થશે જેના કારણે અજમના દેશો ફતહ તથા તાબા હેઠળ થશે. કિસ્રાએ હાલની ખોજમાં કેટલાક લોકોને જ્યોતિષોની પાસે અને ખાસ કરીને ''સતીહ''ની પાસે મોકલ્યા જે જ્યોતિષ વિદ્યામાં સૌથી વધુ જાણકાર હતો. જેથી કિસ્રાના એલચી સતીહ પાસે આવ્યા તો તે મૃત્યુની સકરાતમાં સપડાયેલો હતો. તેમણે સલામ કરી અને કિસ્રાની સલામી પહોંચાડી. તેનાથી કોઈ જવાબ સાંભળવામાં ન આવ્યો. અમુક શેઅરો પઢયા જેમાં કિસ્રાનો સવાલ છુપાયેલો હતો અને તેના હાલની હકીકતની તલબ હતી. સતીહે જ્યારે એ શેઅરોને સાંભળ્યા તો હસીને કહેવા લાગ્યો, એ સમય છે જ્યારે કુર્આનની તિલાવત થશે અને અસાવાળો જાહેર થશે, એટલે મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ મબ્ઊષ થશે. (તશરીફ લાવશે) વાદીએ સમાદા જારી થશે અને સાવી દરિયો સૂકાઈને પાણી ઉતરી જશે, ફારસ (ઈરાન)નો અગ્નિકુંડ ઓલવાય જશે, સતીહની જિંદગીનું ઝાડ આ દુનિયામાં ન રહેશે. સતીહ આટલી વાત કહીને ગબડી પડયો અને મરી ગયો.

## ★ મૂર્તિ બોલી ઉઠી ★

મુસ્તફા ﷺના જન્મની રાતે જાહેર થનારી નિશાનીઓમાંથી એક નિશાની મૂર્તિઓનું ઉંધા મોંભેર પડવું અને તેમનું ઝલીલોખાર થવું. કુરેશની એક મૂર્તિ હતી. તેઓ દર વર્ષે તે મૂર્તિની પાસે આવતા અને ઈદ તથા જશ્ન મનાવતા અને તેની સામે એતેકાફ કરતા. એક રાતે તેમણે જોયું કે એ મૂર્તિ ઊંધી પડેલી છે તો તેમણે ઉઠાવીને તેની જગાએ ઉભી કરી પરંતું તે બીજીવાર ગબડી પડી, ફરીથી ઉભી કરી તો ત્રીજીવાર ફરી પડી ગઈ. જ્યારે તેમણે આ સ્થિતિનો અનુભવ કયો તો ખૂબ જ ગમગીન તથા દુઃખી થયા અને તેને તેની જગાએ મજબૂત રીતે બાંધી દીધી, તે વખતે મૂર્તિની અંદરથી આ અવાજ સાંભળ્યો, તે કહી રહી હતી : ''જન્મ પામનારને ચાદર ઓઢાડવામાં આવી જેના કિરણોથી જમીનની પૂર્વ દિશાઓ તથા પશ્ચિમ દિશાઓના માર્ગો રોશન થઈ ગયા અને તેની ગરમીથી સર્વ મૂર્તિઓ પડી ગઈ અને તેના રોઅબ તથા દબદબાથી જમીનના બાદશાહોનાં દિલ ધ્રુજી ઉઠયાં.'' *(ગુલદસ્તએ સીરતુન્નબી ﷺ)*



# યાદગાર મનાવવી શરીઅતની રૂએ કેવું છે ?

*અઝ : મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત અલ્લામા **સૈયદ** મુહમ્મદ અશરફી જીલાની કછોછવી* قدس سرہ

મારો તથા તમારો દરરોજનો અનુભવ છે કે ઝિંદા કૌમો તેમની કૌમિયતનું સંગઠન જેના હાથો વડે થઈ ચૂકેલ છે એની યાદગાર મનાવે છે અને તેને પોતાની જિંદગીનો વીમો સમજે છે. દુનિયાએ માની લીધુ છે કે જે કૌમ પોતાના મોહસિનોને (એહસાન કરનારાઓને) ભૂલી ગઈ તો જિંદગીએ આખી કૌમને ભૂલાવી દીધી અને મૌતના મુખમાં રાખી દીધી. આ કૌમિયત (જાતીયતા)નો ફિત્રી જઝબો ન કોઈ નકલી દલીલનો મોહતાજ છે ન અકલી દલીલનો. એનો સંબંધ સહીહ ઈન્સાનિયત તથા હોશ હવાસની દુરુસ્તી સાથે છે. જે વ્યક્તિઓ કૌમના મોહસિનોની યાદગાર મનાવવાથી ચીડવા લાગે છે તેમને દુનિયાએ ન કેવળ એ કે કૌમિયતથી બહાર કરી દીધા બલ્કે તેમને એક ખાસ પ્રકારના પાગલ સમજી લેવામાં આવ્યા.

## ★ અલ્લાહના દિવસો કયા કયા ? ★

યાદગાર મનાવવી કેમ કે એક પ્રાકૃતિક જઝબો છે જેથી ઈસ્લામ કે જેનું બીજુ નામ જ દીને ફિત્રત (પ્રાકૃતિક ધર્મ) છે એમાં એ જઝબાને જાગૃત રાખવાની તાલીમ પોતાના રૂહાની અંદાઝમાં ખૂબ જ સાફ તથા સ્પષ્ટ છે જે કુર્આને અઝીમમાં ફર્માવવામાં આવી : وَذَكِّرْهُمْ بِأَيّٰىمِ اللّٰهِ "અને તેમને અલ્લાહ તઆલાના દિવસ યાદ અપાવો." (સૂ. ઈબ્રાહીમ, ૧૪/૫)

આમ તો સર્વ દિવસો અલ્લાહના છે, પણ કેટલાક એવા પણ દિવસો છે જે દિવસને અલ્લાહના ખાસ બંદાઓએ વિશિષ્ટતા અતા કરી આપી. અને જેમની યાદથી અલ્લાહ તઆલા યાદ આવી જાય છે, જેના ઈઝ્ન (હુકમ) તથા અતાએ એને સંવારી દીધા એવા દિવસો જેના સબબથી હાંસલ થાય, તેનો ચાહે જન્મના દિવસથી વફાતના દિવસ સુધીનો દરેક દિવસ, અને વફાતથી હશ્ર સુધીનો દરેક દિવસ وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى (અને પાછલી તમારા માટે પહેલીથી બેહતર છે. સૂ. દુહા, ૯૩/૪)વાળા આકાની વિસાત તથા અમાનમાં પલતો જ રહે છે અને વધતો જ રહે છે. પણ એ સર્વ દિવસોમાં કુદરતની પસંદગી "જન્મ દિવસ" તથા "વિસાલનો દિવસ" તથા "હશ્ર તથા નશ્ર (કયામત)નો" દિવસ છે.

## ★ યાદગાર મનાવવા પર વાંધો અને જવાબ ★

કેમ કે વાત એવી આવી પડી છે જેને અધિક સ્પષ્ટ કરી દેવી જરૂરી થઈ ચૂક્યું છે, જેથી એના અનુસંધાનમાં થોડીક મિનિટો અધિક આપની હું લઈશ. બનાવ એ છે કે પાછલા વરસોમાં બેહરાઈચ શહેરના એક ફિર્કાવારાના ઈજતેમાઅમાં દેવબંદ મદ્રસાના મોહતમિમે ઈદે મીલાદુન્નબી મનાવવાવાળાઓ પર આક્રમક હુમલો કરીને કહ્યું હતું કે, "કોઈ શખ્સિયતની તારીખની અહમિયત તેની પેદાઈશની તારીખમાં નથી, કેમ કે પેદાઈશ તો સારા તથા બુરાઓની થતી રહે છે. આ ઈદે મીલાદુન્નબી એ ગૈર આકિલાના (બુધ્ધિવિહોણી) તથા ગૈર શરઈ ચીજ છે, જો યાદગાર મનાવવી છે તો એ તારીખની યાદગાર મનાવવામાં આવે જ્યારે નબી કરીમ ﷺએ નબુવ્વતનું એલાન કર્યું અને નબુવ્વતનું કામકાજ શરૂ કરી આપ્યું હતું."

વાત એવા અંદાઝમાં કહેવામાં આવી અને લહેજો એવો ભોળો હતો કે ઉપર ઉપરથી જોતાં અમુક દિમાગો ખરેખર ભૂલમાં પડી ગયાં, પરંતુ હજી તેમના પૈગામને ૨૪ કલાકની જિંદગી ન મળી હતી એવામાં હું બેહરાઈચ શહેર ગયો અને ત્યાં એજ્યુકેટેડ અને પ્રથમ કક્ષાના દીનદાર લોકોએ મને એનો ઉલ્લેખ કર્યો. અને જવાબ માગ્યો. મેં થોડાક કલાકો બાદ ત્યાં એક અઝીમુશ્શાન ઈજતેમાને સંબોધીને કહ્યું કે ઈદે મીલાદુન્નબીને અતાર્કિક (બુધ્ધિહીન કૃત્ય) કહેતાં જો સર્વ કૌમોનો ઈતિહાસ દિમાગથી નીકળી ગયો હતો, તો આંખે જોએલી ચીજથી આંખો કેમ બંધ થઈ ગઈ હતી કે આજે જે બગલમાં (બાજુમાં) તેમના ફિર્કાની બહુમતી ઉછરી રહી છે અને જ્યાં જન્મતિથિ મરણતિથિ મનાવવામાં ઈબાદત ગુઝારાના સ્પ્રિટની સાથે ભાગ લેવામાં આવે છે, શું એણે બુધ્ધિને એટલી રોશની ન આપી કે કૌમોએ જન્મ દિવસ તથા મૃત્યુ દિવસ મનાવવાને જ કૌમી હક્ક માન્યો છે.

### ★ યાદગાર મનાવવા પર કુર્આને હકીમથી દલીલ ★

કુર્આન કરીમે પોતાના મોઅજિઝાના રૂહાની અંદાઝમાં મસ્અલાના મહત્વ પર એ રીતે રોશની નાખી છે કે જે લોકો કુર્આને પાકની તિલાવતનો શરફ એટલા માટે હાંસલ કરે છે કે તેને સમજે અને તેને હિદાયતની રોશની જાણીને પોતાને સમારે. જો એવા લોકોનો સાયો પણ રસ્તે ચાલતા મોહતમિમ મઝકૂર પર પડી ગયો હોત તો વિલાદતનો દિવસ અને ઉર્સનો દિવસ મનાવવા પર એને ગૈર ઈસ્લામી કહીને હુમલો કરી આપ્યો છે તેની હિંમત ન કરી શકતી.

કુર્આને કરીમમાં અલ્લાહની બારગાહના મકબૂલ બંદાઓના માટે આ પણ ઈર્શાદ ફર્માવવામાં આવ્યો કે :–

وَسَلٰمٌ عَلَيْهِ يَوْمَ وُلِدَ وَيَوْمَ يَمُوْتُ وَيَوْمَ يُبْعَثُ حَيًّا

"એમના પર અલ્લાહ તઆલાનો સલામ છે તેમની પેદાઈશના દિવસે, અને તેમના વિસાલના દિવસે, અને જ્યારે તેઓ હશ્રના મેદાનમાં ઉઠશે."

*(સૂ. મરયમ, ૧૯/૧૫)*

અને આ જ કુર્આને કરીમમાં અલ્લાહ તઆલાના એક મકબૂલ બંદા સૈયદના ઈસા અલા નબિય્યિના વ અલૈહિસ્સલાતુ વસ્સલામનું સ્પષ્ટ બયાન વર્ણન થયેલું છે કે, "મારા પર અલ્લાહ તઆલાનો સલામ છે મારી પેદાઈશના દિવસે અને મારા વિસાલના દિવસે અને જ્યારે હું હશ્રના મેદાનમાં હોઈશ."

કોઈ બતાવે કે કોઈ બુધ્ધિ તથા દીનનો કોરો હોય કુર્આનને કનમનતા દિલે પોતાની દુનિયાના જ માટે સહી પરંતું અલ્લાહનું કલામ કહેવા પર મજબૂર હોય તેને શું હક્ક છે કે કુર્આની કતઈ નસ (આયત, દલીલ)નો રદ કેવળ પોતાની અદાવતની ભાવનાના કારણે કરે જે અલ્લાહવાળાઓથી વારસાગત ચાલી આવી રહી હોય ? બિલ્કુલ જાહેર છે કે હક્કના ખાદિમોની દરેક ઘડી જ્યારથી જમાનાનું સર્જન થયું અને જ્યાં સુધી જમાનાનો ક્રમ રહેશે એવી છે કે તેમના પર અલ્લાહનો સલામ છે. શું દુરૂદ શરીફનો જુમ્લા ઈસ્મિયા (વાક્ય) આ હમેશગી તથા કાયમીપણાને જાહેર કરી રહેલ છે કે નહીં ? આપણા આકા રસૂલે પાક ﷺને સંબોધન કરીને સ્પષ્ટ કહી દેવામાં આવ્યું કે : وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى "દરેક પાછલી ઘડી કરતાં આગલી ઘડી આપની બેહતર છે." (સૂ. દુહા, ૯૩/૪) તેમ છતાં કાયમી તથા હમેશગીના પૂરા યુગ મુબારકમાં ખુદ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻએ આ ઉલૂલ અઝ્મ રસૂલના ત્રણ દિવસોને પસંદ કર્યા : જન્મનો દિવસ, વિસાલનો દિવસ તથા કયામત (હશ્ર નશ્ર)નો દિવસ. કુર્આને

કરીમમાં એવા દિવસોને ઐયામિલ્લાહ (અલ્લાહના દિવસો) પણ કહેવામાં આવ્યા છે. અને હુકમ આપવામાં આવ્યો છે કે : وَذَكِّرْهُمْ بِاَيّٰىمِ اللّٰهِ ''અલ્લાહના દિવસોની યાદગાર મનાવો.'' (સૂ. ઈબ્રાહીમ, ૧૪/૫) યક઼ીનન ! અલ્લાહવાળાઓનો દિવસ અલ્લાહનો દિવસ છે.

સારાંશ કુર્આની આયતોએ તારીખોને નિશ્ચિત કરવાને મઆઝલ્લાહ ! બિદઅત તથા ગુમરાહી કહેનારાઓ પર ઠેક ઠેકાણે તમાચા માર્યા છે, અને દીને ફિત્રતથી આપણને રોકયા નથી બલ્કે તેને મહત્વ આપીને યાદગાર મનાવવા માટે નિયુક્ત કર્યા છે. જાહેર છે કે દરેક મહત્વ ધરાવતી શખ્સિયતનું મહત્વ જોઈ લીધા પછી તે દિવસ યાદ આવી જાય છે જ્યારે કે તેણે સૌ પ્રથમ જમીન પર ક઼દમ રાખ્યો, પછી તે દિવસ મહત્વ ધરાવે છે જ્યારે તેણે બીજા આલમનો સફર કર્યો જેને દેવબંદી ગૃપના આગલી હરોળના લોકો જન્મતિથિ, મૃત્યુ તિથિ મનાવવું કહે છે, અને મુસલમાન એને યૌમે મીલાદ તથા યૌમે ઉર્સ મનાવવું કહે છે અને મનાવે છે. એ યાદ રાખશો કે નિશ્ચિત કરવું તથા ખાસ કરવું એ અલ્લાહવાળાઓ માટે જેઓ અંબિયા عَلَيْهِمُ السَّلَام ઈબારતન્ નસ છે, એટલે બંનેના માટે કુર્આનની નસ્સે ક઼તઈ (આયતો) સ્પષ્ટ છે.

અહીં સર્વ વાંધો ઉઠાવનારાઓ સાંભળી લે કે કુર્આને કરીમમાં ખુદાના ખાસ બંદાઓના માટે ત્રણ સમયો નિશ્ચિત કરવામાં આવેલ છે જે મનાવવામાં આવે : મીલાદનો દિવસ, જેમ કે આપણે મુસલમાન મીલાદ શરીફની મેહફિલ કરીએ છીએ. બીજો વિસાલનો દિવસ, જેમ કે આપણે મુસલમાન બુઝુર્ગોને દીનના ઉર્સો કરીએ છીએ. પરંતું ત્રીજો હશ્રનો દિવસ જ્યારે રબની બારગાહ મકબૂલ બંદાઓનો શફાઅત કરવાનો દિવસ હશે, અને તેની યાદગાર મનાવવું આપણા વશની વાત નથી. એને તેઓ ખુદ આપણા પર કરમ ફર્માવીને મનાવશે અને ઈન્શા અલ્લાહુ તઆલા મનાવશે. જેથી કુર્આનની તા'બીર એ થઈ કે મુસલમાનો ! ત્રણ દિવસ છે જેમાં પેદાઈશ તથા વિસાલ મનાવવું તમારું કામ છે, જો એ યાદગાર મનાવવાના આદી થઈ જાવ તો ત્રીજો દિવસ ખુદાના મહબૂબો બંદાઓની શફાઅતનો દિવસ છે તેના મુસ્તહિક઼ થઈ જશો, અને જે તમારે કરવાનુ છે તે નહીં કરો તો શફાઅતથી મેહરૂમ રહેશો. એ જ જોવામાં પણ આવી રહ્યું છે કે જેઓ આ બંને યાદગાર (મિલાદુન્નબી તથા ઉર્સ) મનાવવા પર ગુસ્સાથી ભરાય જાય છે તેઓ આજે ખુલ્લમ ખુલ્લા શફાઅતના મસ્અલાનો ઈન્કાર કરી દે છે, અથવા ઈકરાર એવો કરે છે જે ઈન્કારથી પણ બદતર છે. તેઓ નબીઓ વલીઓથી એ રીતે નિરાશ થઈ ચૂકયા છે કે કુર્આનમાં જેને : كَمَا يَئِسَ الْكُفَّارُ مِنْ اَصْحٰبِ الْقُبُوْرِ ''(જેમ કે કાફિર આશા છોડી બેઠા કબ્રવાળાઓથી. સૂ. મુમ્તહિના, ૬૦/૧૩) ફર્માવવામાં આવ્યું મૌલા તઆલા આપણને દીને હક઼ પર અડગતા અતા કરે. આમીન.

*(ઈસ્તિક઼ામત ડાયજેસ્ટ કાનપુરનો તહફફુઝે અક઼ાઈદ નંબર, ઈ.સ. ૧૯૯૬)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન**
(ગુજરાતી તર્જુમા સાથે)
અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૫૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

# મીલાદ મનાવવું

## સહાબાથી આજ સુધી અહલે સુન્નતનો તરીકો છે

રજૂકતા : **મૌલાના અલ્તાફ હુસૈન મિસ્બાહી કુરચનવી**

ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કરવાથી એ વાત સ્પષ્ટ થાય છે કે સહાબાએ કિરામના જમાનાથી આજ સુધી મુસલમાનોની બહુમતિ કુર્આન તથા હદીષ મુજબ સામૂહિક રીતે મીલાદ મનાવવા પર સહમત નજર આવે છે, એટલે કે નબી કરીમ ﷺની મીલાદનું આયોજન કરવું એહલે સુન્નત વ જમાઅતના મામૂલાતમાંથી છે. ભરોસાપાત્ર રિવાયતોથી સાબિત છે કે સહાબાએ કિરામે મેહફિલોનું આયોજન કરી નબી કરીમ ﷺની વિલાદતના પ્રસંગો અને મોઅજિઝાઓનો વર્ણન કર્યા. નબી કરીમ ﷺની સહીહ હદીષ છે :–

''જેણે ઈસ્લામમાં સારો તરીકો પ્રચલિત કર્યો અને ત્યાર પછી એ સારા તરીકા પર અમલ કરવામાં આવ્યો તો એ પ્રચલિત કરનારને એટલો જ સવાબ મળશે જેટલો કે એના ઉપર અમલ કરવાવાળાને મળશે.'' *(મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ, કિતાબુલ ઈલ્મ)*

આદરણીય વાંચકો ! આ સારા તરીકા (મીલાદ) પર સર્વ મુસલમાનોએ પ્રેમભાવના સાથે અમલ કર્યો. હિજાજ મુકદસમાં મીલાદપાકની મેહફિલોનું આયોજન થતું રહ્યું જેમ કે હઝરત શાહ વલીયુલ્લાહે عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان 'ફુયુઝૂલ હરમૈન' લખ્યુ છે, મહાન આલિમો તથા મુહદ્દિષોએ મીલાદ શરીફની હક્કનિયત પર કિતાબો લખી, કોઈપણ મોઅતબર આલિમે ઈદે મીલાદનો વિરોધ નથી કર્યો. જ્યારે અલ્લામા ઈબ્ને જવઝી અને ઈબ્ને તૈયમિયહ જેવા વિવેચનના નિષ્ણાત પરીક્ષકોએ ઈદે મીલાદની બરકતોને સ્વીકારી છે તો પછી આપણે બીજા કોઈની ટીકા પર કાન ન ધરવી જોઈએ, ઈબ્ને તૈયમિયહનું મંતવ્ય છે કે ''રસૂલુલ્લાહ ﷺની મેહફિલે મીલાદની તા'ઝીમ અને વાર્ષિક મીલાદનું આયોજન અમુક લોકો કરે છે અને સારા ઈરાદા તથા સદ્‌ભાવનાથી આ મેહફિલનું આયોજન કરનારાઓ માટે સારી નિય્યતના કારણે ઘણો સવાબ છે અને આમાં રસૂલુલ્લાહ ﷺની તાઝીમ તથા તકરીમ છે.'' *(હિવાલુલ ઈહતિફાલ, પેજ–૨૧, મુહમ્મદ બિન અલ્વી માલિકી)*

### ★ સહાબાએ કિરામ અને મેહફિલે મીલાદ ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما એક દિવસે પોતાના ઘરે એક કૌમને નબી કરીમ ﷺની વિલાદતના પ્રસંગો બયાન કરી રહ્યા હતા. સહાબાએ કિરામ ઘણા તલ્લીન થઈ અલ્લાહ તઆલાની હમ્દ કરી રહ્યા હતા અને નબી કરીમ ﷺ પર દુરૂદો સલામ પઢી રહ્યા હતા, અચાનક નબી કરીમ ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, તમારા માટે મારી શફાઅત હલાલ થઈ ગઈ. *(અદુર્રલ મુનઝ્ઝમ ફી મવલીદીન્નબિય્યીલ અઅઝમ)*

### ★ સહાબાએ કિરામ અને મીલાદની તાલીમ ★

હઝરત અબૂ દરદા رضی اللہ عنہ ફર્માવે છે કે હું નબી કરીમ ﷺની સાથે હઝરત આમિર અન્સારી رضی اللہ عنہના ઘરે ગયો તો એ પોતાના ઘરમાં પોતાના પુત્રો તથા સંબંધીઓને નબી કરીમ ﷺની વિલાદતના પ્રસંગો વિશે તાલીમ આપી રહ્યા હતા અને કહેતા હતા કે આ જ એ દિવસ છે જેમાં નબી કરીમ ﷺ

પેદા થયા. ત્યાર પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું, બેશક! અલ્લાહ તઆલાએ તમારા માટે રહમતના દરવાજા ખોલી દીધા છે અને બધા ફરિશ્તાઓ તમારી મગફિરતની દુઆઓ માંગી રહ્યા છીએ અને જે વ્યક્તિ તારી જેમ કામ (મેહફિલે મીલાદ) કરશે તો એ તારી જેમ નજાત પામશે.

*(હવાલો ઉપર મુજબ)*

નબી ﷺના આશિકો ! ઉપરોકત બંનેવ રિવાયતોથી જાણવા મળ્યું કે મીલાદની મેહફિલોનું આયોજન કરવું સહાબાએ કિરામનો તરીકો છે અને એ પણ સાબિત થયું કે ૧૨ રબીઉલ અવ્વલ શરીફના દિવસે મેહફિલે મીલાદનું આયોજન કરવું સહાબાએ કિરામની સુન્નત છે. હવે હું તમારી સમક્ષ ઈદે મીલાદની મહત્વતા વિશે મહાન ભરોસાપાત્ર આલિમો તથા મુહદ્દિષોના મંતવ્યો પુરાવા રૂપે રજૂ કરું જેથી દરેક મુસલમાનભાઈઓ પોતાનો અકીદો એમના મંતવ્યો મુજબ બનાવે.

**★ અલ્લામા ઈબ્ને જવઝી رحمۃ اللہ علیہનું બયાન ★**

અલ્લામા અબ્દુર્રહમાન ઈબ્ને જવઝી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان ફર્માવે છે "જે નબી કરીમ ﷺના મીલાદની ખુશી મનાવશે તો એ ખુશી જહન્નમની આગ માટે આડ બની જશે અને જે મીલાદે મુસ્તફા પર એક દિરહમ ખર્ચ કરશે હુઝૂર ﷺ એની શફાઅત કરશે. *(મવલદુલ ઉરૂસ, પેજ–૪, પ્રકાશક : બૈરૂત)*

**★ ઈમામ અબૂશામા رحمۃ اللہ علیہનું બયાન ★**

ઈમામ નવવીના ઉસ્તાદ હઝરત ઈમામ અબૂશામા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અમારા જમાનામાં જે શ્રેષ્ઠ નવુ કામ કરવામાં આવે છે તે એ છે કે લોકો દરેક વર્ષે હુઝૂર ﷺની મીલાદના દિવસે ખૈરાત કરે છે અને ખુશી જાહેર કરવા માટે પોતાના ઘરો તથા મહોલ્લાઓને સજાવે છે કેમ કે એમાં ઘણા ફાયદાઓ છે. ફકીરો, મિસ્કીનો સાથે ભલાઈ તથા મદદનો વ્યવહાર થાય છે અને જે વ્યક્તિ આ કામ કરે છે એના દિલમાં ખુદાના મહબૂબ ﷺની મહોબ્બતનો જઝબો જાગૃત થાય છે અને સૌથી અગત્યની વાત એ છે કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ નબી કરીમ ﷺને પેદા ફર્માવી તથા બંનેવ જહાન માટે રહમત બનાવી મોકલ્યા. આ અલ્લાહ તઆલાનું બંદાઓ ઉપર ઘણુ મોટુ એહસાન છે જેનો શુક્રિયા અદા કરવા માટે ખુશીનો ઈઝહાર કરવામાં આવે છે.

*(અસ્સિરતુલ હલબિય્યહ, ભાગ–૧, પેજ–૧૮૦)*

**★ ઈમામ કસ્તલાની رحمۃ اللہ علیہનું બયાન ★**

હઝરત ઈમામ અહમદ બિન મુહમ્મદ કસ્તલાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان કહે છે કે, "હુઝૂર ﷺની વિલાદતના મહિનામાં મુસલમાનો હમેશાંથી મીલાદની મેહફિલોનું આયોજન કરતા આવ્યા છે. ખુશીથી પકવાન પકાવી દાવતો કરે છે તથા સદકા, ખૈરાત કરે છે અને આપ ﷺની મીલાદ શરીફ પઢવાનો ખાસ બંદોબસ્ત કરે છે, એટલા માટે કે એમના પર અલ્લાહ તઆલાની બરકતો તથા રહમતોનું ઉતરાણ થાય છે. અને મીલાદ શરીફની વિશિષ્ટતાઓમાંથી આ અજમાવેલુ છે કે જે વર્ષે મીલાદ પઢાવવામાં આવે છે એ વર્ષ મુસલમાનો માટે અમાનનું વર્ષ હોય છે. મીલાદ કરવાથી દિલી મુરાદો પૂરી થાય છે. અલ્લાહ તઆલા રહમત કરે એના પર જેણે વિલાદતની મુબારક રાતોને ખુશીની ઈદ બનાવી અને આ ઈદે મીલાદ સખત મુસીબત થઈ જાય એ વ્યક્તિ પર જેના દિલમાં (મીલાદ વિશે) દુશ્મની છે." *(મવાહિબુલ લદુન્નિયહ, ભાગ–૧, પેજ–૨૭, પ્રકાશક : મિસ્ર)*

**★ ઈમામ ઈબ્ને હજર رحمۃ اللہ علیہનું બયાન ★**

અલ્લામા ઈબ્ને હજર મક્કી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان કહે છે, "મીલાદ પાકની મેહફિલો જે અમારે ત્યાં થતી આવી છે એમાં વધુ પડતી ભલાઈ (સારા કામો) પર આધારિત હોય છે જેમ કે સદકો, ઝિક્ર કરવું તથા નબી કરીમ ﷺ પર દુરૂદો સલામ પઢવું વગેરે."

*(ફતાવા હદીષિયહ, પેજ–૨૯, પ્રકાશક : મિસ્ર)*

★ ઈમામ અસ્કલાની رحمۃ اللہ علیہનું બયાન ★

હઝરત ઈમામ ઈબ્ને હજર અસ્કલાની عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَان ફર્માવે છે, '' ઈમામ સુહૈલી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانએ વર્ણન કર્યુ કે હઝરત અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં અબૂ લહબને એના મૃત્યુ પછી એક વર્ષ બાદ સ્વપ્નમાં જોયો કે એ ઘણી ખરાબ હાલતમાં છે અને કહી રહ્યો છે કે તમારાથી અલગ થઈને મને કોઈ રાહત નથી મળી, પણ હા ! દરેક સોમવારના દિવસે મારા ઉપર અઝાબ હલકો થઈ જાય છે.'' હઝરત અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે આ અઝાબમાં કમી એટલા માટે છે કે હુઝૂર ﷺની વિલાદત સોમવારના દિવસે થઈ ત્યારે એની નોકરાણી સુવૈબાએ અબૂ લહબને નબી કરીમ ﷺની પેદાઈશની ખુશખબરી સંભળાવી તો અબૂ લહબે ખુશ થઈને એને આઝાદ કરી આપી હતી. *(ફત્હુલ બારી શરહે સહીહુલ બુખારી, ભાગ–૯, પેજ–૧૧૮)*

સુન્ની વાંચકો ! આ વાત ધ્યાનમાં રહે કે આ હદીષ પાક સહીહ બુખારીમાં છે અને આ હદીષે પાકને દલીલ બનાવી મહાન આલિમોએ ઈદે મીલાદ પર ખુશી જાહેર કરવાને સવાબનું કામ ઠરાવ્યું છે.

★ શેખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનું બયાન ★

(અબૂ લહબના) ''આ વાક઼િઆમાં મીલાદ શરીફ મનાવવાવાળાઓ માટે રોશન દલીલ છે કે જેઓ હુઝૂર ﷺની પેદાઈશની રાતમાં ખુશી જાહેર કરે છે અને માલ ખર્ચ કરે છે. અને અબૂ લહબ જે કાફિર હતો, એને જ્યારે હુઝૂર ﷺની વિલાદતની ખુશીના કારણે ઈનામ આપવામાં આવ્યું તો એ મુસલમાનની શું હાલત થશે જે ખુશી અને મહોબ્બતથી દિવાનો થઈ માલ ખર્ચ કરે છે અને મીલાદ શરીફ મનાવે છે. પણ એને જોઈએ કે **મીલાદની મેહફિલોને બિદઅતો એટલે કે હરામ કામોથી**★ પાક રાખે.'' *(મદારિજુન્નબુવ્વહ, ભાગ–૨, પેજ–૨૭)*

★ મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہનું બયાન ★

હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہએ ઈદે મીલાદના જાઈઝ હોવા પર વીસ દલીલો રજૂ કરી છે. એમાંથી બીજી દલીલ એ છે કે ''નબી કરીમ ﷺ પોતાની પેદાઈશના દિવસની પોતે જ તાઝીમ કરતા હતા અને આ સર્વ શ્રેષ્ઠ નેઅમત પર અલ્લાહ તઆલાનો શુક્ર કરતા હતા અને આ દિવસની તાઝીમ માટે દરેક સોમવારના દિવસે રોઝો પણ રાખતા હતા જેમ કે ઈમામ મુસ્લિમે હઝરત ક઼તાદાથી રિવાયત કરી છે.'' *(અલ મવલદુર્રવીય, પેજ–૨૭, પ્રકાશક : મદીનતુલ મુનવ્વરહ)*

★ શેખ તાહિર પટની رحمۃ اللہ علیہનું બયાન ★

હઝરત અલ્લામા મુહમ્મદ તાહિર પટની عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَان કહે છે કે ''રબીઉલ અવ્વલનો મહિનો નૂરનું ઉદ્‌ભવ સ્થાન છે અને રહમતનો મઝહર છે. આ એવો મહિનો છે કે જેમાં દર વર્ષે ખુશી જાહેર કરવાનો હુકમ આપવામાં આવ્યો. છે.'' *(મજમઉલ બિહાર, ભાગ–૩, પેજ–૫૫૦, મિસ્ર)*

★ શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہનું બયાન ★

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَان ફર્માવે છે, ''હું મક્કા મુકર્રમામાં મીલાદે મુસ્તફાના દિવસે હુઝૂર ﷺના જન્મ સ્થાને હતો ત્યારે લોકો આપ ﷺ પર ચર્ચા કરી રહ્યા હતા. અને આપ ﷺના મોઅજિઝાઓ બયાન કરતા હતા. મેં એ મેહફિલમાં નૂરને ઉતરતું જોયું.'' *(ફ઼ુયૂઝુલ હરમૈન, પેજ–૨૭)*

અને હઝરત શાહ વલીયુલ્લાહ પોતાના પિતા હઝરત અબ્દુર્રહીમ દહેલ્વી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانનો મામૂલ (નિયમ) લખે છે કે, ''આપ દર વર્ષે મીલાદ પાકના દિવસે હુઝૂર ﷺના નામે ઈસાલે સવાબ કરતા હતા. એક વર્ષે એમની પાસે કાંઈ ન હતું તો

★ *જેમ કે ડીજે વગાડવું, ડાન્સ કરવો, ફટાકડા ફોડવા, ફોટા પાડવા, સ્ત્રીઓની જુલૂસોમાં ભેળસેળ થવી વગેરે.*

એમણે શેકેલા ચણા જ પેશ કરી આપ્યા. બારગાહે રિસાલતમાં આ ચણાઓની ઘણી કબૂલિયત થઈ." *(અદુર્રુશ શમીન ફી મુબશ્શિરાતિન્નબિય્યીલ અમીન, પેજ–૮)*

પ્રિય વાંચકો ! ઉપરોકત શાહ વલીયુલ્લાહ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُના મંતવ્યથી જાણવા મળ્યું કે એમના કુંટુંબીઓ ૧૨ રબીઉલ અવ્વલના દિવસે મેહફિલે મીલાદનો બંદોબસ્ત ઘણા શોખથી કરતા હતા, પણ આજે ખાનદાને શાહ વલીયુલ્લાહ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُની મહોબ્બતનો દમ ભરવાવાળા નજદ તથા દેવબંદના આલિમો ઈદે મીલાદ મનાવવા પર શિર્ક તથા બિદઅતનો ફત્વો કેમ આપે છે ? દુનિયાની આ પહેલી કૌમ વહાબી, દેવબંદી છે જે ઉમ્મતી હોવા છતાંય પોતાના પેશવાના જન્મ દિવસને નથી મનાવતી બલ્કે મીલાદ મનાવવાવાળાઓને મુશ્રિક કહેતાં ખચકાતી નથી ! આ કૌમને પોતાને નબી ﷺની ઉમ્મત કહેવાનો હક્ક જ નથી

## ★ ઈમદાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہનું બયાન ★

મોલ્વી રશીદ અહમદ ગંગોહીના પીર હઝરત ઈમદાદુલ્લાહ મુહાજિર મક્કી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે, "ફકીરનો મશરબ એ છે કે મેહફિલે મીલાદમાં હાજર થાઉં છું અને ક઼યામમાં લુત્ફ તથા લઝ્ઝત પામું છું." *(ફૈસલા હફ્ત મસ્અલા, મસ્અલા નં. ૯)*

અને વધુ ફર્માવે છે, "મીલાદ શરીફ સર્વ હરમૈન પાક (મક્કા, મદીના)ના લોકો કરે છે આ જ અમારા માટે દલીલ રૂપે કાફી છે." *(ઈમદાદુલ મુશ્તાક઼, પેજ–૮, શમાઈમે ઈમદાદિયહ, પેજ–૮૮)*

## ★ ડો. ઈકબાલનું બયાન ★

ડોક્ટર ઈકબાલ કહે છે : "મારી દષ્ટિમાં ઈન્સાનોની દિમાગી તથા ક઼લ્બી તર્બિયત માટે જરૂરી છે કે ઈન્સાનોના અક઼ીદા મુજબ જિંદગીનો સૌથી શ્રેષ્ઠ જે નમૂનો છે એ હમેશાં એમની આંખો સમક્ષ રહે અને મુસલમાનો માટે અતિ જરૂરી છે કે નબી કરીમ ﷺના ઉસ્વહ (નમૂના)ને પોતાની સમક્ષ રાખે જેથી પયરવી તથા જઝબો હમેશાં મજબૂત રહે અને આ જઝબાને ક઼ાયમ રાખવા માટે ત્રણ તરીક઼ા છે :–

(૧) વ્યક્તિગત રીતે દુરૂદ શરીફ પઢતા રહેવું. (૨) સામૂહિક રીતે મીલાદુન્નબી ﷺની મેહફિલોનું આયોજન કરતા રહેવું. (૩) કોઈ પીરે કામિલની સોહબત ઈખ્તિયાર કરવી. *(આધારે ઈકબાલ, પેજ–૩૦૫)*

## ★ આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہનું બયાન ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*હશ્ર તક ડાલેંગે હમ પૈદાઈશે મૌલા કી ધૂમ*
*મિષ્લે ફારસ નજદ કે ક઼ીલ્એ ગિરાતે જાએંગે*
*ખાક હો જાએ અદૂ જલકર મગર હમ તો "રઝા"*
*દમમેં જબ તક દમ હૈ ઝિક્ર ઉનકા સુનાતે જાએંગે*

★ ★ ★

*ગૈઝ સે જલ જાએં બેદીનો કે દિલ*
*ઝિક્રે આયાતે વિલાદત કીજીએ*

આદરણીય વાંચકો ! ફક઼ીરે અહિંયા ટૂંકમાં પુરાવા રજૂ કર્યા છે. વધુ માટે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہની કિતાબ "ઈક઼ામતુલ ક઼િયામહ અલા તાઈનીલ કિયામી લિનબિય્યી તિહામહ"નું વાંચન કરો, જેમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ કુર્આન, હદીષ અને ઉમ્મતના ભરોસાપાત્ર મહાન મુહદ્દિષોના મંતવ્યોથી ઈદે મીલાદુન્નબીની સાબિતી આપી છે.

અને સાથોસાથ ખાસ વાતની એ અપીલ છે કે ફક્ત મીલાદુન્નબી ﷺને રિવાજ પૂરતા ન મનાવો બલ્કે સાચે જ ઈશ્કે નબી ﷺ દિલોમાં છે તો શૈતાનની ચાહતને દિલોએથી ભગાડો એટલે કે શૈતાની કામો, ગુનાહોના કામોથી દૂર થઈ જાવ અને નમાઝ તથા સુન્નતોના ચુસ્ત પાબંદ બની જાવ તો તમારું મીલાદુન્નબી ﷺ મનાવેલું સાર્થક ગણાશે અને રબની બારગાહમાં મક઼બૂલ પણ થશે.

*(બરકાતે ખ્વાજા, જાન્યુઆરી–૨૦૧૪)*

# ઈદે મીલાદુન્નબી ﷺ માં શું જાઈઝ શું નાજાઈઝ ?!

કાર્યાલય

**નિષાર તેરી ચહલ પહલ પર**
**હઝારોં ઈદે રબીઉલ અવ્વલ**
**સિવાએ ઈબ્લીસ કે જહાંમેં**
**સભી તો ખુશિયાં મના રહે હૈં**

ઈમાનવાળાઓ માટે ખુશી મનાવવાનો દિવસ એટલે મીલાદુન્નબી ﷺ પણ મીલાદુન્નબી ﷺ મનાવવા બાબતે ઘણા રોગિષ્ઠ દિલોવાળા લોકો સુન્ની મુસ્લિમોના દિલોમાં વસવસા નાખવા સતત કોશિશ કરતા રહે છે, જ્યારે કે અહલે સુન્નતના ઉલમાએ કુર્આન, હદીષ, અક્વાલે ઉલમા તથા બુઝુર્ગોનાં કથનો તથા અમલો દર્શાવીને એમના તરફથી ઉઠતા ગુમરાહીના પ્રદૂષણને દૂર કરી આપેલ છે છતાં વિરોધીઓ હઠધર્મીમાં રહીને પોતાના દિલની કાળાશને જાહેર કરતા રહે છે. જેથી ટૂંકમાં એના જાઈઝ હોવાની ચર્ચા કરીને આપણા દિલોમાં ઈમાનનું નૂર વધારીએ.

**★ શરીઅતના હુકમોના પ્રકાર વિશે સમજૂતી ★**

મેહફિલે મીલાદ શરીફ જે પદ્ધતિ સાથે આજના જમાનામાં રિવાજ પામેલ છે તે વિના શંકાએ જાઈઝ તથા મુસ્તહસન તથા ખૈરો બરકતનો સબબ છે. એ આખા ઈસ્લામી જગતમાં વર્ષો વરસથી રિવાજ પામેલ છે. મહાન ઉલમાએ કિરામ, મુહદ્દિષો, ફક઼ીહોએ તેના જાઈઝ તથા મુસ્તહસન હોવાની સ્પષ્ટતા કરેલી છે. અને વિના શંકાએ કુર્આન હદીષથી એનું મુસ્તહબ હોવું સાબિત છે.

**શરીઅતના હુકમો બે પ્રકારના છે : (૧)** તે જેના સમયો તથા પદ્ધતિ તથા માત્રા નિશ્ચિત છે. તેમના માટે હદીષોમાં સંપૂર્ણ વિગતવાર વર્ણનો મૌજૂદ છે કે, ફલાણા સમયે કરવામાં આવે, આ રીત (પદ્ધતિ)થી અદા કરવામાં આવે. જેમ કે નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ. તેમના માટે એ જરૂરી છે કે શરીઅતે જે સમયે અને જે તરીક઼ાથી (રૂપમાં) અદા કરવાનો હુકમ આપ્યો છે એ જ રીતે અદા કરવામાં આવે. તેમાં ઘટાડો, વધારો, ફેરફાર જાઈઝ નથી. દા.ત. નમાઝના માટે નિશ્ચિત છે કે બે રકાતથી ઓછી ન પઢવામાં આવે, દરેક રકાતમાં એક ક઼યામ, એક રુકૂઅ અને બે સિજદા હોય, પ્રથમ ક઼યામ થાય પછી રુકૂઅ થાય પછી સજદા થાય. દરેક બે રકાત પર ક઼ાઈદો કરવામાં આવે. તથા રોઝા માટે નિશ્ચિત છે કે સુબ્હ સાદિક઼થી ગુરૂબ આફતાબ સુધી જ થાય, રાતમાં ન હોય, એ જ પ્રમાણે હજ્જના માટે સ્થળ, દિવસો તથા તરીક઼ો વગેરે નક્કી જ છે એનાથી વિરુદ્ધ ન થઈ શકે..... વગેરે.

**(૨)** બીજાં તે કામો જેનો હુકમ અબાધિત છે, તેમના માટે ન સમય નિશ્ચિત છે ન ખાસ તરીક઼ો ન માત્રા. જેમ કે કુર્આન મજીદની તિલાવત, ખુદા વ રસૂલનો ઝિક્ર, દુરૂદ શરીફ..... વગેરે. એનો હુકમ એ છે કે એને કરનારો જે સમયે ચાહે જે રીતે ચાહે કરે, જેટલા પ્રમાણમાં ચાહે કરે.

ઉસૂલુશ્શાશી વગેરે સર્વ ઉસૂલે ફિક઼્હની કિતાબોમાં

સ્પષ્ટતા છે કે, ''મુત્લક્ (અબાધિત) હુકમ એ છે કે જે ફર્દને પણ કોઈ અદા કરશે મઅમૂર બિહને અદા કરશે. દા.ત. એક વ્યક્તિ દરરોજ ફજરની નમાઝ બાદ કિ઼બ્લા તરફ ચારઝાનૂ બેસીને કુર્આન મજીદની તિલાવત કરે છે. જો કે કુર્આન તથા હદીષમાં ક્યાંય વર્ણન નથી કે ફજરની નમાઝ પછી તિલાવત કરો. તેમ છતાં એ સમયે એ રીતે તિલાવત કરવી ઈબાદત છે અને સવાબનું કાર્ય છે. વાત એ જ છે કે તિલાવતનો હુકમ મુત્લક્ (અબાધિત, બિનશર્તી) છે. કોઈપણ જે રીતે જે સમયે પણ તિલાવત કરશે તે ખુદાની ઈબાદત જ કરશે, જ્યાં સુધી કે કોઈ ખાસ સમયની મનાઈ ન હોય. મીલાદ શરીફ તથા એમાં ક઼યામ તથા સલામ એ જ બીજા પ્રકારમાં સામેલ છે.

**★ રબની નેઅમતોની ખૂબ ચર્ચા કરો ! ★**

મીલાદુન્નબી ﷺ મનાવવું એ કુર્આની આદેશ મુજબ છે. કુર્આન મજીદમાં રબનો ઈર્શાદ છે : **وَاَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ** ''તમારા રબની નેઅમતની ખૂબ ખૂબ ચર્ચા કરો.''

તેમજ ફર્માવ્યું :–

**قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا**

''ફર્માવી દો ! અલ્લાહના ફઝ્લ તથા તેની રહમત પર ખુશી મનાવો.''

દરેક મુસલમાનનું ઈમાન છે કે **અલ્લાહ ﷻ નો સૌથી મહાન ફઝ્લ અને તેની સૌથી મહાન નેઅમત તથા રહમત એ હુઝૂરે અક઼દસ ﷺ જ છે.** જ્યારે અલ્લાહ ﷻ એ પોતાની દરેક નેઅમતનો વધુથી વધુ ચર્ચો કરવાની અને દરેક ફઝ્લ તથા રહમત પર ખુશી મનાવવાનો હુકમ આપ્યો છે, તો જે અલ્લાહ ﷻ ની સૌથી મહાન નેઅમત, ફઝ્લ તથા રહમત છે તેનો વધુને વધુ ઝિક્ર કરવાનો તથા તેના પર વધુને વધુ ખુશી મનાવવાનો હુકમ આ આયતોથી સાબિત થઈ ગયો.

તેમજ અહીં પણ અલ્લાહે વધુથી વધુ ઝિક્ર કરવા તથા ખુશી મનાવવાનો મુત્લક્ (બિનશર્તી) હુકમ આપ્યો છે, તેની કોઈ રીત નિશ્ચિત કે ખાસ નથી કરી. જેથી વધુથી વધુ ઝિક્ર તથા ખુશી મનાવવાનો જે પણ જાઈઝ તરીક઼ો હોય તે સૌ એમાં સામેલ છે, જ્યાં સુધી કે કોઈ ખાસ તરીક઼ા માટે શરીઅતમાં મનાઈ ન આવી હોય. મીલાદ શરીફની મેહફિલ તથા મીલાદુન્નબીનો જુલૂસ આ સર્વ એના માટેનાં કામો છે કે એ જરૂર જરૂર વધુથી વધુ ઝિક્ર કરવા તથા ખુશી મનાવવાનો એક તરીક઼ો છે જેનાથી શરીઅતમાં કોઈ મનાઈ નથી, બલ્કે એની સાબિતી છે.

જ્યારે હુઝૂરે અક઼દસ ﷺ હિજરત પછી મદીના તયબહમાં દાખલ થયા તો સહાબાએ કિરામે ખૂબ જ અઝીમુશ્શાન જુલૂસ કાઢયું હતું. એ જ પ્રમાણે ગઝવએ તબૂકથી પરત થતાં અજોડ જુલૂસ કાઢયું હતું. હિજરતવાળા જુલૂસમાં ખુશીના આવેશમાં ''યા રસૂલલ્લાહ ! યા રસૂલલ્લાહ !''ના નારા પણ લાગ્યા હતા. *(મુસ્લિમ શરીફ, ૨/૪૧૯)*

આ પરથી સાબિત થયું કે હુઝૂરે અક઼દસ ﷺની હુઝૂર ﷺની અઝમત (મહાનતા) જાહેર કરવાના માટે જુલૂસ કાઢવું તથા એમાં ''યા રસૂલલ્લાહ ! યા રસૂલલ્લાહ !'' નારા લગાડવા. એ સહાબાએ કિરામની સુન્નત છે. એને બિદઅત તથા શિર્ક કહેવું એ સહાબાએ કિરામને બિદઅતી તથા મુશ્રિક બનાવવું છે બલ્કે ખૂદ હઝૂરે અક઼દસ સૈયદે આલમ ﷺને પણ ! કેમ કે એ જુલૂસમાં હુઝૂરે અક઼દસ ﷺ પણ હાજર હતા. હુઝૂર ﷺની સામે જ ''યા રસૂલલ્લાહ !''ના નારા લાગ્યા, તેને હુઝૂરે સાંભળ્યા છતાં સહાબાને મના ન કર્યું તો હુઝૂર પણ વિરોધીઓના કથન મુજબ એ જ ગૃપમાં દાખલ થયા ! (મઆઝલ્લાહ !)

હદીષમાં છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું,

"બરોઝ પીર (સોપવારે) રોઝો રાખો એટલા માટે કે એ દિવસે હું પેદા થયો." આ પરથી સાબિત થયું કે વિલાદતના દિવસની યાદ મનાવવા માટે રોઝો રાખવો સુન્નત મુજબ છે. અને એમાં દરેક સારું કાર્ય સામેલ છે. મીલાદ શરીફની મેહફિલ વિના શંકાએ અલ્લાહ ﷻ તથા રસૂલે પાક ﷺના ઝિક્રની મેહફિલ છે તથા વિના શંકાએ નેક કાર્ય છે.

*(મક઼ાલાતે શારહે બુખારી, ભાગ : ૧)*

**★ રસૂલુલ્લાહ તથા સહાબાના જમાનામાં કોઈ અમલનું ન હોવું શું તેને હરામ ઠરાવશે ? ★**

જેની આંખોમાં રોશની છે તેના માટે આટલી વાતો હક્ક઼ સમજવા માટે પૂરતી છે અને હઠધર્મીનો કોઈ ઈલાજ નથી હોતો. કેટલાક દેવબંદીઓ વારંવાર આ પ્રશ્ન કરે છે કે રસૂલના, સહાબાના જમાનામાં આ મનાવવામાં આવેલ નથી એટલા માટે હરામ છે ! એ વહેમ તથા વાંધાને દૂર કરવા અંતમાં દેવબંદીઓના જ પેશવાઓની ઝબાની કોઈ ચીજના જાઈઝ તથા નાજાઈઝ હોવા વિશેનો ખુલાસો જોઈ લો :–

**દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી** લખે છે : "જનાબ રસૂલુલ્લાહ ﷺ તથા સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن ના કથન કે અમલનું ન હોવું કોઈ કથન કે અમલના નાજાઈઝ હોવાની દલીલ નથી. હુકમ ન હોવા માટે દલીલની જરૂરત છે. જાણકારીનું ન હોવું પૂરતુ નથી." *(બહવાલા મૌલાના ઈસ્માઈલ ઔર તક઼વિયતુલ ઈમાન, પેજ–૧૦૮)*

**મોલ્વી રશીદ અહમદ ગંગોહી દેવબંદી** જણાવે છે : "નાજાઈઝ હોવા માટે એ દલીલ નથી કે કોઈએ કુરૂને ખૈર (રસૂલ, સહાબાના જમાના)માં એને નથી કર્યું." અને "જાઈઝ તથા નાજાઈઝમાં જાઈઝ હોવા તરફ જવું જોઈએ." *(ફતાવા રશીદિયહ્, પેજ–૨૨૮)*

**જનાબ ક઼ારી મુહમ્મદ તૈયબ માજી મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ**ની સાંભળો ! તે પણ કહે છે : "વર્ણન થયેલ ન હોવાનો અર્થ તદ્દન જ જાઈઝ ન હોવાનો નથી. વર્ણન ન હોવું એ વસ્તુ ન હોવાનો આધાર નથી. વર્ણન ન હોવાનો અર્થ દુનિયામાં ક્યાંય પણ નકાર તથા મનાઈનો નથી થતો." *(કલિમાએ તૈયબહ, પેજ : ૯૧–૫૭–૪૮)* સારાંશ કે કોઈ નક઼લનું ન મળવું સુન્નત હોવાનો નકાર તો થઈ શકે છે, પણ તેના હોવાનો કે જાઈઝ હોવાનો નકાર નહીં થઈ શકે.

**★ નાજાઈઝ કહેવા માટે નસ (શરઈ દલીલ) જોઈએ અને એ જિમ્મેદારી નાજાઈઝ કહેનાર પર છે ★**

**'ફુયૂઝુલ બારી'**ના **લેખક લખે છે :** "જ્યારે કોઈ વ્યક્તિ કોઈ ચીજને મના તથા ઈન્કાર કરે અને તેને હરામ તથા મકરૂહ અને નાજાઈઝ કહે, તો સાંભળો ! જાણી લો ! સાબિત કરવાના બોજાની જિમ્મેદારી તેના માથે છે, જ્યાં સુધી ઉઘાડી શરઈ દલીલ વડે સ્પષ્ટ ન કરી આપે ત્યાં સુધી એનો દાવો એના પર મરદૂદ. અને જાઈઝ તથા મુબાહ કહેનાર એનાથી મુક્ત છે કે એના માટે અસલથી દલીલ મૌજૂદ છે. **આ ક઼ાયદો કુર્આની દલીલ, નબવી હદીષો તથા હનફી, શાફઈ વગેરે મહાન આમ ઉલમા તથા ઈમામોના ખુલાસાઓથી સાબિત છે. એટલે સુધી કે કોઈ આલિમ એમાં વિરોધ કરતો નથી જોવા મળ્યો.** *(ફુયૂઝુલબારી, પેજ–૩/૨૧૯)*

**મિયાં નઝીરહુસૈન દહેલ્વી (દેવબંદી)નું એક કથન જુઓ :** "અને બેભાન ! મૂર્ખ ! ખુદા તથા રસૂલ ﷺનું જાઈઝ ન કહેવું અલગ વાત છે અને નાજાઈઝ કહેવું જુદી વાત છે. એ તો બતાવો કે તમે જે નાજાઈઝ કહો છો તેને ખુદા વ રસૂલે નાજાઈઝ ક્યાં કહ્યું છે ?!" *(ઈક઼ામતુલ ક઼િયામહ્, પેજ–૨૯)*

આશા છે કે વિરોધીઓ પોતાના પેશવાઓની વાત તો સ્વીકારશે.

**'ફુયૂઝુલ્બારી'**માં છે : "જે શખ્સ કોઈ વાતનો દાવેદાર હોય તો તેને સાબિત કરવાની જિમ્મેદારી તેના માથે છે. પોતે પોતાના દાવાની સાબિતી ન આપે અને બીજા લોકોથી ઉલ્ટી સાબિતી માંગતો ફરે તે પાગલ તથા ગાંડો કહેવાય છે અથવા ધોકાબાઝ ફિત્નાખોર. *(ફુયૂઝુલ બારી, ૩/૨૨૦, બહવાલા બિદઅત કી હકીકત, પેજ–૧૨૯, ૧૩૦, અલ્ મજમઉલ મિસ્બાહી, મુબારકપુર)*

સુન્ની ભાઈઓ ! વિરોધીઓ જેમને માનવાનો દાવો કરે છે તે શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી, હઝરત શાહ અબ્દુર્રહીમ દહેલ્વી, શાહ અબ્દુલ હક્ક્ મુહદ્દિષ દહેલ્વી رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن વગેરે મીલાદુન્નબી મનાવતા હતા, ન્યાઝ કરતા હતા, એના વર્ણનો વાંચવા અમારી કિતાબ જુઓ "અહલે સુન્નતના હક્કનો ચમકાર !" જે **Web.** પર પણ **Anjuman** ફાઈલમાં જોઈ શકાશે તેમજ બરકાતે ખ્વાજા માસિક ફેબ્રુ–૨૦૧૦માં જુઓ.

### ★ નાજાઈઝ તથા હરામ હરકતોથી દૂર રહો ! ★

સારાંશ કે જાઈઝ તથા નેક કામો જેમ કે તિલાવતે કુર્આન, નઅતે પાકની તથા બયાનોની મેહફિલો જેમાં કુર્આન હદીષની રોશનીમાં ખુદા વ રસૂલનો ઝિક્ર થાય, શાન દર્શાવતા ઝંડા સાથે જુલૂસો કાઢવામાં આવે, ઘરોને લાઈટિંગથી સજાવવામાં આવે, યા રસૂલલ્લાહ ! ના નારા લગાડવામાં આવે, મીલાદેપાકની ખુશીમાં મીઠાઈઓ કે અન્ય ન્યાઝ સુન્નીઓમાં ખવડાવવામાં આવે, રોઝો રાખવામાં આવે, ગરીબો ! યતીમોને સદકા ખયરાત કરવામાં આવે, ગરીબોને કપડાં વગેરે વહેંચવામાં આવે, બીમારોને ફ્રુટ વહેંચવામાં આવે....... વગેરે સર્વ શરીઅતમાં જેની મનાઈનો હુકમ નથી તે સર્વ ભલાઈનાં કામો કરવામાં આવે તો એમાં કોઈ જ રોકટોક નથી. પણ આજકાલ કેટલાક નાદાન તથા જઝબાતી ભાઈઓ હાથે કરીને આ જુલૂસોમાં પણ ગલત કામો કરીને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની નારાજગી વહોરે છે અને ઉપરથી વિરોધીઓને આંગળી ચીંધવાનો મોકો આપે છે.

### ★ ફટાકડા ફોડનારા શૈતાનના ભાઈ છે ! ★

ઘણા જ અફસોસની વાત છે કે કેટલાક ઠેકાણે કાફિરો તથા મુશ્રિકો જે રીતે તેમના ખુશીના પ્રસંગો તથા તહેવારોમાં ફટાકડા ફોડે છે, સૂરસૂરીયાં ઉડાડે છે, તારામંડળ સળગાવે છે તથા ક્રિશ્ચનો ક્રિસમસ મનાવતી વેળા આકાશમાં ઝગારા મારે એવાં રોકેટો છોડે તથા આતાશબાજી કરે છે, આકાશમાં ઊંચે ચડી ફૂટે તેવા ગુબ્બારા હવામાં છોડે છે, તેમ કેટલાક નાદાન મિત્રો શાદીમાં, ઉર્સમાં તથા મીલાદુન્નબી ﷺ મનાવતી વેળા જુલૂસોમાં આતશબાજી કરવા લાગ્યા છે. તેઓને એનાથી મનાઈ કરતો શરીઅતનો હુકમ નીચે વર્ણવીએ છીએ એ ઉમ્મીદ સાથે કે એનાથી બચે અને ખુદા વ રસૂલની નારાજગી ન વહોરે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : ફટાકડા ફોડવા, આતશબાજી એ ફુઝૂલખર્ચી છે અને કુર્આને ફુઝૂલખર્ચી કરનારાઓને શૈતાનના ભાઈ કહ્યા છે. જેથી હરગિઝ હરગિઝ એ કામો ન કરવામાં આવે. *(ફતાવા રઝવિય્યહ, ૧૦/૭૭)*

કેટલાક ભોળા ભાઈઓ કહે છે કે ફટાકડા તો શાન જાહેર કરવા માટે ફોડવામાં આવે છે ! તેઓ સમજી લે કે શાન જાહેર કરવા ફટાકડા ફોડવાનું હરામ કામ ન કરવામાં આવે. પણ શાન જાહેર કરવા માટે બંદૂક ફોડવાની શરીઅતમાં ઈજાઝત છે કે જેનાથી

મુસ્લિમોનો ગૈરો પર પ્રભાવ પડી શકે છે, એ બહાદુરી પ્રદર્શિત કરે છે. *(ફતાવા રઝવિય્યહ્, ૧૦/૫૮, બહવાલા તા'લીમાતે આ'લા હઝરત)* ફટાકડા અને સૂરસૂરીયાંથી પ્રભાવ નથી ઉભો થઈ શકતો. વળી **બાશરઅ પીરોએ પણ જુલૂસોમાં આવી ખરાબીઓ પોતાના પ્રભાવથી દૂર કરાવવી જોઈએ, નહીં તો પછી એવાં જુલૂસોની ક઼યાદત જ સ્વીકારવી ન જોઈએ જેથી લોકો ઈબ્રત પકડે.**

**★ બેન્ડબાજા-વાજિંત્રો વગાડવાં તથા નાચવું હરામ છે ! ★**

મુસ્લિમોના દરેક યાદગાર દિવસો, ઈદો વગેરેમાં ખુશી એ રીતે મનાવવાની હોય છે કે રોજના કરતાં અધિક ઈબાદત કરવામાં આવે, ગુનાહનાં કામોથી દૂર રહીને રબને રાજી કરવાના કામો કરવામાં આવે. જેથી મીલાદુન્નબી ﷺના દિવસે પણ નેક કામો જે અગાઉ વર્ણન થયાં તે કરવામાં આવે. પણ અફસોસ કે આજકાલ ઘણે ઠેકાણે જુલૂસોમાં ક઼ાયદેસર વિવિધ બેન્ડબાજાની પાર્ટીઓને શરીક કરીને તેઓ વાજિંત્રો વગાડતા હોય છે ! **હે સુન્નીઓ ! ગૈરમુસ્લિમો પણ જાણે છે કે ઈસ્લામમાં વાજિંત્રો હરામ છે.** તો તમને એને વગાડતાં શરમ નથી આવતી ! અને તે પણ તે રસૂલેપાક ﷺના વિલાદતની ખુશીના પ્રસંગે કે જેમનું ખૂદનું ફર્માન છે કે, **"મારા રબ તઆલાએ મને વાજિંત્રોને તોડવા માટેનો હુકમ આપ્યો છે."**

*(મિશ્કાત શરીફ, પેજ : ૧૮)*

જે નબી ખૂદ વાંજિત્રોથી આટલી બધી નફરત દર્શાવે તેમની જ વિલાદતની ખુશીમાં તમો વાજિંત્રો વગાડો એ કેટલી ગુમરાહીની વાત કહેવાશે ! જો નબી ﷺ સાથે સાચી મહોબ્બત જ હોય તો આવાં ધતીંગોને બંધ કરો અને આપની પ્યારી શરીઅત પર અમલ કરો.

વળી આજકાલ કેટલાક લોકો ડાયરેક્ટ મ્યૂઝિક નથી વગાડતા પણ નવી નવી સ્ટાઈલો અપનાવીને નઅત એ રીતે રજૂ કરે છે કે જાણે વાજિંત્રો વાગી રહ્યાં છે, એ રીતે કલા કારીગરી વડે નઅતો પઢીને લચક પેદા કરે છે. નઅત પઢનાર સાથે "અલ્લાહ ! અલ્લાહ !"નું ઝિક્ર કરનારા થકી ઢોલક જેવો અવાજ ગળામાંથી કાઢવામાં આવે છે ! એના બારામાં આપણા અગ્રેસર ઉલમાએ ફર્માવ્યું છે કે, "જો એ જાણી જોઈને (ધિનચુક ! ધિનચુક !) અવાજ કાઢવામાં આવે છે તો એ તદ્દન હરામ છે." *(ફતાવા નૂરાની)*

અને મોટાભાગે આવું ઝિક્ર નઅતખ્વાંની સાથેવાળા મ્યૂઝિક જેવી લચક પેદા કરવા માટે જ કરતા હોય છે, જેથી એનાથી પણ દૂર રહેવું અને નઅતે પાક જેવી પવિત્ર ચીજને આ હરામ કાર્યથી પાક રાખવી જોઈએ. વળી ટી.વી. પ્રોગ્રામોમાં પર્દાવાળી કે બેપર્દા સજીધજીને આવેલી સ્ત્રીઓ પણ નઅત પઢે છે તો આ પણ હરામ છે કે ઔરતનો અવાજ તથા ચહેરો વગેરે પણ ગૈરોથી છુપાવવાની ચીજ છે.

વળી ઘણે ઠેકાણે ગૈર ક઼ૌમોના તહેવાર જેમ ધાંધલ ધમાલ કરી મૂકતાં ફિલ્મી ગીતની જેમ નઅતની ધૂન રચવામાં આવે છે જેમ કે "સોણા આયા......આયા......" ગાય છે અને પછી ફિલ્મી ગીત પર થતા ડાન્સ જેમ યુવાનો ડાન્સ પણ કરવા લાગે છે ! અફસોસ ! અફસોસ ! શયતાન મુસલમાનો પર કેવા કેવા વાર કરી રહ્યો છે ! અને મુસ્લિમો એમાં ફસાતા જઈ રહ્યા છે. મારા ભાઈઓ ! અત્યાર સુધી નઅતો સાંભળી દિલ મહબ્બતે રસૂલ ﷺથી એટલુ નરમ થઈ જતું કે આંખોથી આંસૂંઓ ટપકવા માંડતાં, જ્યારે આજે છાકટા બનીને તમે ડાન્સ કરો છો ?! કોઈ લોકોને છેતરવા એને વજદ ન કહેશો ! કેમ કે ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બતમાં જેને વજદ આવે તે તો તદ્દન ભાનમાં નથી

રહેતો એટલે સુધી કે તેને શરીરમાં સોયો ખોસી દેવામાં આવે તોય અસર ન જણાય ! જ્યારે આ તો નર્યો ડાન્સ કરવામાં કૂદતા ઝુમતા હોય છે, તો એ શરીઅતમાં જાઈઝ નથી. બલ્કે હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "નબી ﷺની બારગાહમાં સલામ પેશ કરતી વખતે એ રીતે ઉભો રહો જેમ કે નમાઝમાં (હાથ બાંધી અદબભેર) ઉભા રહો છો, સંપૂર્ણ અદબ સાથે." તો સુન્નીઓ ! મહબ્બતે રસૂલ ﷺની શમ્અ ખરેખર દિલમાં જલે છે તો આ સર્વ હરામ તથા નાજાઈઝ કામોથી મીલાદની મેહફિલો, જુલૂસોને પાક કરીને નબીપાક ﷺની ખુશ્નુદી હાંસલ કરવા કોશિશ કરો.

### ★ નમાઝ ફર્ઝ છે જ્યારે આ કામો મુસ્તહબ છે ★

વળી જુલૂસો દરમ્યાન કે સજાવટો, ડેકોરેશન કરવામાં મશ્ગૂલ રહીને ઘણા લોકો નમાઝો છોડી આપે છે ! **મસ્જિદમાં નમાઝની જમાઅત ઉભી છે અને આશિકે રસૂલ કહેવાતા યુવાનો મસ્જિદ બહાર ઝુમ્મરો ટીંગાડવામાં વ્યસ્ત છે ! મોટા ભાગે આશિકોની સર્વ ચહલ પહલ મસ્જિદ બહાર જ જોવા મળે છે જ્યારે મસ્જિદોમાં સન્નાટા હોય છે !** આ તદ્દન ખોટુ છે. સાંભળી લો, નમાઝ તો ફર્ઝ છે અને બાકીનાં જે કામો થઈ રહ્યાં છે તે મુસ્તહબ છે, જેથી પ્રથમ નમાઝ અદા કરો પછી અન્ય કામો કરો તો જ તમારાથી અલ્લાહ عزوجل તથા નબી કરીમ ﷺ રાજી થશે.

વળી જુલૂસ દરમ્યાન ન્યાઝની મીઠાઈ વગેરે ઉભા ઉભા કે ચાલતાં ચાલતાં લોકો ખાય છે, ઉભા ઉભા શરબતો, ચાય પાણી વગેરે પીતા હોય છે તો એ પણ ઈસ્લામી તરીકા વિરુદ્ધ છે જેથી એનાથી બચો અને નીચે બસીને ખાવા પીવાનું રાખો.

તેમજ કેટલીક જગાએ કેક કાપવાની વિધિ થાય છે તો એનાથી પણ બચો કે એ ક્રિશ્ચનોનો તરીકો છે અને ગૈરોથી મુશાબેહત જાઈઝ નથી. માટે નબી ﷺની યાદ નબી ﷺના તરીકા પર ચાલીને મનાવો, તેમના દુશ્મનોના તરીકા પર ચાલીને ન મનાવો.

### ★ સ્ત્રીઓની ભેળસેળ દરેક ઠેકાણે હરામ છે ! ★

શાદીની મેહફિલ હોય કે અન્ય પ્રસંગ હોય કે દીની જલસા જુલૂસ હોય સ્ત્રીઓ થકી સંપૂર્ણપણે પર્દો ઈસ્લામમાં અનિવાર્ય છે, નહીં તો હરામ કામો તથા ગુનાહોનો સબબ એવી મેહફિલો બની જશે. જેથી મીલાદુન્નબી ﷺના જુલૂસમાં ઔરતોએ જોડાવુ જાઈઝ નથી. જ્યારે સ્ત્રીઓને નમાઝોની જમાઅત કે જે વાજિબ છે તેના માટે મસ્જિદમાં આવવાની ઈજાઝત નથી અને સ્ત્રી માટે જણાવાયું છે કે સ્ત્રી જેટલી વધુ અંદરના રૂમમાં નમાઝ પઢશે એટલો વધુ સવાબ પામશે. જ્યારે ફર્ઝ નમાઝ પઢવા મસ્જિદમાં થતી વાજિબ જમાઅતમાં શરીક થવાની છૂટ નથી તો આ મુસ્તહબ જુલૂસમાં જોડાવા સ્ત્રી કઈ રીતે હાજર થઈ શકે ?! વળી આજકાલ તો કેટલાક ઠેકાણે ગૈરકૌમોના મેળાવડાની જેમ બનીઠનીને મોડેલો જેમ સજીને સ્ત્રીઓ જુલૂસમાં મર્દોની સાથે ભેળસેળ થતી જોવા મળે છે, તો આ સખત હરામ છે. એનાથી પણ બહેનો બચે. પુરૂષો પોતાના ઘરની સ્ત્રીઓને આવા જુલૂસોમાં જવાથી રોકે.

જો આપણે શરીઅતની પાબંદી સાથે મીલાદુન્નબી ﷺ મનાવીશું તો જ તેનો ફયઝ પામી શકીશું. રબ તઆલા આપણને શરીઅતના વર્તુળમાં રહીને જીવન જીવવાની તૌફીક આપે.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

# દુરૂદે પાક એક અઝીમ ઈબાદત

★ અઝ : મૌલાના મુફ્તી મુહમ્મદ સરફરાઝ અશરફી દયાદરવી

### ★ દુરૂદે પાકની શરૂઆત ક્યારે થઈ ? ★

એ વાત તો સાબિત છે કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાની કુદરતે કામિલાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નૂરને આખી દુનિયાથી પહેલાં પૈદા ફર્માવ્યું. ભલે આ દુનિયામાં આગમન તમામ અંબિયા વ મુરસલીન علیہم السلام પછી થયું. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم નું નૂર આ દુનિયામાં જાહેર થવાને કરોડો વર્ષો પહેલાં આલમે ગૈબમાં એક ચમકતા તારાની સૂરત ચમકતું રહ્યું. મશહૂર સહાબી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ વર્ણન કરે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم થી પૂછયું, હે જિબ્રઈલ ! બતાવો, તમારી ઉમ્ર કેટલી છે ? જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم એ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને મારી ઉમ્રના બારામાં ખબર નથી, હા ! મને એટલી ખબર છે કે ચોથા હિજાબમાં એક તારો હતો જે સિત્તેર હજાર વર્ષોમાં એકવાર ચમકતો હતો. એ તારાને મેં બોત્તેર હજાર વાર ચમકતો જોયો છે. એટલે કે જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم એ બારગાહે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم માં આ વાત પેશ કરી કે મારી ઉમ્ર ઘણી લાંબી છે. અત્યારે મારી ઉમ્ર પાંચ અબજ ચાર કરોડ વર્ષથી પણ વધારે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, હે જિબ્રઈલ ! મારા રબની ઈઝ્ઝત વ જલાલની કસમ ! હું જ એ તારો છું !

ખુલાસો એ કે નૂરે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ને આખી દુનિયાથી પહેલાં પૈદા ફર્માવ્યું ત્યાર બાદ બધાથી પહેલાં અલ્લાહ તબારક વ તઆલાએ જાતે જ પોતાના મહબૂબના નૂરે પાક પર દુરૂદ શરીફનો તોહફો મોકલ્યો, જેની શરૂઆતનું જ્ઞાન માત્ર અલ્લાહ તબારક વ તઆલાને જ છે.

### ★ મો'મિનોને દુરૂદ શરીફ પઢવાનો હુકમ ક્યારે મળ્યો ? ★

બારગાહે નબવીમાં મો'મિનોના દુરૂદ વ સલામ મોકલવાની શરૂઆતના વિશે ઉલમાના દરમ્યાન વિવાદ છે. અલ્લામા શહાબુદ્દીન ખફ્ફાજી رحمۃ اللہ علیہ હઝરત અબૂઝર رضی اللہ عنہ નો આ ઈર્શાદ નકલ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ મોકલવાની શરૂઆત હિજરતના પાંચમાં વર્ષે મદીના મુનવ્વરામાં થઈ. અને બીજા ઉલ્માએ ફર્માવ્યું કે દુરૂદ વ સલામ પઢવાની શરૂઆત મક્કા મુકર્રમામાં થઈ કારણ કે દુરૂદ પઢવાનું વર્ણન મેઅરાજવાળી હદીષમાં આવ્યું છે. *(નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૪૪૩)*

અલ્લામા શામી رحمۃ اللہ علیہ માં ઈર્શાદ છે કે શાબાનનો મહીનો હિ.સ. ૨ અથવા મેઅરાજમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ પઢવાનો હુકમ નાઝિલ થયો છે. *(રદ્દુલ્ મુહ્તાર, ભાગ–૧, પેજ–૫૧૫)*

### ★ દુરૂદ શરીફની ફઝીલત કુર્આનની રોશનીમાં ★

اِنَّ اللّٰـهَ وَمَلٰٓـئِكَـتَـهٗ يُصَلُّـوْنَ عَلَـى النَّبِـيِّ
يٰٓاَيُّهَاالَّذِيْنَ اٰمَنُوْاصَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْاتَسْلِيْمًا

**તર્જુમા** : બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તાઓ નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ મોકલે છે, હે ઈમાનવાળાઓ ! તમે પણ એમના પર દુરૂદ વ સલામ મોકલો !

અલ્લાહ તબારક વ તઆલાએ આ આયતે કરીમામાં પોતાના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ શરીફ પઢવાની શરૂઆત પોતાના નામે પાકથી ફર્માવી પછી પાક અને માસૂમ ફરિશ્તાઓનું દુરૂદ પઢવાનું વર્ણન ફર્માવ્યું. એટલા માટે કે પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બુલંદી વ બડ઼ાઈ અને સરદારી વ બુઝુર્ગીને ઝાહિર ફર્માવે. અને પ્યારા રસૂલની પ્યારી ઉમ્મતને આ વાતનો શોખ અર્પણ કરે કે તેઓ પોતાના રસૂલ પર દુરૂદ વ સલામ મોકલીને પોતાના રબની ખાસ મહેરબાનીઓને હાંસલ કરે. માટે જ્યારે જ્યારે ઈમાનવાળાઓ ઉપર વર્ણવેલી આયતની તિલાવત કરે છે અને એના અર્થો પર વિચારે કરે છે તો તેઓ જરૂર આ વાતનો એહસાસ કરે છે કે જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પર માસૂમ ફરિશ્તાઓ વારંવાર દુરૂદ મોકલે છે અને અલ્લાહ તબારક વ તઆલા દરેક ચીજથી બેપરવા હોવા છતાંય એમના પર હમેશાં દુરૂદ મોકલે છે તો આપણી ઉપર કેમ કરીને જરૂરી ન હોય કે આપણે રસૂલની બારગાહમાં બેહિસાબ દુરૂદ શરીફનો તોહફો પેશ કરીને ખુદાની રહમત અને મુસ્તફાની શફાઅતના હક્કદાર બનીએ. કારણ કે આપણે તો માથાથી લઈને પગ સુધી પૂરા ગુનાહોથી ભરેલા છીએ અને ખુદાના અઝાબથી છૂટકારા માટે હુઝૂરની "શફાઅત" જ સહારો છે.

## દુરૂદ શરીફની ફઝીલત હદીષની રોશનીમાં

### ★ અઝીમ ખુશખબરી ★

**૧.** અલ્લામા શહાબુદીન رحمۃ اللہ علیہ ઈમામ બયહકી અને નિસાઈના હવાલાથી આ હદીષ નકલ ફર્માવે છે કે હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ ફર્માવે છે કે એક દિવસ બારગાહે રસૂલમાં મને હાજરીની સઆદત નસીબ થઈ તો મેં જોયું કે આપનો ચહેરો મુબારક એટલો ખીલેલો હતો કે એવો ખીલેલો મેં કદી પણ જોયો ન હતો. મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી આનું કારણ પૂછયું તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, અત્યારે મારા પાસેથી જિબ્રઈલે અમીન ગયા છે, તેઓ મારા રબની પાસેથી એ ખુશખબરી લાવ્યા કે અલ્લાહ તબારક વ તઆલાએ મને તમારી બારગાહમાં મોકલ્યો છે કે હું આપને ખુશખબરી સંભળાવું કે આપનો જે પણ ઉમ્મતી આપ પર દુરૂદ મોકલશે અલ્લાહ તબારક વ તઆલા અને તેના ફરિશ્તાઓ એના પર દસ વાર રહમત મોકલશે.

**૨.** આવી જ બીજી હદીષ હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ થી મરવી છે : તેઓ વર્ણન કરે છે કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એક દિવસ એવી હાલતમાં તશરીફ લાવ્યા કે આપના ચહેરા મુબારકથી ખુશી જાહેર થતી હતી. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારાં માં બાપ આપ પર કુર્બાન ! આજે આપના ચહેરાએ મુબારક પર ખુશી જાહેર થવાનું કારણ શું છે ? સરકારે દો જહાંએ ઈર્શાદ ફર્માવ્યો, જિબ્રઈલે અમીન આવ્યા અને એમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! શું આપને આ વાત ખુશી નથી પહોંચાડતી કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે કે આપનો જે પણ ઉમ્મતી આપ પર એકવાર દુરૂદ મોકલે છે અલ્લાહ તબારક વ તઆલા એના પર દસ વાર રહમત નાઝિલ ફર્માવે છે અને જે આપ પર એક વાર સલામ મોકલે છે અલ્લાહ તબારક વ તઆલા એના પર દસ વાર સલામ મોકલે છે. *(નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૩૯૦)*

**૩.** આજ લેખની એક બીજી હદીષ હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ થી મરવી છે : તેઓ ફર્માવે છે કે એક વાર સરકારે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم એક બાગમાં તશરીફ લઈ ગયા હું પણ એમની પાછળ હાજર થઈ ગયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્યાં નમાઝ અદા ફર્માવી અને એટલો લાંબો સજદો કર્યો કે મને ખતરો થયો કે હુઝૂરની રૂહે પાક નીકળી ગઈ છે. હું આ ખ્યાલથી રડવા લાગ્યો અને નજીક જઈ જોયું.

સરકારે સજદાથી ફારિગ થઈને ફર્માવ્યું, અબ્દુર્રહ્‌માન શું વાત છે ?! મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે એકલો લાંબો સજદો કર્યો કે મને ખૌફ થયો કે ખુદા ન ચાહે આપની રૂહે પાક તો નીકળી નથી ગઈ ! સરકારે ઈર્શાદ ફર્માવ્યો, મારી પાસે જિબ્રઈલે અમીન આવ્યા અને મને આ ખુશખબરી આપી, અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે જે માણસ સલામ મોકલશે એના પર સલામ મોકલીશ અને જે આપ પર દુરૂદ મોકલશે હું એના પર રહમત નાઝિલ કરીશ. બસ ! મેં એના શુક્રિયામાં આટલો લાંબો સજદો કર્યો.

૪. ઈમામ નિસાઈએ હઝરત અનસ رضی اللہ عنہ થી આ હદીષ નકલ કરી છે : હુઝૂર સરવરે કાઈનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે જે માણસ મારા પર એકવાર દુરૂદ મોકલશે અલ્લાહ તબારક વ તઆલા એના પર દસ વાર રહમત નાઝિલ ફર્માવશે અને એના દસ ગુનાહોને માફ ફર્માવશે અને એના દસ દરજાઓ બુલંદ ફર્માવશે. *(અલ્ કવ્લુલ્ બદીઅ, પેજ–૧૦૪, નસીમુર્રિયાઝ, ભાગ–૩)*

૫. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, જે માણસ મારા પર એકવાર દુરૂદ મોકલે છે અલ્લાહ તબારક વ તઆલા એના પર દસ રહમત નાઝિલ ફર્માવે છે અને જે મારા પર દસ વાર દુરૂદ મોકલે છે અલ્લાહ તબારક વ તઆલા સો વાર રહમત નાઝિલ ફર્માવે છે. અલ્લાહ તબારક વ તઆલા એની પેશાની પર **براۃ من النفاق وبراۃ من النار۔** લખી દે છે. એટલે કે આ માણસ નિફાક અને જહન્નમથી અલગ છે. **واسکنہ یوم القیامۃ مع الشھداء۔** અને અલ્લાહ તબારક વ તઆલા એનો હશ્ર શહીદોના સાથે ફર્માવશે.

૬. હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رضی اللہ عنہ ફર્માવે છે કે જે માણસ નબીએ કરીમ પર એક વાર દુરૂદ પઢશે તો અલ્લાહ તબારક વ તઆલા અને તેના ફરિશ્તાઓ એના પર સિત્તેર વાર રહમત નાઝિલ ફર્માવે છે.

## ★ જુમ્આના દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ મોકલવાની ફઝીલત ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર દરેક દિવસ અને દરેક રાતમાં દુરૂદ વ સલામ પઢવું ઘણું સારું છે ખાસ કરીને જુમ્આના દિવસે અને જુમ્આની રાતમાં એનાથી પણ વધારે ફઝીલત છે. અને જુમ્આના દિવસે ખાસ કરીને ઉમ્મતીના દુરૂદ વ સલામ બારગાહે મુસ્તફામાં પેશ કરવામાં આવે છે અને કબૂલિયતના દરજાથી નવાઝવામાં આવે છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ થી મરવી છે : દરેક જુમ્આના દિવસે પોતાના પ્યારા નબી પર વધુમાં વધુ દુરૂદ વ સલામ મોકલો, એ માટે કે તમારા દુરૂદ વ સલામ સરકારની બારગાહમાં દરેક જુમ્આના દિવસે પેશ કરવામાં આવે છે. *(નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૫૦૦)*

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : મારા પર જુમ્આના દિવસે અને જુમ્આની રાતમાં વધુમાં વધુ દુરૂદ મોકલો ! જે માણસ આમ કરશે હું કયામતના દિવસે તેની હિફાઝત કરવાવાળો અથવા શફાઅત કરવાવાળો હોઈશ !

હઝરત અબૂ ઈમામા رضی اللہ عنہ થી મરવી છે : આકાએ કાઈનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, મારા પર જુમ્આના દિવસે ખૂબ વધારે દુરૂદ મોકલ્યા કરો, એટલા માટે કે મારી ઉમ્મતનું દુરૂદ દરેક જુમ્આના દિવસે મારા પર પેશ કરવામાં આવે છે.

## ★ દુરૂદ વ સલામની ફઝીલત વાકેઆતની રોશનીમાં ★

**૧. રોજીમાં બરકત** : હઝરત સુહેલ બિન સઅદ رضی اللہ عنہ ફર્માવે છે એક માણસ બારગાહે રિસાલતમાં હાજર થયો અને ગરીબી વ તંગદસ્તી અને મોહતાજીની ફરિયાદ કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ

ફર્માવ્યું, જ્યારે તમે મકાનમાં દાખલ થાવ તો સલામ કરો ચાહે મકાનમાં કોઈ હોય અથવા ન હોય. પછી મારા ઉપર સલામ મોકલો, પછી એકવાર **કુલ્હુવલ્લાહુ અહદ** પઢો. પેલા આદમીએ હુઝૂરના ફર્માવ્યા પ્રમાણે અમલ કર્યો તો અલ્લાહ તબારક વ તઆલાએ તેની રોઝીમાં બેહિસાબ બરકત અર્પણ કરી.

**૨. મગફેરતનો ઝરીયો** : એક માણસે અબૂ હફ્સ કાગઝી رحمۃ اللہ علیہ ને તેમના ઈન્તેકાલ પછી ખ્વાબમાં જોયા તો એમનાથી પૂછયું, અલ્લાહ તઆલાએ તમારા સાથે કેવો વર્તાવ કર્યો ? એમણે કહ્યું, અલ્લાહ તઆલાએ મારા પર રહમ ફર્માવી અને મારી મગફેરત ફર્માવી અને મને જન્નતમાં દાખલ કરવાનો હુકમ આપ્યો. પેલા આદમીએ પૂછયું, કયા ભલાઈના કામના કારણે તમારી મગફેરત થઈ ? એમણે કહ્યું, જ્યારે બારગાહે ઈલાહીમાં મને પેશ કરવામાં આવ્યો તો ફરિશ્તાઓને નામાએ આમાલનો હિસાબ કરવાનો હુકમ કર્યો. ફરિશ્તાઓએ મારા ગુનાહ અને મારા દુરૂદનો હિસાબ કર્યો તો મારા દુરૂદ ગુનાહોથી વધી ગયાં. બસ ! અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું, હે ફરિશ્તાઓ ! બસ ! હવે તેનો હિસાબ ન કરો અને તેને મારી જન્નતમાં લઈ જાઓ !

૩. બની ઈસ્રાઈલમાં એક માણસ ઘણો ગુનેહગાર હતો. જ્યારે તે મૃત્યુ પામ્યો તો લોકોએ તેને આમ જ જમીન ફેંકી દીધો. યા'ની લોકોએ તેને ન ગુસ્લ આપ્યું અને ન તો તેની જનાઝાની નમાઝ પઢી અને ન તો તેને દફન કર્યો. અલ્લાહ તઆલાએ સૈયદના મૂસા علیہ السلام પર વહી નાઝિલ ફર્માવી કે તેને ગુસ્લ આપીને તેની જનાઝાની નમાઝ પઢો ! મેં તે આદમીની મગફેરત ફર્માવી દીધી છે. સૈયદના મૂસા علیہ السلام એ અર્ઝ કરી, હે રબ્બે કરીમ ! એ કયુ કારણ છે જેના લીધે તેને આ દરજા હાંસલ થયો. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, કે તે આદમીએ એકવાર તૈરાત ખોલી હતી અને એમાં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم નું નામ જોયું હતું. તો તેણે એમના પર દુરૂદ પઢયું હતું, આ કારણે મેં તેની મગફેરત ફર્માવી દીધી. *(અલ્ કૌલુલ્ બદીઅ, પેજ-૧૧૮)*

اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّ عَلٰٓی اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓی اِبْرَاهِيْمَ وَعَلٰٓی اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ○

اَللّٰھُمَّ بَارِكْ عَلٰی مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ مُحَمَّدٍ كَمَا
بَارَكْتَ عَلٰٓی اِبْرَاهِيْمَ وَعَلٰٓی اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ○

**પ્યારા સુન્ની ભાઈ બહેનો !** રસૂલુલ્લાહની ઝાતે બા બરકતથી અકીદત અને મહોબ્બત કરવી ઈમાનનો એક હિસ્સો છે અને એના વગર ઈમાન અધુરૂ રહે છે અને દુરૂદ શરીફ પઢવું મહોબ્બતની દલીલ છે. બલ્કે દુરૂદે પાકને વધુમાં વધુ પઢવાથી ઈશ્કે રસૂલ પૈદા થાય છે. ઈશ્કે રસૂલ દીનનું નૂર છે અને રૂહનો ખોરાક છે, ઈશ્કે રસૂલથી મગફેરત હાંસલ થાય છે, ઈશ્કે રસૂલ ખત્મ ન થવાવાળી દૌલત છે. અને આ દૌલતને હાંસલ કરવાનો તરીકો દુરૂદે પાકનું વિર્દ છે, અને જેમ જેમ જે માણસ દુરૂદે પાકનું વિર્દ કરે છે એનામાં ઈશ્કે રસૂલ વધતું જાય છે માટે આપણે પણ દુરૂદે પાકનું વિર્દ ખૂબ ખૂબ કરવું જોઈએ. અગર ! આપણે દુરૂદે પાક પઢીશું તો આપણો દીન અને દુનિયા બંનેવ કામ્યાબ થશે, આપણા ગુનાહોનો કફ્ફારો થશે, તંગદસ્તી અને મોહતાજી પણ દૂર થશે, પાકી હાસંલ થશે, જિસ્માની અને રૂહાની બીમારીઓનો ઈલાજ થશે. માટે આજથી દુરૂદે પાકનું વિર્દ ચાલુ કરી દો ! ઈન્શાઅલ્લાહ ! ઈશ્કે રસૂલ જેવી અઝીમ દૌલતથી માલામાલ થશો. અલ્લાહ તબારક વ તઆલા સર્વને દુરૂદે પાક વધુમાં વધુ પઢવાની તૌફીક આપે.(આમીન)

*(બરકાતે ખ્વાજા માસિક, સપ્ટેમ્બર-૨૦૧૨)*

# નબીપાક ﷺ ના શરીરને પડછાયો ન હતો

અઝ : રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી જમશેદપૂરી رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

*"દારુલ ઉલૂમ અ.ઈ. ભરૂચ"–કંથારિયા (તા. જિ. ભરૂચ)થી "દારુલ ઉલૂમ" નામનું માસિક અહલે સુન્નત વ જમાઅતથી હટીને ગુમરાહકુન અકીદા ધરાવતા વહાબી–દેવબંદી–જમાઅતી મોલ્વીઓના સંપાદન હેઠળ નીકળતું માસિક છે. લોકોને ધોકો આપવા શિકારી જેમ ભોળાં પક્ષીઓને ફસાવવા જાળમાં દાણા નાખે તેમ તેઓ ભોળા મુસ્લિમોને ફસાવવા તેના ટાઈટલ પેજના મથાળે "અહલે સુન્નત વલ જમાઅતનું તર્જુમાન" લખે છે, તો એનાથી સુન્નીઓએ ધોકો ખાવો નહીં. એ "દેવબંદી જમાઅતી ફિર્કાનું તર્જુમાન" છે, એઓ સુન્ની હરગિઝ નથી. સાચા અહલે સુન્નત કોણ છે ? એ દર્શાવતી કિતાબ **"સુન્ની કોણ ?"** દારુલ ઉલૂમ શાહે આલમ–જમાલપુર રોડ, અમદાવાદથી વરસો પહેલાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે અને હજી પણ મળે છે, એનો આજ લગી તેમનાથી જવાબ બન્યો નથી. **જેમાં રસૂલ, સહાબા, તાબઈનથી લઈને અત્યાર સુધી અહલે સુન્નતનો શું અકીદો રહ્યો છે તે કુર્આન, હદીષ તથા ઉલમાનાં કથનોની રોશનીમાં સમજાવેલ છે,** તેનો અભ્યાસ કરો. ઉપરાંત અમારે ત્યાં **દયાદરાથી** પણ કિતાબો મંગાવો જેમાં પૂર્વજ બુઝુર્ગોના અકીદાથી આ વહાબી દેવબંદીઓનો અકીદો તદ્દન વિપરીત છે તે સમજાવેલ છે જેને વાંચો તેમજ "ઝલઝલા" કિતાબ મંગાવી તેમની ડબલ પોલીસીને પણ જાણો, અને આવા ધોકાબાઝોને ઓળખી તેમનાથી દૂર રહી તમારા ઈમાનને બચાવો. એમનાં માસિકો તથા કિતાબોમાં તમને હુઝૂર ﷺના મો'જિઝા કે બુઝુર્ગોની કરામતોનું વર્ણન નહીં, પણ કુર્આન હદીષના ગલત અર્થઘટનો કરીને પૂર્વજ બુઝુર્ગોથી વિરુદ્ધની સ્વરચિત તૌહીદની આડમાં નબી વલીની તૌહીન કરતી નકારાત્મક વાતો જ જોવા મળશે. અહીં અમે સરકારે દો જહાં ﷺના **શરીર મુબારકને પડછાયો ન હતો એ બાબતે પૂર્વજ બુઝુર્ગોનો શો અકીદો હતો** તે રજૂ કર્યો છે. જ્યારે આ જ **વહાબી દેવબંદીઓએ તેમના એ જ માસિકમાં આ બાબતે તદ્દન ઈન્કાર કરીને પોતાની અસલિયત છતી કરીને નબી કરીમ ﷺની ફઝીલતવાળી દરેક વાતથી તેમને કેટલી જલન થાય છે તે સ્પષ્ટ કર્યું છે.** તો એ વિષયે પ્રસ્તુત લેખ "સરકાર કા જિસ્મ બેસાયા" કિતાબ (અઝ : અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ)માંથી રજૂ કર્યો છે, જેને વાંચો અને તમારા ઈમાનમાં તાજગી મેળવો. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સરકાર ﷺના શરીર મુબારકના પડછાયા સંબંધે પ્રશ્ન

મુકર્રમી જનાબ તંત્રી સાહબ જામે નૂર (કલકત્તા), અસ્સલામુ અલૈકુમ ! અમારા ત્યાં હુઝૂર જાને નૂર ﷺના શરીર મુબારકના પડછાયાના સંબંધે ચર્ચા છેડાઈ છે. અમુક લોકો કહે છે કે હુઝૂરનો પડછાયો ન હોવાનો અકીદો અકલ તથા નકલ બંનેની વિરુદ્ધ છે. એક બશર (માનવ) હોવાના લેહાઝથી જ્યારે હુઝૂરની સાથે સર્વ બશરી બાબતો જોડાયેલી હતી, તો પછી શરીરનો પડછાયો પણ માનવીય ખૂબીઓમાંથી છે, એના ન હોવાનો ખયાલ જ મુદ્દલે ગલત છે. એમનું કહેવું છે કે એ શાયરોની કલ્પનાઓને લોકોએ અકીદો બનાવી લીધો છે. રિવાયતમાં પણ કોઈ એવો વિશ્વાસપાત્ર ખુલાસો મૌજૂદ નથી કે હુઝૂર ﷺના શરીર મુબારકને પડછાયો ન હતો.

તો મહેરબાનીથી આ મસ્અલા પર વિગતવાર પ્રકાશ વેરીને સહીહ મસ્લકથી માહિતગાર કરશો.
*(પ્રશ્નકર્તા : રિયાઝુલ ઈસ્લામ, બિજનોર, યુ.પી.)*

## અલ્લામા અર્શદુલ કાદરીનો જવાબ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ આ મસ્અલા પર ખૂબ જ સાબિતીપૂર્ણ ચર્ચા કરી છે[1]. અને દલીલપૂર્ણ રીતે સાબિત કર્યું છે કે હુઝૂરને પડછાયો ન હોવાનો અકીદો પબ્લિકનો કાઢેલો નથી બલ્કે પૂર્વજ ઈમામોની સ્પષ્ટતાઓ તથા રિવાયતો તથા દલીલોથી સાબિતી છે.

પ્રિય બંધુ ! આજના ફિત્નાસભર દૌરમાં વિચાર તથા ચિંતનનો અધર્મતા જેટલી પણ માથે ચઢી જાય એટલી ઓછી છે. તમે પડછાયો ન હોવાની સાબિતીમાં હદીષોની દલીલો માંગી રહ્યા છો, જ્યારે કે તમારા જ દેશમાં એક એવો તબકો પણ વસે છે જે મુદલે હદીષોને જ નથી માનતો ! અને આ ઈન્કાર કેવળ ઈન્કારની હદ સુધી નથી, બલ્કે તેમનો દાવો છે કે આ ઈન્કાર પાછળ તેમની પાસે દલીલોનો અંબાર મૌજૂદ છે ! તેમનું કહેવું છે કે ઈસ્લામના અહકામ (હુકમો)નો પાયો કેવળ કુર્આન પર જ છે, હદીષોનો સંગ્રહ તદન વિશ્વાસપાત્ર નથી. કાલે એના પર પણ ચર્ચા છેડાઈ શકે છે તથા દલીલોના સહારે હદીષોનો ઈન્કાર કરીને પણ એક શખ્સ મુસ્લિમ સમાજ સાથે પોતાનો ધાર્મિક સંબંધ ચાલુ રાખી શકે છે.

તો આવા ગુમરાહુકન તથા અવિશ્વસનીય સંજોગોમાં સલામતીનો એના સિવાય અન્ય કોઈ માર્ગ નથી કે સૌમાં યોગ્ય નિર્ણય કરનારા પૂર્વ જ બુઝુર્ગો (અસ્લાફ)ની રાય પર આંખો બંધ કરીને વિશ્વાસ કરવામાં આવે. વૈચારિક અધર્મતા તથા દિમાગી અહમના તોફાનમાં વહી ગયા તો એક તણખલુ પણ સલામત રહેશે નહીં. હમણા તો રસૂલે પાક ﷺના ''પડછાયાનો'' જ મસ્અલો છે, બદ્મસ્ત શરાબીઓની જેમ બહેકવાનો આ જ અંદાઝ રહ્યો તો એક દિવસે અસલ ''રસૂલ''નો જ મસ્અલો તેમની મજલિસોમાં ચર્ચા હેઠળ આવી જશે ! હદીષોના એતબારનો મકામ ઘાયલ થયા બાદ કુર્આનની બુનિયાદ હાલવામાં કેટલીવાર લાગી શકે છે ?! એટલા માટે ધોકાબાઝ અધર્મીઓની પદ્ધતિ અપનાવવાના બદલે વિશ્વસનીય પેશ્વાઓની પદ્ધતિ અપનાવવી જોઈએ. હવે તમો નીચેના લખાણમાં તમારા પ્રશ્નના સંબંધે થોડાક ઈર્શાદો જોઈ લો.

સૌ પ્રથમ નકલ તથા રિવાયતોના એતબારથી રસૂલે પાક ﷺના શરીર મુબારકનો પડછાયો ન હોવાના અકીદાની ચકાસણી કરીએ.

## પડછાયો ન હોવું હદીષોની રોશનીમાં

૧. ઈમામુલ હદીષ હઝરત હકીમ તિર્મિઝી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ ''નવાદિરુલ ઉસૂલમ''માં હઝરત ઝકવાન رضی اللہ عنہથી આ હદીષ રિવાયત કરે છે : ''સરવરે આલમ ﷺનો સાયો મુબારક ન સૂરજના તાપમાં જોવા મળતો હતો ન ચાંદનીમાં.''
*(અલ્ મવાહિબુલ્લદુન્નિયા અલલ્ શમાઈલિલ્ મુહમ્મદિયા, પેજ–૩૦, મિસર, કઝાફિલ્ ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૨, પેજ–૨૨૦, મિસર)*

૨. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ તથા હાફિઝ બિન જવઝી رحمۃ اللہ علیہ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરે છે : ''સરવરે આલમ ﷺના શરીર મુબારકનો સાયો ન હતો, સૂરજના તડકામાં ન ચિરાગના પ્રકાશમાં. સરકારનું નૂર સૂરજ તથા ચિરાગના નૂર પર ગાલિબ રહેતું હતું.

*૧. આ વિષયમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہની ત્રણ કિતાબો છે : (૧) નફીયુલ ફય્યિ અમ્મન બિ નૂરિહી આષારુ કુલ્લિ શય (૨) કમરુત્તમામ ફી નફીયિલ ફય્યિ વઝિલ્લિ અન્ સૈયદિલ અનામ (૩) હુદલ્ હયરાન ફી નફિયિલ્ ફય્યિ અન સૈયિદિલ ઈન્સિ વલ જિનાન*

*(ખસાઈસે કુબરા, ભાગ–૧, પેજ–૬૮, અઝઃ નફીઉઝ્ ઝિલ્લ, અલ્લામા કાઝમી, ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૪, પેજ–૨૨૦, જમઉલ વસાઈલિ લિલ્ કારી, ભાગ–૧, પેજ–૧૭૬)*

૩. ઈમામ નસફી તફસીરે મદારિક શરીફમાં હઝરત ઉષ્માન رضی اللہ عنہથી આ હદીષ નકલ કરે છે : "હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે ખુદા عزوجلએ આપનો સાયો જમીન પર પડવા નથી દીધો જેથી એના પર કોઈ માણસનો પગ ન પડે." *(મદારિક શરીફ, ભાગ–૨, પેજ–૧૦૩, મઆરિજુન્નબુવ્વત ફારસી, રુકને ચહારુમ, પેજ–૧૦૦ તથા મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૬૧)*

૪. હઝરત ઈમામ સિયૂતી رحمۃ اللہ علیہએ "ખસાઈસે કુબરા શરીફ"માં ઈબ્ને સબઅથી આ રિવાયત નકલ કરી : "ઈબ્ને સબઅએ કહ્યું કે આ પણ હુઝૂરે અકરમ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે સરકારનો સાયો જમીન પર પડતો ન હતો, કેમ કે તે નૂર હતા. સૂર્ય તથા ચંદ્રની રોશનીમાં જ્યારે ચાલતા હતા તો પડછાયો જોવા મળતો ન હતો." *(ખસાઈસે કુબરા, ભાગ–૧, પેજ–૬૮)*

અમુક ઈમામોએ કહ્યું કે આ બાબત પર હુઝૂર ﷺની તે હદીષ સાક્ષી છે જેમાં હુઝૂરની આ દુઆ નકલ થયેલ છે કે પરવરદિગાર ! મને નૂર બનાવી દે.

નમૂના રૂપે આ ચાર હદીષો એ દાવાની સાબિતીમાં પૂરતી છે કે સરકાર ﷺના શરીર મુબારકને સાયો ન હોવાનો અકીદો તદ્દન પાયાહિન નથી બલ્કે તેનાં મૂળો રિવાયતો તથા હદીષોના હેઠળ મૌજૂદ છે.

શક્ય છે કે ઉપરોક્ત હદીષો પર કોઈ વાંધો ઉઠાવે અને એને ફન્ની (વિદ્યાકળાની) દષ્ટિએ સનદને પાત્ર ન સમજતો હોય. આમ તો અમે કોઈના ખયાલ પર પાબંદી નથી લગાડી શકતા પરંતુ એટલું જરૂરી કહીશું કે આજના ઈલ્મવાળા (આલિમો) જાણકારીની વિશાળતા, ઈમાનના નૂરની દષ્ટિ, રહસ્યોની માલૂમાત, નિય્યતની નિઃસ્વાર્થતા અને પ્રમાણિક્તાના લેહાઝથી પૂર્વજ બુઝુર્ગોની સરખામણીમાં કોઈ રીતે પણ અગ્રતાને પાત્ર નથી થઈ શકતા. જ્યારે કે દરેક યુગના ઈમામોએ આ રિવાયતોની રોશનીમાં આ અકીદાનું સમર્થન કર્યું છે કે હુઝૂર ﷺના પાક શરીરનો પડછાયો હતો નહીં. જેમ કે અગાઉના લખાણમાં કેટલાક મશહૂર ઈમામોની સ્પષ્ટતા જુઓ.

## સાયો ન હોવાની સાબિતીમાં ઉમ્મતના બુઝુર્ગોની સનદવાળી સાક્ષીઓ

**ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂર જાને નૂર ﷺનો સાયો જમીન પર પડતો ન હતો, અને ન સૂર્ય તથા ચંદ્રની રોશનીમાં સાયો જોવા મળતો હતો. ઈબ્ને સબઅ એનું કારણ દર્શાવે છે કે હુઝૂર ﷺ નૂર હતા. રઝીંએ કહ્યું કે હુઝૂરનું નૂર સૌના ઉપર સવાર હતું" *(અન્‌મુઝ્‌ઝુલ્લબીબ)*

**ઈમામુઝ્ઝમાં કાઝી અયાઝ رحمۃ اللہ علیہનું ફર્માન :** "એ જે વર્ણન કરવામાં આવેલ છે કે સૂર્ય તથા ચંદ્રની રોશનીમાં હુઝૂર ﷺના શરીર મુબારકનો સાયો પડતો ન હતો, તો એનું કારણ એ છે કે હુઝૂર નૂર હતા." *(શિફા શરીફ, કાઝી અયાઝ, ભાગ–૧, પેજ–૩૨૪)*

**અલ્લામા શહાબુદ્દીન ખફફાજી رحمۃ اللہ علیہ નું ફર્માન :** "અઝમત તથા એહતેરામ (મહાનતા તથા ઈજ્જત)ને કારણે આપના શરીરનો પડછાયો જમીન પર પડતો ન હતો, જ્યારે કે હુઝૂરના કરમ (કૃપા)ના સાયામાં સર્વ માનવો ચૈનની નિંદ્રા સૂએ છે, એનાથી અધિક આશ્ચર્યજનક વાત બીજી શું હોય શકે છે ?!

આ બાબતની ગવાહી માટે કુર્આનની આ ગવાહી પૂરતી છે કે હુઝૂર ﷺ નૂરે મુબીન છે અને હુઝૂરનો સાયો ન હોવું બશર (માનવ) હોવાની વિરુદ્ધ નથી."

*(નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૩૧૯ મિસ્રી)*

**ઈમામ અહમદ કસ્તલાની رحمۃ اللہ علیہનું ફર્માન:** સરકારે દો આલમ ﷺના શરીર મુબારકનો સાયો ન સૂર્યની રોશનીમાં પડતો હતો ન ચંદ્રની ચાંદનીમાં. ઈબ્ને સબઅ તેનું કારણ વર્ણન છે કે હુઝૂર નૂર હતા એટલા માટે ચાંદની અને તડકામાં ચાલતા હતા તો પવિત્ર શરીરનો પડછાયો પડતો ન હતો." *(મવાહિબુલ્ લદુન્નિયા, ભાગ-૧, પેજ-૮૦, ઝુર્કાની, ભાગ-૪, પેજ-૨૨૦)*

**અલ્લામા હુસૈન ઈબ્ને મુહમ્મદ દયાર બિક્રીનું ફર્માન :** "હુઝૂર ﷺના પવિત્ર શરીરનો પડછાયો ન સૂરજના પ્રકશમાં પડતો હતો ન ચાંદનીમાં." *(કિતાબુલ ખમીસ, અન્નુઉર્રાબેઅ)*

**ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہનું ફર્માન :** "એ વાતના સમર્થનમાં કે હુઝૂર સરાપા (માથાથી પગ સુધી) નૂર હતા એ હકીકતને પ્રદર્શિત કરવા પૂરતુ છે કે શરીર પાકનો સાયો ન તડકામાં પડતો હતો ન ચાંદનીમાં. એટલા માટે કે પડછાયો ગાઢ ચીજનો હોય છે અને ખુદા તઆલાએ હુઝૂરને સર્વ શારીરિક નાપાકીઓ (ગાઢપણા)થી પાક કરીને તેમને "તદ્દન નૂર" બનાવી દીધા હતા એટલા માટે એમનો પડછાયો પડતો ન હતો." *(અફઝલુલ્ કુર્રા, પેજ-૭૨)*

**અલ્લામા સુલૈમાન જમલ رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂર ﷺના શરીર પાકનો પડછાયો ન સૂર્ય પ્રકાશમાં પડતો હતો ન એ ચંદ્રની ચાંદનીમાં. *(.........)*

**શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂરે પાક ﷺનો પડછાયો ન સૂર્ય પ્રકાશમાં પડતો હતો ન ચંદ્રની ચાંદનીમાં. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૧, પેજ-૨૧)*

**ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂરે પાક ﷺનો સાયો ન હતો અને એનું કારણ એ છે કે આલમે શહાદતમાં દરેક ચીજ કરતાં તેનો સાયો લતીફ (બારીક) હોય છે અને સરકાર ﷺની શાન એ છે કે સૃષ્ટિમાં એમનાથી વધુ લતીફ ચીજ કોઈ છે જ નથી, પછી હુઝૂરનો સાયો કઈ રીતે પડતો ?" *(મક્તૂબાત, ભાગ-૩, પેજ-૧૪૭, પ્રેસ નવલકિશોર, લખનૌ)*

**મજમઉલ બિહારના કર્તા અલ્લામા શૈખ મુહમ્મદ તાહિર رحمۃ اللہ علیہનું ફર્માન:** "હુઝૂર ﷺના નામોમાંથી "નૂર" પણ એક નામ છે અને તેની વિશિષ્ટતા છે કે હુઝૂરનો સાયો ન તડકામાં પડતો ન ચાંદનીમાં" *(ઝુબ્દહ શરહે શિફા, મજમઉલ બિહારિલ્ અન્વાર)*

**ઈમામ રાગિબ અસ્ફહાની رحمۃ اللہ علیہનું ફર્માન :** "રિવાયત થયેલ છે કે જ્યારે નબી ﷺ ચાલતા તો આપનો પડછાયો પડતો ન હતો." *(અલ્ મઅરૂફુર્રાગિબ)*

**સીરતુલ હલબિય્યાના કર્તા (સીરતે શામીના કર્તા)નું ફર્માન :** "હુઝૂર ﷺ જ્યારે સૂર્ય અથવા ચંદ્રના પ્રકાશમાં ચાલતા તો આપનો પડછાયો પડતો ન હતો, એટલા માટે કે આપ નૂર હતા." *(સીરતુલ્ હલબિય્યા, ભાગ-૪, પેજ-૨૨, મિસ્રી)*

**ઈમામ તકીઉદ્દીન સુબ્કી رحمۃ اللہ علیہનું ફર્માન :** "રહમાન ખુદાએ આપના સાયાને જમીન પર પડવાથી પાક રાખ્યો અને પાયમાલીથી બચાવવા માટે આપની ઉચ્ચતાના કારણે એને લપેટી દીધો કે જોવા ન મળે." *(સીરતુલ હલબિય્યા, ભાગ-૨, પેજ-૯૪)*

**અલ્લામા મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہનું ફર્માન :** ".....કે હુઝૂર ﷺનો પડછાયો ન હતો, ન સૂરજની રોશનીમાં ચાલતી વખતે અને ન ચંદ્રની ચાંદનીમાં." *(જમ્ઉલ વસાઈલ, ભાગ-૧, પેજ-૪૭)* ઈમામ શયખ અહમદ મનાવી પણ એવું જ ફર્માવે છે.

**ઈમામુલ આરિફીન મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہનું ફર્માન :** "જ્યારે ફકીરની મંઝિલમાં દુરવેશ ફનાનો લિબાસ પહેરી લે છે તો મુહમ્મદ ﷺની જેમ તેનો પણ સાયો અદશ્ય થઈ જાય છે." *(મષ્નવી મઅનવી, દફતર પંજુમ)*

હઝરત અલ્લામા બેહરુલ ઉલૂમ લખનવી رحمۃ اللہ علیہ એની શરહ (ખુલાસા)માં ફર્માવે છે : બીજા મિસ્રામાં હુઝૂર ﷺના એ મો'જિઝાની પ્રતિ નિર્દેશ થઈ કે હુઝૂરનો સાયો ન હતો."

**ઈમામુલ મુહદ્દિષીન હઝરત શાહ અબ્દુલ અઝીઝ બિન શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીનું ફર્માન** : "જે વિશિષ્ટતાઓ હુઝૂર ﷺના શરીર પાકમાં અતા કરવામાં આવી હતી એનામાંથી એક એ પણ હતી કે આપનો સાયો જમીન પર પડતો ન હતો." *(તઝકેરતુલ મૌતા વલ કુબૂર, પેજ-૧૩)*

**કાઝી ષનાઉલ્લાહ પાનીપતી (બાલાબુદ્દા મિન્હૂના કર્તા)નું ફર્માન** : "હું કહું છું કે રસૂલે ખુદા ﷺને સાયો ન હતો." *(તઝકેરતુલ મૌતા વલ કુબૂર, પેજ-૧૩)*

ઉમ્મતના મશહૂર ઈમામોનાં આ લખાણો ફરી એકવાર ધ્યાનપૂર્વક વાંચી જાવ. વાત ઉપર છલ્લી રીતે નથી કહેવામાં આવી, આગળ પાછળ અક્લ તથા નક્લનો અંબાર પણ છે. ઈન્કાર કરનારાઓ પાસે સૌથી મોટી દલીલ હુઝૂરનું બશરી (માનવ) સ્વરૂપમાં હોવું છે, તો આ દલીલ પણ ઉપરોક્ત વર્ણવેલ આપણા મહાન પેશ્વાઓની નજરોથી ઓજલ નથી, પોતાના લખાણોમાં એનો ઉલ્લેખ પણ કરે છે તેમ છતાં પણ સ્પષ્ટતા કરે છે કે હુઝૂર ﷺના શરીર મુબારકને સાયો ન હતો. એનાથી જાણવા મળે છે કે **તેમનો આ અકીદો અજાણતામાં નથી બલ્કે ભરપુર માલૂમાતના અજવાળામાં છે.** શું એના પછી પણ એ ઈલ્ઝામના માટે ગુંજાઈશ રહી જાય છે કે શરીર પાકનો પડછાયો ન હોવાનો ખયાલ પબ્લિકના દિમાગનો કાઢેલો છે ?! મિલ્લતના તે પેશ્વાઓને જો પબ્લિકની સફમાં ખડા કરવામાં (ગણવામાં) આવે તો પ્રથમ એ જણાવવામાં આવે કે સહાબા તથા તાબઈન તથા તબએ તાબઈન પછી ઉમ્મતના પેશ્વાઓ મોટેરાઓની યાદીમાં કોણ લોકો આવે છે ?

પૂર્વગ્રહવાળાં દિલોને સાંત્વન પહોંચાડવાનું આપણા ઈખ્તિયારમાં નથી, પરંતુ કમસે કમ વર્ણન થનાર હદીષો તથા બુઝુર્ગોની રિવાયતોની રોશનીમાં જરૂર એટલું તો સ્વીકારવું પડશે કે નબી કરીમ ﷺના શરીર મુબારકને પડછાયો ન હોવાના સંબંધે આમ મુસલમાનોનો આ અકીદો પાયાહિન નથી. સાબિતીની કેવળ દલીલો જ નથી પણ વિશ્વસનીય હસ્તીઓની માન્યતા પણ એ જ છે. પડછાયો ન હોવાની સાબિતીમાં સહાબાના યુગથી લઈને આખરી દૌર સુધીની આ સતત વારસાગત ગવાહીઓ વર્તમાનકાળના અમુક દીવાના માણસોના ઈન્કારને લીધે હરગિઝ તરછોડી શકાશે નહીં. મઝહબી અઝમતોની પાયમાલીનું આનાથી અધિક દર્દનાક માતમ અન્ય શું હોય શકે છે કે જેહાલતના શહેરનો દરેક હલકી કક્ષાનો વ્યક્તિ રાઝી તથા ગિઝાલીના સ્થાનેથી વાત કરે છે ! અને તમાશો એ છે કે તહતુષ્ષરામાં ઘુસેલી બુનિયાદોમાં ખૂદ પોતાના જ દિમાગની બુનિયાદ હાલી ઉઠે છે. ખુદાએ કદીર વર્તમાનકાળની બુરાઈઓ તથા ફિત્નાઓથી ભોળ ભાળા મુસલમાનોને મેહફૂઝ રાખે.

*(બરકાતે ખ્વાજા માસિક, ઓગષ્ટ-૨૦૦૯*




**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા.૧૦૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો !

બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000302** | **Anjumane Razae Mustafa** | **IFSC Code : BARB0DAYADR** પાંચમો અંક ઝિરો છે. | Phone pay Google pay **Mo. 9427464411** | WhatsApp No. **Mo.9664521477**

# ફઝાઈલે દુરૂદો સલામ

## તથા વાંધાના જવાબો

**રજૂકર્તા : મુફતી અબ્દુર્રહમાન દાઊદ પટેલ-પારખેત** (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું આપના પર દુરૂદ પઢુ છું તો કેટલો સમય દુરૂદના માટે નક્કી કરું ? ફર્માવ્યું, જેટલુ ઈચ્છો. મેં કહ્યું, ચોથો ભાગ ? ફર્માવ્યું, જેટલુ ઈચ્છો, જો દુરૂદનો સમય વધારી દો તો તમારા માટે સારું છે. મેં કહ્યું, અડધો સમય ? ફર્માવ્યું, જેટલુ ઈચ્છો, જો દુરૂદનો સમય વધારી દો તો તમારા માટે સારું છે. મેં કહ્યું, પોણો (૧/૩) ભાગ ? ફર્માવ્યું, જેટલુ ઈચ્છો. પરંતુ દુરૂદનો સમય વધારી દો તો તમારા માટે સારું છે. મેં કહ્યું, તમામ સમય દુરૂદ જ પઢીશ ! ફર્માવ્યું, ત્યારે તો તમારા ગમોના માટે પૂરતુ છે અને તમારા ગુનાહ બખ્શી દેવામાં આવશે.

ઉપરોક્ત હદીષથી એ વાત સ્પષ્ટ થાય છે કે હઝરત ઉબય બિન કઅબ દુરૂદ શરીફ પઢવાનો સમય નિશ્ચિત કરવા ઈચ્છે છે તથા જાણવા માગે છે કે કેટલુ દુરૂદ શરીફ પઢું ? તો સરકારે મદીના ﷺ ફર્માવે છે, જેટલુ તમે ઈચ્છો પણ જો દુરૂદ વધારી દો તો તમારા માટે બેહતર છે. હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہથી રિવાયત છે કે એક દિવસ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ખુશખુશાલ તશરીફ લાવ્યા. ફર્માવ્યું, જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام મારી પાસે તશરીફ લાવ્યા અને કહ્યું, આપનો રબ ફર્માવે છે : "હે મહબૂબ ! શું તમે આના પર રાજી નથી કે આપની ઉમ્મતમાંથી જે કોઈ આપના પર દુરૂદ મોકલે તેના પર હું દસ સલામ નાઝિલ કરું."

હઝરત ફુઝાલા બિન ઉબૈદ કહે છે, નબી ﷺ તશરીફ ફર્મા હતા. એક વ્યક્તિ આવ્યો, નમાઝ પઢી અને આ પ્રમાણે દુઆ માંગી :-

### ★ દુરૂદો સલામ વગરની દુઆ ★

ઈલાહી ! મને બખ્શી દે અને મારા પર રહમ ફર્માવ ! રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, નમાઝી તેં ઉતાવળ કરી ! જ્યારે નમાઝ પઢી લે તો અલ્લાહ તઆલાની શાન પ્રમાણે તેની હમ્દો, ષના બયાન કર, પછી મારા પર દુરૂદ મોકલ, પછી તેનાથી દુઆ માંગ ! કહે છે કે ત્યાર બાદ એક બીજો વ્યક્તિ આવ્યો અને નમાઝ પઢી અને અલ્લાહ તબારક વ તઆલાની હમ્દ બયાન કરી અને નબીએ કરીમ ﷺ પર દુરૂદ મોકલ્યું. નબી علیہ الصلوٰۃ والسلامએ તેનાથી ફર્માવ્યું, હે નમાઝી ! દુઆ માંગ કબૂલ થશે ! *(તિર્મિઝી, અબૂ દાઊદ, નસાઈ, મિશ્કાત-૮૬)*

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવ્યું, "જ્યાં સુધી તમે પોતાના નબી ﷺ પર દુરૂદ ન મોકલો તો વગર શંકાએ તમારી દુઆ જમીન અને આસ્માન વચ્ચે લટકતી રહે છે અને રજમાત્ર ઉપર નથી જઈ શકતી." *(તિર્મિઝી, મિશ્કાત, પેજ : ૮૭)*

### ★ શૈખ મુહક્કિકનો ઈર્શાદ ★

શૈખે અજલ અબ્દુલ વહ્હાબ મુત્તકી رحمۃ اللہ علیہએ આ ફકીર (અબ્દુલ હક્ક)ને મદીના વિદાય આપતાં ફર્માવ્યું, એ વાત દિમાગમાં રાખો અને આગાહ રહો કે આ માર્ગમાં ફર્ઝની અદાયગી બાદ કોઈ ઈબાદત હુઝૂર ﷺ પર દુરૂદ શરીફ પઢવાના બરાબર નથી. તમારે જોઈએ કે પોતાનો બધો જ સમય તેમાં ખર્ચી નાખો, કોઈ બીજા કામમાં ન લાગો. અર્ઝ કરવામાં આવી, એના માટે કોઈ નિશ્ચિત ગણતરી પણ છે ? ફર્માવ્યું, અહીં ગણતરી નક્કી કરવાની જરૂરત નથી, એટલી હદ સુધી પઢો કે દરેક સમયે તેમાં જ ચૂર રહો, ત્યાં સુધી કે તેમના જ રંગમાં રંગાય જાવ અને તેમાં ડૂબેલા રહો.

તે કેટલો બદ્નસીબ વ્યક્તિ હશે જે સલાતો સલામથી રોકે ! આકા علیہ الصلوٰۃ والسلامએ તે વ્યક્તિને કંજૂસ

ઠરાવ્યો જેની સામે આપનો ઝિક્ર થાય અને તે આપના પર દુરૂદ શરીફ ન પઢે. ઈર્શાદ ફર્માવ્યો, "મોટો કંજૂસ તે છે જેની સામે મારો ઝિક્ર થયો અને તેણે મારા પર દુરૂદ ન પઢયું." *(તિર્મિઝી, અહમદ, મિશ્કાત–૮૬)*

**★ અઝાનના સમયે સલામ પઢવું કેવું ? ★**

સલાતો સલામ જ્યારે પણ પઢવામાં આવે બાઈષે બરકત અને કામયાબી છે, પરંતુ અઝાન બાદ બાકાયદા દુરૂદ શરીફ પઢવાનો પ્રારંભ સુલ્તાન સલાહદીન ઐયૂબીથી થયો.

ઈમામ અબ્દુલ વહ્હાબ શઅરાની رحمة الله عليهની "કશ્ફુલ ગમ્મહ્ અને જમીઈલ ઉમ્મહ્"માં લખે છે :–

અમારા શૈખે ફર્માવ્યું, મુઅઝ્ઝિનો જે રીતે દુરૂદો સલામ પઢે છે, ન હુઝૂર ﷺના સમયમાં હતું, ન ખુલ્ફાએ રાશેદીનના સમયમાં. ફર્માવ્યું, રાફઝીઓએ મિસરમાં પોતાની હુકૂમતમાં અઝાન બાદ ખલીફા અને તેના વઝીરો પર સલામ પઢવાનું શરૂ કરી દીધું ત્યાં સુધી કે અલ્ હાકિમ બિઅમ્રિલ્લાહના મૃત્યુ બાદ લોકોએ તેની બહેનને સરદાર બનાવી લીધી અને તેના પર તથા તેની વઝીરો (સ્ત્રીઓ) પર સલામ પઢવા લાગ્યા. જ્યારે બાદશાહે આદિલ સલાહુદ્દીન ઐયૂબી رحمة الله عليهએ રાજપાઠ સંભાળ્યો તો તે બિદઅતોને ખતમ કરીને તેની જગ્યાએ બધા જ શહેરો અને ગામડાંઓના મુઅઝ્ઝિનોને નબી ﷺ પર દુરૂદ પઢવાનો હુકમ આપ્યો. અલ્લાહ તઆલાએ તેમને સારો બદલો અતા ફર્માવે.

થોડાક શબ્દોના ફેરફાર સાથે આ જ વાત હાફેઝ જલાલુદ્દીન સિયૂતિ رحمة الله عليهએ તારીખુલ ખુલ્ફામાં લખી છે : *(જુઓ પેજ નં. ૩૭૮)*

**વાંધો** : અઝાન પહેલાં દુરૂદો સલામ બિદઅત છે એટલા માટે કે પહેલાં પઢવાનો સબૂત નથી ?

**જવાબ** : પછી તો નમાઝમાં અથવા બે એક બીજા અવસરો પર જ દુરૂદો સલામ જાઈઝ થશે, કેમ કે જ્યારે કોઈ વ્યક્તિ દુરૂદો સલામ પઢવા ઈચ્છશે તો તમે તેનાથી તે જ સમયે પઢવાનો સબૂત માંગશો ! અને કેમ કે દરેક સમયનો સંપૂર્ણ હુકમ બતાવવો શક્ય નથી, એટલા માટે દુરૂદો સલામ આ બધા જ સમયે નાજાઈઝ થશે ! જેનો ખાસ હુકમ હદીષે પાકથી મળતો નથી. જો કે એ વાતને માનવાવાળો ઉમ્મતમાં કોઈ નથી તો આપનો તરીકો શરીઅતના ખિલાફ અને તદ્દન બિદઅત છે. હક્ક એ જ છે કે દુરૂદો સલામ જ્યારે પઢે કુર્આન અને સુન્નતના હુકમ પર જ અમલ છે. અને જ્યારે રોકવામાં આવે તો તે કુર્આન તથા હદીષનો વિરોધ અને બિદઅતે સૈયેઆ (બુરી) છે. અને આ સવાલ ફક્ત દુરૂદો સલામ પર જ નહીં થાય બલ્કે દરેક નફ્લી ઈબાદત, જેમ કે નફ્લી નમાઝ, નફ્લી રોઝો, નફ્લી સદકો અને તિલાવત વગેરે દરેક પર આ જાહિલો જેવો સવાલ થશે કે આ સમયે આ દિવસે હુઝૂર ﷺએ આ કામ ક્યારે કર્યું હતું ? સબૂત લાવો !

**★ દુરૂદો સલામ અને અઝાન ★**

અમે અઝાન પહેલાં દુરૂદો સલામ પઢવા પર જીદ કરવાનું છોડી દઈએ છીએ અને આપની સાથે મળી અઝાન બાદ દુરૂદો સલામ પઢીએ છીએ કે જેનો હુકમ હદીષ શરીફમાં છે. હઝરત અબ્દુલ્લાહ અમ્ર બિન આસ رضی الله عنه કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "જ્યારે મુઅઝ્ઝિનનો અવાજ સાંભળો તો તમે પણ એની જેમ કહો પછી મારા પર દુરૂદ પઢો. જેણે મારા પર એક વખત દુરૂદ પઢયું અલ્લાહ તઆલા તેના બદલે તેના પર દસ રહમત નાઝિલ ફર્માવે છે. પછી મારા માટે અલ્લાહથી વસીલાના સ્થળની દુઆ માંગો, તે જન્નતમાં એક એવો દરજ્જો છે જે ખુદાના બંદાઓમાંથી ફક્ત એકની શાન પ્રમાણે હશે અને મને ઉમ્મીદ છે કે તે (હક્કદાર) હું જ છું. જેણે મારા માટે વસીલો માંગ્યો તેના માટે મારી શફાઅત લાઝિમ થશે." *(સહીહ મુસ્લિમ, ભાગ : ૧, પેજ : ૧૮૬, મિશ્કાત–૬૫)*

**★ દુરૂદ શરીફનો ઈન્કાર કરનારા ફસાઈ ગયા ! ★**

જાહેરમાં એ હાહાકાર મચાવવામાં આવે છે કે અઝાન પહેલાં દુરૂદો સલામ જાઈઝ નથી, જો કે આ ઈન્કાર વગર દલીલે જોર મારવું અને ખુલ્લી બિદઅત છે. કેમ કે કુર્આનના મુત્લક (બિનશર્તી) હુકમને શર્તી બનાવવું છે. પરંતુ એહલે સુન્નતે જોઈએ કે કહે, ચાલો ! આ હદીષ પ્રમાણે અઝાન બાદ જ દુરૂદ શરીફ પઢયા કરો.

પરંતુ મુન્કિરો તો કોઈપણ અઝાન બાદ પણ દુરૂદ શરીફ પઢવાનો સખત ઈન્કાર કરે છે ! અને ક્યારેય નથી પઢતા. જાણવા મળ્યું કે પ્રથમ અથવા પાછળની તો વિના કારણે ધમાલ મચાવી રાખી છે, અસલમાં તેઓ દુરૂદો સલામ તથા ઝિક્રે રસૂલ ﷺના જ મુન્કિર છે !

**વાંધો** : અમે અઝાન બાદ દુરૂદો સલામના મુન્કિર નથી, પરંતુ અમે બિલાલી અઝાન ઈચ્છીએ છીએ, એટલે કે દુરૂદ શરીફ દિલમાં વગર લાઉડસ્પીકરે પઢવામાં આવે. તમે સ્પીકર પર પઢો છો અને અમે સ્પીકરના દુરૂદ શરીફથી ઈન્કાર કરીએ છીએ ?

**જવાબ** : જ્યારે બિલાલી અઝાન ઈચ્છો છો તો હઝરત બિલાલ رضی اللہ عنہ જેમ વગર લાઉડસ્પીકરે અઝાન આપ્યા કરો ! તેમણે ક્યારેય સ્પીકર પર અઝાન નથી આપી, આ પણ બિદઅત જ છે ! અને જો તમે સ્પીકરવાળી અઝાન નથી છોડી શકતા તો અમે સ્પીકરી દુરૂદો સલામ પણ નથી છોડી શકતા.

**વાંધો** : આ સ્પીકરી દુરૂદો સલામ ક્યારથી નીકળી છે ?

**જવાબ** : જ્યારથી સ્પીકરી તિલાવત તથા તક઼રીરની બિદઅત નીકળી છે !

**વાંધો** : અમે તો અઝાન બાદ પણ દુરૂદે ઈબ્રાહીમી પઢીશું કે હદીષથી આ જ સાબિત છે !

**જવાબ** : અમે તમને દુરૂદે ઈબ્રાહીમથી ક્યારે રોક્યા છે ?! પરંતુ એ જે તમે કહ્યું કે અઝાન બાદ આ જ દુરૂદ શરીફ સાબિત છે. આ ફક્ત તમે જૂઠુ કહ્યું છે અને જૂઠુ બોલવું તદ્દન બિદઅત છે. આપ અઝાન બાદ પઢવામાં આવતુ દુરૂદ શરીફ દુરૂદે ઈબ્રાહીમી ક઼યામત સુધી સાબિત નથી કરી શકતા. દુરૂદે ઈબ્રાહીમી ફક્ત નમાઝમાં અફઝલ છે અને તેને કોઈ નકારી નથી શકતુ. રહ્યું નમાઝ સિવાય તો લખાણ તથા બયાન બંનેમાં ન તો કોઈ મુહદ્દિષ, ફક઼ીહ, મુફસ્સિર અને ઈતિહાસ લેખક તથા સવાનેહ લખનારે દુરૂદે ઈબ્રાહીમનો આ પ્રમાણે વપરાશ કર્યો છે, ન તે શક્ય છે, આખી ઉમ્મતના બુદ્ધિશાળીઓ **''અલૈહિસ્સલામ, અલૈહિસ્સલાતુ વસ્સલામ, સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.''** વગેરે શબ્દોથી દુરૂદો સલામ પઢે છે અને લખે છે. દુનિયાભરનો કોઈ બલ્કે તમારા ધર્મનો (દેવબંદી) આલિમ જ બતાવી દો જેણે લખાણ અને બયાનમાં દુરૂદે ઈબ્રાહીમીને જરૂરી રાખ્યું હોય ! કોઈ કિતાબ બતાવી દો, પછી મોં માગ્યું ઈનામ અમારાથી મેળવી લો !

**વાંધો** : તો શું દુરૂદે ઈબ્રાહીમીની ફઝીલતનો તમે ઈન્કાર કરો છો ?!

**જવાબ** : જનાબ ફઝીલતનો ઈન્કાર નથી પરંતુ ફક્ત નમાઝમાં અને તેનું કારણ એ છે કે નમાઝમાં **''અસ્સલામુ અલૈક ઐયુહન્નબી''** પહેલાં આવી ચૂક્યું છે અને કુર્આનમાં દુરૂદો સલામ બંનેનો હુકમ છે, તો નમાઝમાં બંને હુકમો પર અમલ થઈ જાય છે, પરંતુ નમાઝ સિવાય ફક્ત દુરૂદે ઈબ્રાહીમીથી કુર્આની હુકમ صَلُّوا પર અમલ થશે અને سَلِّمُوا تَسْلِيمًا પર અમલ નહીં થાય જ્યારે કે الصَّلوٰةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللهِ થી બંને હુકમો પર અમલ થઈ જાય છે.

### ★ આ મનઘડત દુરૂદ છે ?! ★

જી હાં ! એટલા માટે કે આ કુર્આનના હુકમના તદ્દન પ્રમાણે છે : صَلُّوا અને દુરૂદ મોકલો, અમે કહ્યું, الصَّلوٰة سَلِّمُوا ''સલામ મોકલો.'' અમે કહ્યું, وَالسَّلَامُ عَلَيْهِ ''તે નબી પર.'' અમે કહ્યું, عَلَيْكَ يَارَسُوْلَ اللهِ ''હે ઈમાનવાળાઓ ! તે નબી પર દુરૂદ અને ખૂબ સલામ મોકલો.'' અમે કહીએ છીએ : الصَّلوٰةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللهِ ''હે ખુદાના રસૂલ ! આપ પર દુરૂદો સલામ થાય.'' બતાવો ! આ મનઘડત છે કે બિલકુલ કુર્આની હુકમ પ્રમાણે ?!

**વાંધો** : આવુ બનાવ્યું તો તમે જ છે ?

**જવાબ** : જ્યારે અલ્લાહે શબ્દો નક્કી નથી કર્યા. હુઝૂર ﷺએ નમાઝ માટે દુરૂદે ઈબ્રાહીમી બતાવ્યું પરંતુ નમાઝ સિવાય, તેને નિશ્ચિત ન કર્યુ. અમે કુર્આનની મરજી પ્રમાણે પઢી લીધુ.

**વાંધો** : પછી તો તમારું ઘડેલુ જ થયું ?

**જવાબ** : જનાબ ! આ અમારુ ઘડેલુ નહીં પરંતુ આ જ મુક઼દ્દસ દુરૂદ શરીફ છે જે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن આપ ﷺની ખિદમતમાં અર્ઝ કરતા હતા. આ જ તે મુક઼દ્દસ દુરૂદો સલામ છે જે

મુસલમાનો, પથ્થરો, ઝાડો વગેરેમાં રિવાજ પામેલ હતું. જેમ કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે હું મક્કા શરીફમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام સાથે શહેરથી બહાર નીકળ્યો તો સામે જે પણ પહાડ અથવા ઝાડ આવતુ તે આ જ અર્ઝ કરતું : **"અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !"** "હે અલ્લાહના રસૂલ ! આપ પર સલામ." *(તિર્મિઝી શરીફ, દારમી શરીફ, મિશ્કાત શરીફ–૫૪૦, સીરતે ઈબ્ને હિશામ, ભાગ : ૧, પેજ : ૨૩૪)*

**વાંધો** : પછી આ તો પથ્થરો અને ઝાડોનું દુરૂદો સલામ થયું ?

**જવાબ** : (૧) પથ્થરો અને ઝાડોએ તે શબ્દો દ્વારા સરકાર علیہ الصلوٰۃ والسلامને સલામ કરી જેના દ્વારા ફરિશ્તા અને સહાબાએ કિરામ સરકાર ﷺની ખિદમતમાં અર્ઝ કરતા હતા. (૨) પથ્થરો અને ઝાડો તમારા (મુન્કિરો)થી સારા હતા કે ઝિક્રે રસૂલ કરવાવાળા હતા, ઈન્કાર કરતા ન હતા. જનાબ ! પથ્થરો અને ઝાડોમાં કોઈ ગુસ્તાખે રસૂલ ન હતું, ન કાફિર હતું. (૩) જનાબ ! રસૂલે પાક ﷺના સહાબીઓ તે પ્યારા શબ્દોને દિલનું સુકૂન સમજતા હતા જેનાથી આજના તમારી જેવા બદ્‌નસીબ લોકો નફરત કરે છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ કોઈ સફરેથી પરત ફરતા તો નબીએ કરીમ ﷺની કબ્ર મુબારક પર હાજર થઈને કહેતા : "યા રસૂલલ્લાહ ! આપ પર સલામ, અબૂબક્ર આપ પર સલામ, પિતા ! આપ પર સલામ."

## ★ સહાબાએ કિરામનો ફિદાકાર ના'રો ★

ઈમામ મુસ્લિમ પોતાની સહીહમાં ઘણા જ શોખપૂર્વક નબીએ કરીમ ﷺની હિજરત અને મદીના મુનવ્વરામાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના તશરીફ લઈ જવા અને સ્વાગતનો નક્શો આ રીતે દોરે છે : "બધા જ પુરૂષો અને સ્ત્રીઓ મકાનો પર ચઢી ગયાં, બાળકો અને ગુલામો રસ્તાઓ પર વિખેરાઈ ગયાં, બધા જ પુકારતા હતા, **"યા મુહમ્મદહ્ ! યા રસૂલલ્લાહ !"**
*(મુસ્લિમ શરીફ, ભાગ : ૨, પેજ : ૪૨૭)*

હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہની ખિલાફતના સમયમાં નબુવ્વતના જૂઠા દાવેદાર મુસૈલમા કઝ્ઝાબના મુકાબલામાં હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہની સરદારી હેઠળ સહાબાએ કિરામનુ જે લશ્કર મેદાનમાં આવ્યું તેમનો ફોજી નારો "યા મુહમ્મદહ્" હતો. *(અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ : ૬, પેજ : ૩૨૪)*

## ★ વિસાલ બાદ પણ "યા" દ્વારા નિદા (પુકારવું) ★

ખૂદ રસૂલુલ્લાહ ﷺની વફાત બાદ સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَએ ક્રમશઃ રિસાલત મઆબ علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં દુરૂદો સલામ આ રીતે પેશ કર્યું : "હે નબીએ પાક ! (ﷺ) આપ પર સલામ અને અલ્લાહની રહમત અને તેની બરકતો."

બધા જ મુહાજિર અને અન્સારોએ પણ આ જ રીતે સલામ અર્ઝ કરી જેવી રીતે અબૂબક્ર અને ઉમર ફારૂક્ رضی اللہ عنہماએ અર્ઝ કરી. *(અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ : ૫, પેજ : ૨૬૪)*

જોયું તમે ! દુરૂદે ઈબ્રાહીમીની જીદ કરી રહ્યા છો પરંતુ સહાબાએ કિરામએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની વફાત (મૃત્યુ) બાદ પણ તે જ દુરૂદો સલામ પઢયું જે **"અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !"**ના જેવું અને સમાનાર્થી છે.

## ★ હઝરત થૌબાને "યા રસૂલલ્લાહ !"ના મુન્કિરને ધક્કો માર્યો ★

રસૂલુલ્લાહ ﷺના ગુલામ હઝરત થૌબાન رضی اللہ عنہ ફર્માવે છે : હું રસૂલુલ્લાહ ﷺ પાસે ઊભો હતો. એટલામાં યહૂદીઓના આલિમોમાંથી એક મોટો આલિમ (હબ્ર) આવ્યો અને તેણે કહ્યું : "હે મુહમ્મદ ! આપ પર સલામ." મેં તેને એવો ધક્કો માર્યો કે તે પડવા લાગ્યો. તેણે મને પૂછયું, તમે મને ધક્કો કેમ મારો છો ?! મેં કહ્યું, યા રસૂલલ્લાહ ! કેમ નથી કહેતો ?! આ વાત પર તે યહૂદી બોલ્યો, અમે તો તેમને તે જ નામથી પુકારીશું, જે તેમના ઘરવાળાઓએ રાખ્યું છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બેશક ! મારા ઘરવાળાઓએ મારું નામ

મુહમ્મદ રાખ્યું છે. *(સહીહ મુસ્લિમ, ભાગ : ૧, પેજ : ૧૪૬)*

જેમ કે આપ عليه الصلوة والسلام એ વાત લંબાવવું યોગ્ય ન જાણ્યું. પરંતુ હઝરત ષૌબાન رضى الله عنه ના અમલને ગલત ન ઠરાવવું અને તેમને કાંઈપણ ન કહેવું એ તેમના અમલનો ઈક઼રાર છે.

### ★ ફુક઼હાએ કિરામનો ફત્વો ★

હુઝૂરે અક઼દસ ﷺ ના રોઝએ અન્વરની તરફ યોગ્ય અંતરે એવી રીતે ઊભા રહો જેમ કે નમાઝમાં, અને સરકારના રૂપાળા ચહેરાનું તસવ્વુર કરો, જાણો કે હુઝૂર عليه الصلوة والسلام પોતાની ક઼બ્રમાં સૂતેલા છે, આવનારને ઓળખે છે અને તેની સલામ સાંભળે છે. ત્યાર બાદ કહો :–

**''અસ્સલામુ અલૈક યા નબીયલ્લાહ ! વરહ્‌મતુલ્લાહિ વ બરકાતુહૂ''** છેવટ સુધી. *(ફતાવા આલમગીરી, ભાગ : ૧, પેજ : ૨૬૫)*

### ★ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه ★

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه એ પોતાની કિતાબ ''અવરાદે ફતહિય્યા'' જે તેમની કિતાબ ''ઈન્તેબાહ ફીસલાસિલે અવલિયા અલ્લાહ''ની અંતે જોડાયેલી છે તેમાં **''અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ''** વાળુ દુરૂદ શરીફ ૧૭ વિવિધ પ્રકારના શબ્દોમાં લખ્યું છે.

ફર્માવો ! શાહ સાહબ પણ પાકા બિદઅતી હતા ?! જે લક઼બો (બિદઅતી હોવાના) આ જ કારણે તમે એહલે સુન્નતને આપો છો તેનાથી શાહ સાહબને પણ નવાઝશો ?! અને તેમને બિદઅતી કહેશો ? પરંતુ આપના માટે શું અઘરું છે, જે વ્યક્તિ કુર્આનમાં ફેરફાર કરે અને હદીષોનો ઈન્કાર કરી દે તો હઝરત શાહ વલીયુલ્લાહની હૈસિયત તેની સામે શું છે ?!

### ★ તબ્લીગી દેવબંદીઓ માટે ★

મદ્રસા દેવબંદના શૈખુલ હદીષ અને સદર મુદર્રિસ કોંગ્રેસના મોટા ખાદીધારી ગાંધીવાદી લીડર જનાબ હુસૈન અહમદ ટાંડવી (મદની) જણાવે છે :–

''અરબના વહાબી ખબીષોથી વારંવાર સાંભળ્યું છે કે, **''અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !''**ને સખત ના પાડે છે, અને હરમવાળાઓથી આ પુકારવાના કારણે બહુ નફરત કરે છે. અને તેમની મઝાક ઉડાવે છે, અને અયોગ્ય શબ્દો વાપરે છે, જ્યારે કે આપણા મુક઼દ્દસ બુઝુર્ગો આ પ્રકારના અને આવા શબ્દોવાળા દુરૂદ શરીફને ભલે પછી પુકારવા માટે પણ કેમ ન હોય મુસ્તહબ અને સવાબના લાયક સમજે છે અને પોતાના સાથીઓને તેનો હુકમ આપે છે.'' *(અશ્શહાબુષ્ષાક઼િબ, પેજ–૬૫, દેવબંદ)*

હવે ખુદા જ જાણે છે કે આ લોકોના દિલોમાં શું છે અને જીભ વડે શું કહે છે અથવા મુનાફિક઼તથી કામ લે છે. કમસે કમ આજકાલ તો પોતાના સાથી વહાબી ખબીષોથી પણ ચાર ક઼દમ આગળ છે. **اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ**

આજકાલ કહે છે : અઝાન બાદ દુરૂદ શરીફનો કોઈ ઈન્કાર નથી કરતું અને આ મસ્અલો વિવાદાસ્પદ નથી, અમે તો ફક્ત અઝાન પહેલાં જાઈઝ નથી સમજતા, જો કે આ પણ ફક્ત જૂઠ જ છે. સાચી સ્થિતિ તે છે જેને દરેક મુસલમાન માને છે જેનું વર્ણન અલ્લામા ઝૈની દહ્‌લાન رحمة الله عليه એ કર્યું છે.

### ★ મુન્કિરોનો મૂળ હેતુ ★

મુફતીએ મક્કા મુકર્રમા અલ્લામા ઝૈની દહ્‌લાન رحمة الله عليه ફર્માવે છે :–

''વહાબીઓ રસૂલુલ્લાહ ﷺ પર અઝાન બાદ મીનારાઓ પર દુરૂદ પઢવાથી રોકે છે ત્યાં સુધી કે એક નેક દિલ આંધળો મુઅઝ્ઝિન હતો. જ્યારે તેણે અઝાન બાદ રોકવા છતાં રસૂલે કરીમ ﷺ પર દુરૂદ પઢ્યું, તો મુહમ્મદ બિન અબ્દુલ વહ્‌હાબ (નજદી)ના ચમચાઓ તેને પકડી નજદી પાસે લઈ આવ્યા, તેણે તેને ક઼તલ કરી નાખવાનો હુકમ આપ્યો તો તેને ક઼તલ કરી નાખવામાં આવ્યો. *(ફિત્નતુલ વહાબિયા, પેજ : ૭૭)* *(હવાલો : સઆદતુદ્દારૈન, અઝ : અલ્લામા મુહમ્મદ યૂસુફ નબ્હાની رحمة الله عليه)*

*(બરકાતે ખ્વાજા માસિક, ફેબ્રુઆરી–૨૦૧૨)*

# શાને ઈમામુલ અંબિયા

બ ઝબાને અંબિયા عليهم السلام

કાર્યાલય

અલ્લાહકી સર તા બકદમ શાન હૈં યહ
ઈન્સા નહીં ઈન્સાં વો ઈન્સાન હૈં યહ
કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં
ઈમાન યહ કહતા હૈ મેરી જાન હૈં યહ
(આ'લા હઝરત رضی اللہ عنہ)

દરેક ઈમાનવાળાનું એ વાત પર ઈમાન છે કે પોતે દુનિયાના પ્રથમ માનવી હઝરત આદમ عليه السلام ની ઔલાદમાંથી છે. આદમ عليه السلام રબ તઆલાના નબી હતા. તેમના બાદ દુનિયામાં અનેક નબીઓ રસૂલો દુનિયામાં માનવ જાતની હિદાયત માટે તશરીફ લાવતા રહ્યા. છેવટમાં આખરી નબી, સૌમાં શ્રેષ્ઠ શાનવાળા નબી દુનિયામાં ગુમરાહોની હિદાયત માટે, રબની મખ્લૂકને જાલિમોના જુલ્મથી મુક્તિ અપાવવા, મઝલૂમોનો સહારો બનીને, સ્ત્રીઓને તેણીઓના અધિકારો અપાવવા, યતીમો, બેવાઓ, ગુલામોની બેસહારા જિંદગીઓનો સહારો બનીને તેમના મુરઝાયેલા ચહેરાઓને ખીલવવા, જેહાલતમાં ડૂબેલી માનવ જાતને ઈલ્મની રોશનીથી માલામાલ કરવા, ખૂના મરકીમાં ખોવાયેલી કૌમને માનવ જાતનો રક્ષક બનાવવા, દુનિયામાં અમ્નો અમાન તથા ખુશીઓની બહાર ફેલાવવા....આપણા પ્યારા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ૧૨ રબીઉલ અવ્વલના રોજ સુબ્હ સાદિકના સમયે દુનિયામાં તશરીફ લાવે છે. હઝરત આમિના رضی اللہ عنہا ની ગોદમાં નબુવ્વતનો નૂરાની સૂરજ દુનિયાને નૂરથી જગમગાવવા જલ્વાગર થાય છે. રસૂલે ખુદા صلی اللہ علیہ وسلم ની શાનમાં આપણી ગુનાહથી ખરડાયેલી ઝબાનની શું હૈષિયત કે તેમની પ્રશંસા ખૂબીઓ જે તેમને તેમના રબે અર્પણ કરી તેના વિશે કાંઈ વાતચીત કરે, આવો ! આજે આપણે અલ્લાહના ચહીતા નબીઓ રસૂલોની ઝબાની જ હબીબે ખુદા صلی اللہ علیہ وسلم ની શાનને સમજવા પ્રયત્ન કરીએ.

**★ હઝરત આદમ عليه السلام ની ઝબાની શાને મુસ્તફા صلی اللہ علیہ وسلم ની ગવાહી ★**

હઝરત આદમ عليه السلام એ દુનિયાથી પર્દો કરતાં પહેલાં પોતાના પુત્ર અલ્લાહના નબી હઝરતે શીશ عليه السلام ને વસિય્યત ફર્માવી હતી કે જયારે તમારી ઉપર કોઈ પ્રકારની મુસીબત આવે તો જનાબ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ના વસીલાથી દુઆ કરશો, ઈન્શાઅલ્લાહ ! બહુ જલ્દી તમને મુકિત પ્રાપ્ત થશે. આપે અરજ કરી, વાલિદ સાહબ ! જનાબ મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم કોણ છે ? ફર્માવ્યું, મારી ઔલાદમાંથી થશે. ત્યાર બાદ આપની ખૂબીઓ ગણાવી અને આપની પેદાઈશની જગાની ખબર આપી. હઝરત શીશ عليه السلام એ અરજ કરી કે આપને શી રીતે જાણ થઈ કે તેમનુ નામ મુસીબતો ટાળવામાં અકસીર છે ? આપે ફર્માવ્યું, મને તેનો અનુભવ થયો છે કે જ્યારે મેં ઘઉં ખાઈ લીધો અને મને જમીન પર ઉતારવામાં આવ્યો, તો મેં તેની માફી માટે અને તૌબા કબૂલ થવા માટે ૩૦૦ વર્ષ સુધી રૂદન કર્યુ, પરંતુ અલ્લાહ તબારક વ તઆલા તરફથી કોઈ જવાબ ન મળ્યો. અંતે મારા દિમાગમાં એ ખયાલ આવ્યો કે મેં આંખ ખોલવાની સાથે અર્શે આ'ઝમ પર રબના નામની સાથે એક બીજુ નામ પણ જોયુ હતું : لَا إِلٰهَ إِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَسُولُ اللّٰهِ

મેં અરજ કરી હતી કે અય અલ્લાહ ! તારા મુકદ્દસ નામની સાથે આ કોનુ નામ છે જેને તારા અર્શ પર જગા આપવામાં આવી છે ? ફર્માવવામાં

આવ્યું, અય આદમ ! આ તેનુ નામ છે કે જો તે ન હોત તો તમે પણ વજૂદમાં ન આવત.

હઝરત આદમ عليه السلام ફર્માવે છે કે મેં વિચાર્યું, હું તે બરકતવાળા નામના વસીલાથી તૌબા કરીશ. ત્યાર બાદ મેં આપના મુબારક નામના વસીલાથી દુઆ કરી તો મારી દુઆ ક઼બૂલ કરી લેવામાં આવી, અને મને માફી આપવામાં આવી. બેટા ! ત્યારથી મારો એ તરીકો બની ગયો છે કે જે જરૂરત રબથી હોય છે તેમાં આપના નામના વસીલાથી દુઆ કરું છું તો તે મને આપવામાં આવે છે. તો તમે પણ તે નામના વસીલાથી દુઆ કરશો તો તમારી દુઆ કબૂલ કરવામાં આવશે અને તમારી જરૂરત પૂરી થશે. *(મવાઈઝે નઈમિયા, ભાગ–૩)*

હઝરત આદમ عليه السلامએ આંખ ખોલતાં જ અર્શે આ'ઝમ પર રબના નામની સાથે મુહમ્મદ ﷺનું નામ જોયું અને તેમના વસીલાથી દુઆ કરી તો આપની તૌબા ક઼બૂલ થઈ. તો **હે આદમ عليه السلامની ઔલાદ ! તું કયા મોઢે રસૂલુલ્લાહ ﷺની બરાબરીનો દાવો કરી શકે છે ?!** અલ્લાહે તેમને આટલો મહાન મર્તબો આપ્યો છતાં **પોતાને નબી પાક ﷺના ઉમ્મતી કહેનાર વહાબી દેવબંદી** પોતાની કિતાબમાં નબી પાક ﷺની શાનને ઉતારી પાડવા માટે લખે છે કે : "જેનું નામ મુહમ્મદ (સલ.) કે અલી (રદિ.) છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી." *(તકવિયતુલ ઈમાન, લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, ગુજરાતી, પેજ–૧૦૯, પ્રકાશન–૯૬, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા–ભરૂચ, એડિશન, ૧૯૮૯)*

એક ઠેકાણે લખે છે : **"સઘળા અંબિયા તથા અવલિયા** એની (અલ્લાહની) આગળ (સમક્ષ) **એક તુચ્છ રજકણ કરતાંય વધુ તુચ્છ** છે." *(પેજ–૧૪૦)*

બીજે ઠેકાણે એ જ કિતાબમાં લખે છે : "સઘળા માનવીઓ આપસમાં ભાઈ ભાઈ છે. જે મોટો બુઝુર્ગ હોય એ મોટો ભાઈ છે. એ કારણે **મોટા ભાઈ જેવું એનું માન સન્માન કરવું જોઈએ.... અવલિયા, અંબિયા, ઈમામો, ઈમામપુત્રો, પીરો, શહીદો વગેરે** જેટલાય અલ્લાહના મુક઼ર્રબ બંદાઓ છે તે સઘળાં ઈન્સાનો જ છે અને **અલ્લાહના વિવશ (લાચાર) બંદાઓ** તથા **આપણા ભાઈઓ** છે, પણ અલ્લાહે તેમને મોટાઈ અર્પણ કરેલી છે એટલે **તેઓ આપણા મોટાભાઈ ઠર્યા.** *(તકવિયતુલ ઈમાન, લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, ગુજરાતી, પેજ–૧૫૦, ૧૫૧, પ્રકાશન–૯૬, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા–ભરૂચ, એડિશન, ૧૯૮૯)*

અલ્લાહના નબી હઝરત આદમ عليه السلامનો અક઼ીદો જુઓ અને આ વહાબી દેવબંદીઓનો અક઼ીદો જુઓ ! કેટલી બેશરમીની સાથે અલ્લાહના રસૂલને પોતાના ભાઈ કહે છે, બલ્કે મોટા ભાઈ જેટલી જ તેમની તાઝીમ કરવા કહે છે ! શું નબીપાક ﷺથી મહોબ્બત જેના દિલમાં હોય તેની આ બોલી હોઈ શકે છે ?! જેથી હે સુન્નીઓ ! સમજો અને વહાબી દેવબંદીઓથી દોસ્તી, સગાઈ, ઉઠક બેઠક છોડો ! જો ખરેખર તમે રસૂલુલ્લાહના ચાહનારા હોવ તો ! આવો ! અલ્લાહના મહાન પયગંબરો રસૂલો રબના આખરી નબી પાક મુહમ્મદ મુસ્તફા ﷺની કેવી તાઝીમ કરતા હતા તે જુઓ ! જો તમે ખરેખર રસૂલે ખુદા ﷺના આશિક઼ છો તો નબીના ગુસ્તાખોથી નફરત કરો, તેમનાથી દૂર રહો અને તમારા ઈમાનને બચાવો.

### ★ હઝરત સુલૈમાન عليه السلام અને તાઝીમે નબી ﷺ ★

*તફસીરે રૂહુલ બયાનમાં છે : એક વખત*

હઝરત સુલૈમાન عليه السلام દુનિયાના પ્રવાસે નીકળ્યા, અલ્લાહ તઆલા તરફથી આપને એ અધિકાર આપવામાં આવ્યો હતો કે આપનું તખ્ત (સિંહાસન) હવામાં ઉડતુ હતું અને આપના આદેશ હેઠળ ચઢતું ઉતરતું હતું. આપના તખ્તના એક કિનારે જિન્નાતો બેસેલા હતા અને બીજા કિનારે માણસો બેસતા હતા. પ્રવાસ દરમ્યાન આપ જયારે મકકા અને મદીનાની સરહદ અને સીમાથી નિકટ થયા તો આપે તખ્તને નીચે ઉતાર્યુ અને અનુયાયીઓએ હુકમનું પાલન કર્યુ અને તે જંગલ પાર કર્યા બાદ ફરી તખ્ત પર બેસી પ્રવાસનો આરંભ કર્યો. અનુયાયીઓએ અરજ કરી, અય અલ્લાહના નબી ! આપણે દુનિયાનો પ્રવાસ કરી રહ્યા છીએ અને તખ્ત પર બેસીને જ કરી રહ્યા છીએ, પરંતું આ જંગલને આપે પગપાળા પાર કરવાનો આદેશ ફર્માવ્યો, એવું કેમ ? તો આપે રહસ્ય જાહેર કરતાં ઈર્શાદ ફર્માવ્યો, **અય મારા અનુયાયીઓ ! આ જમીનના અદબને લઈને મેં તમને આ હુકમ આપ્યો હતો.** અરજ કરી, હુઝૂર ! જંગલનો અદબ શા કારણથી ? આપે ફર્માવ્યું, હાલ તો આ જંગલ છે પરંતુ એક જમાનો આવશે જયારે અહિંયા વસ્તી થશે. તેનુ નામ મદીના મુનવ્વરા હશે. **તેમાં અલ્લાહના અંતિમ નબી હિજરત કરીને આવશે અને પછી ત્યાં જ રહેશે અને ત્યાં જ વફાત પામશે અને તેમને ત્યાં જ દફન કરવામાં આવશે.** અને દુનિયાના લોકો ત્યાં આપના મઝારની ઝિયારત માટે પધરામણી કરશે. લોકોએ અરજ કરી કે તેમનું નામ શું હશે ? અને તેમના ગુણો કેવા હશે ? તો આપે ફર્માવ્યું, તેમનું નામ અહમદ અને મુહમ્મદ હશે, અને ત્યારબાદ વિગતવાર આપના ગુણો (ખૂબીઓ) બયાન ફર્માવ્યા. કોઈએ અરજ કરી કે આપની પેદાઈશ કયારે થશે ? આપે ફર્માવ્યું, એક હજાર વર્ષો બાદ.

આપના અનુયાયીઓમાંથી એક વ્યકિતનું નામ તબઅ હતું તે આપ صلى الله عليه وسلم નો વગર દેખે આશિક઼ થઈ ગયો અને તે જ જંગલમાં આવી વસી ગયો એ ઉમ્મીદ પર કે બની શકે કે મને લાંબી ઉમર આપવામાં આવે અને મારી તેમની સાથે મુલાકાત થઈ શકે, કારણ કે તે જમાનામાં લોકોની ઉમર ઘણી લાંબી થતી હતી.

મક્કા શરીફ કૌમે જુરહુમથી આબાદ થયું હતું. તેમણે પ્રવાસ દરમિયાન જયારે ઝમઝમનું પાણી જોયું તો ત્યાં વસી ગયા. અને મદીના શરીફ કૌમે તબઅથી આબાદ થયું જેનો ઉલ્લેખ તમારી ખિદમતમાં રજૂ કરવામાં આવ્યો.

જે નબીપાક صلى الله عليه وسلم ના ગુણગાન નબીઓ ગાય છે તેમના વિશે આ બદ અક઼ીદા વહાબી દેવબંદીઓ લખે છે કે : આ વાત ખાત્રીપૂર્વક જાણી લેવી જોઈએ કે દરેક માણસ ચાહે તે **મહાનથી મહાન ઈન્સાન** (એટલે રસૂલુલ્લાહ) હોય કે નિકટવર્તી ફરિશ્તો, અલ્લાહ તઆલાની ઉચ્ચ શાનની સામે તો એની હેસિયત એક **''ચમારથી પણ ઉતરતી''** કક્ષાની છે. *(તકવિયતુલ ઈમાન ગુજરાતી, પેજ–૪૪, દારુલ ઉલૂમ, કંથારીયા–ભરૂચ, એડિશન–૧૯૮૯)*

શું કોઈ સહાબીનો, કોઈ વલીનો આવો અક઼ીદો હતો ?! અલ્લાહના રસૂલ صلى الله عليه وسلم ની શાન આ રીતે કોઈ નબી, સહાબી, વલીએ વર્ણવી છે ખરી ?! શું સિદ્દીક઼ે અકબર તેમજ હઝરત ઉમર, હઝરત ઉષ્માન, હઝરત અલી رضوان الله تعالى عليهم اجمعين નો આવો અક઼ીદો હતો કે અલ્લાહની શાન સામે નબીની હૈસિયત **ચમારથી પણ ઉતરતી !** છે ?! નહીં ! અને હરગિઝ નહીં ! તો તમારામાં ઈમાની ગૈરત હોય તો આવા બદબખ્ત ગુસ્તાખોથી દૂરી અપનાવો.

## ★ હઝરત ઈસા તથા મૂસા عليهما السلام થકી નબીઓના સરદાર વિશે બશારત ★

ઈન્જીલમાં છે : એક વખતે હઝરત ઈસા

عليه السلام એ વાઈઝ કરી. આપના સુંદર બયાનથી લોકોની આંખોથી અશ્રુવર્ષા થવા લાગી. દિલમાં ઉમ્મીદ અને ખૌફનો દરિયો મોજાં મારવા લાગ્યો. એક ઔરતે ઉભા થઈને અરજ કરી, અય મસીહ (ઈસા) ! عليه السلام મુબારક છે તે માતા જેની છાતીથી તમે દૂધ પીધું, બરકતવાળો છે તે ખોળો હે મસીહ ! જેમાં તમે રમ્યા.

ઔરતની વાત સાંભળીને આપે ફર્માવ્યું કે મારી માતા જરૂરથી બરકતવાળાં છે, પરંતુ દુનિયામાં એક મારી માતાથી વધીને બરકતવાળી ઔરત આવવાની છે જેના ખોળામાં નબીઓના સરદાર અંતિમ નબી રમશે. તે ઔરતે અરજ કરી કે તેઓ કોણ હશે અને તેમના ગુણો કેવા હશે ? તો આપે નામ અને ગુણો (ખૂબીઓ) બયાન ફર્માવ્યાં.

ઈન્જીલમાં બીજી જગાએ છે કે હઝરત ઈસા عليه السلام એ હિકમતોથી ભરપૂર બયાન ફર્માવ્યું તો હાજરજનોમાંથી કોઈએ અરજ કરી અય મસીહ ! તમે તે જ છો જેની બશારત અને ખુશખબરી હઝરત મૂસા عليه السلام એ સંભળાવી હતી અને જેમની ચર્ચા સમગ્ર જગતમાં થઈ રહી છે ? આપે ફર્માવ્યુ, હું તે નથી અને મારામાં તેમનું કોઈ નથી, તેઓ તો મારા પછી આવવાના છે. ત્યારે કોઈએ અરજ કરી કે તેમનું નામ શું હશે ? તો આપે ફર્માવ્યું, તેમનું નામ અહમદ અને મુહમ્મદ હશે અને પછી તેમના ગુણ (ખૂબીઓ) બયાન કર્યા. આપની વાત સાંભળીને લોકો કહેવા લાગ્યા કે, હે અહમદ ! આવો ! હે મુહમ્મદ ! આવો !

## ★ આલમે અરવાહ (રૂહોની દુનિયા)માં શાને રિસાલત કોન્ફરન્સ ! ★

કુર્આને પાકમાં છે : "અને હે મહબૂબ ! યાદ કરો જયારે તમારા પરવરદિગારે આદમની ઔલાદની પીઠોમાંથી તેમનો વંશ કાઢયો અને તેમને પોતાને એના પર સાક્ષી બનાવ્યા, શું હું તમારો રબ નથી ? બધા બોલ્યા, કેમ નહી ? અમે સાક્ષી બન્યા, કે ક્યાંક કિયામતના દિવસે કહો કે અમને એની ખબર નથી." *(સૂ. અઅ્‌રાફ, ૭/૧૭૨)*

આ આયતે કરીમાથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ રૂહોને આ દુનિયામાં મોકલતા પહેલાં આલમે અરવાહમાં રાખી હતી. અને ત્યાં તેમનાથી અહદ અને વચન લીધુ હતું.

આલમે અરવાહમાં એક બીજુ પણ વચન લેવામાં આવ્યું હતું પરંતુ તે બધી જ રૂહોથી નહીં માત્ર અંબિયાએ કિરામથી કે અંતિમ નબી પર ઈમાન રાખશો અને તેમની મદદ માટે તત્પર રહેશો. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

"અને યાદ કરો જ્યારે પૈગમ્બરો પાસેથી એમનુ વચન લીધું, જો હું તમને કિતાબ અને હિકમત આપું પછી તમારી પાસેથી તે રસૂલ પધારે જે તમારી (ઉપર ઉતરેલી) કિતાબોની સત્યતા જાહેર કરે તો તમે જરૂર જરૂર તેના પર ઈમાન લાવશો અને જરૂર જરૂર તેની મદદ કરશો. ફર્માવ્યું, શું તમે સ્વીકાર કર્યો ? અને એના પર મારી ભારે જવાબદારી લીધી ? બધાએ વિનંતી કરી, અમે સ્વીકાર કર્યો. ફર્માવ્યું, તો એક બીજા પર સાક્ષી બની જાવ અને હું પોતે તમારી સાથે સાક્ષીઓમાં છું." *(સૂ. આલે ઈમરાન, ૩/૮૧)*

હઝરત અલી رضي الله عنه એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત આદમ عليه السلام અને તેમના પછી જેમને નબુવ્વત અતા કરી તે બધા પાસેથી હુઝૂર ﷺ વિશે વચન લીધું. અને તે નબીઓએ પોતાની ઉમ્મત પાસેથી વચન લીધાં કે તેમની હયાતમાં હુઝૂર ﷺની નબુવ્વત જાહેર થાય તો આપના ઉપર ઈમાન લાવશો અને આપની મદદ કરશો. આનાથી સાબિત થયું **હુઝૂર ﷺ બધા અંબિયામાં સહુથી સર્વ શ્રેષ્ઠ છે** કારણ કે તેમનાથી અલ્લાહ તઆલાએ વચન લીધું. અલ્લાહ

તઆલાએ આલમે અરવાહમાં એક વચન પોતાના માટે લીધું અને એક વચન મહબૂબ પ્યારા ﷺ માટે લીધું જેથી અલ્લાહને રબ માને અને મુહમ્મદ ﷺને અલ્લાહના મહબૂબ માને. તો આ વચન પ્રમાણે તમામ નબીઓએ નબી આખેરૂઝ્ઝમાંની પધરામણી કરવાની બશારત સંભળાવી, અને તેમનાથી પણ વચન લીધુ કે તેમના પર ઈમાન ઈમાન લાવશે અને મદદ માટે તત્પર રહેશે.

## નબી કરીમ ﷺના મર્તબાને રબ સિવાય કોઈ નથી જાણતું ! ★

પ્યારા દીની ભાઈઓ ! હુઝૂર નબી કરીમ ﷺના મર્તબાને આપણે શું જાણી શકીએ જ્યારે કે ખુદ નબી કરીમ ﷺએ પોતાની હકીકત વિશે ઉલ્લેખ કરતાં નબીઓ બાદ સૌથી અફઝલ હસ્તી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને કહ્યું :–

يَا اَبَابَكْرٍ وَالَّذِىْ بَعَثَنِىْ بِالْحَقِّ لَمْ يَعْلَمْنِىْ حَقِيقَةً غَيْرُ رَبِّىْ

"હે અબૂ બક્ર ! કસમ તે જાતની જેણે મને હક્કની સાથે મોકલ્યો ! **મારી હકીકત મારા રબ સિવાય કોઈ નથી જાણતુ.**" એટલા માટે હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ આપની પ્રશંસા કરતાં કરતાં છેવટે કહી આપ્યું કે, "બઅદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તર" રબના પછી સૌથી મહાન કોઈ હોય તો તો તે રસૂલે ખુદા ﷺની જાત છે. આ'લા હઝરત મુજદ્દિદે મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ જિબ્રઈએ અમીનનું મંતવ્ય આ શબ્દોમાં રજૂ કર્યું :–

*યહી બોલે સિદરાવાલે ચમને જહાં કે થાલે*
*સભી મૈંને છાન ડાલે તેરે પાયેકા ન પાયા*
*તુઝે યકને યક બનાયા – તુઝે યકને યક બનાયા*

સાબિત થયું કે જેમને રસૂલે પાક ﷺથી મહોબ્બત છે તેઓ સૌ, રબ તઆલા ખુદ તથા તેના ફરિશ્તા, અંબિયા તથા સહાબા, અવલિયા.... સૌ આપની આ'લા શાન દર્શાવી રહ્યા છે, જ્યારે જેમના દિલમાં રસૂલે ખુદા ﷺથી મઆઝલ્લાહ ! કીનો છે, દુશ્મની છે તેઓ નબીયલ્લાહ ﷺ માટે હલકા શબ્દો વાપરી રહ્યા છે. તો એવા ગુસ્તાખે નબી વહાબી, દેવબંદી વગેરેથી પોતે પણ દૂર રહો અને ઔલાદને પણ સાવચેત કરો એમાં જ આપણી ભલાઈ છે, કેમ કે :–

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ*
*લિલ્લાહિલ હ્મ્દ મૈં દુન્યા મુસલમાન ગયા*

*(બરકાતે ખ્વાજા માસિક, ઓકટોબર–૨૦૨૨)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **પાલેજ** : મુકામે અમારા મુહિબ્બે ગિરામી જનાબ જાવેદભાઈના વાલિદ સાહબ ઐયૂબ આદમ પટેલનો ૮૨ વરસની વયે તા. ૨–૬–૨૦૨૫, ૫–ઝીલ હજ્જ હિ.સ. ૧૪૪૬ સોમવારના રોજ ઈન્તેકાલ થયો છે. ❒ **દયાદરા** : ખાતે તા. ૧૯–૬–૨૦૨૫ જુમેરાત, ૨૨–ઝીલ હજ્જ હિ.સ. ૧૪૪૬ના રોજ જનાબ હાફિઝ મુસ્તુફા કાપડીયા (પેશ ઈમામ આયશા મસ્જિદ–દયાદરા)નાં અહલિયા મુમતાઝબેન કાપડીયાનો ઈન્તેકાલ થયો. તથા તા. ૨–૭–૨૦૨૫ બુધવાર, ૬–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૪૭ના રોજ રૂકસાના બેન અલી ખલીફાનો ઈન્તેકાલ થયો. રાત્રે ૧૦ વાગે દફનવિધિ કરવામાં આવી. તથા તા. ૧૦–૭–૨૦૨૫ જુમેરાત, ૧૪–મુહર્રમ હિ.સ. ૧૪૪૭ના રોજ મુબારક મૂસા લાંગ્યાનો ઈન્તેકાલ થયો. બપોર ૩:૩૦ કલાકે દફનવિધિ કરવામાં આવી. ❒ **બોલ્ટન** : (યુ.કે) ખાતે ઉમરજી અસ્માલ મુહમ્મદ સાપાવાળાનો ૯૨ વરસની વયે તા. ૧૬–૭–૨૦૨૫, ૨૦–મુહર્રમુલ હિ.સ. ૧૪૪૭ના રોજ ઈન્તેકાલ કરી ગયા. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન) –(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*